BAOU
Education
for All

# ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી

(ગુજરાત સરકાર દ્વારા સ્થાપિત)

દ્વિતીય વર્ષ BA અર્થશાસ્ત્ર

પેપર ૪ (મુખ્ય તથા ગૌણ)

ECOM 204/ ECOS 204

## ગુજરાતનું અર્થતંત્ર



# ગુજરાતનું આધાર માળખું 3

# સ્વાધ્યાયનું અજવાળું

ભારતના સંવિધાનના સર્જક ભારતરત્ન ડૉ.બાબાસાહેબ આંબેડકરની પાવન સ્મૃતિમાં ગરવા ગુજરાતમાં ગુજરાત સરકાર શ્રી એ ઇ.સ. 1994 માં યુનિવર્સિટી ગ્રાન્ટ કમિશન અને ડિસ્ટન્સ એજ્યુકેશન કાઉન્સિલની માન્યતા મેળવી અમદાવાદમાં ગુજરાતના એકમાત્ર મુક્ત વિશ્વ વિદ્યાલય ડૉ.બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીની સ્થાપના કરી છે.

ડૉ. બાબાસાહેબ આંબેડકરની ૧૨૫મી જન્મજયંતિના અવસરે જ ગુજરાત સરકાર દ્વારા યુનિવર્સિટી માટે અદ્યતન સગવડતા સાથે, શાંત જગ્યા મેળવી, જ્યોતિર્મય પરિસરનું નિર્માણ કરી આપ્યું. BAOUના સત્તામંડળે પણ યુનિવર્સિટીના આગવા ભવિષ્ય માટે ખૂબ સહયોગ આપ્યો, આપતા રહે છે.

શિક્ષણ એટલે માનવમાં થતું મૂડીરોકાણ, શિક્ષણ લોકસમાજની ગુણવત્તા સુધારવામાં અધિક ફાળો આપી શકે છે. અહીં મને સ્વામી વિવેકાનંદનું શિક્ષણ વિષયક દર્શન યાદ આવે છે : 'જેનાથી ચારીત્ર્ય ઘડતર થાય, માનસિક ક્ષમતાનું નિર્માણ થાય, જેનાથી બૌદ્ધિક વિકાસ સાધી શકાય અને જેના થકી વ્યક્તિ પગભર બની શકે તેને શિક્ષણ કહેવાય.'

ડૉ.બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી શિક્ષણમાં આવા ઉમદા વિચારને વરેલી છે. તેથી વિદ્યાર્થીઓને ગુણવત્તાયુક્ત, વ્યવસાયલક્ષી, જીવનલક્ષી, શિક્ષણની સગવડ ઘરે બેઠા મળી રહે એવા પ્રયત્નો મક્કમ બની કરે છે.બહોળા સમાજના લોકોને ઉચ્ચશિક્ષણ પ્રાપ્ત થાય, છેવાડાના માણસોને ઉત્તમ કેળવણી એમના રોજિંદા કામો કરતા પ્રાપ્ત થતી રહે. વ્યવસાયિક લોકોને આગળ ભણતરની ઉત્તમ તક સાંપડે અને જીવનમાં પોતાની ક્ષમતાઓ, કૌશલ્યોને પ્રગટ કરી સારી કારકિર્દી ઘડે, સ્વાવલંબી બની ઉત્તમ જીવન જીવતાં સમાજ અને રાષ્ટ્ર નિર્માણમાં પોતાનું પ્રદાન આપેએ માટે પ્રયાસરત છે.

'સ્વાધ્યાયઃ પરમં તપઃ' સૂત્રને ઓપન યુનિવર્સિટી એ કેન્દ્રમાં રાખીને અહી પ્રવેશ કરતા છાત્રોને સ્વ અધ્યયન માટે સરળતાથી સમજાય એવો ગુણવત્તાલક્ષી શૈક્ષણિક અભ્યાસક્રમ ઉપલબ્ધ કરવી આપે છે. દરેક વિષયની પાયાની સમજણ મળે તેની કાળજી રાખવામાં આવે છે. વિદ્યાર્થીઓને રસ પડે અને રુચિ કેળવાય તેવો પાઠ્યપુસ્તકો નિષ્ણાંત અધ્યાપકો દ્વારા તૈયાર કરવામાં આવે છે. દૂરવર્તી શિક્ષણ પ્રાપ્ત કરવા ખેવના રાખતા કોઈપણ ઉંમરના છાત્રોને માટે અભ્યાસ સામગ્રી તૈયાર કરવા માટે શિક્ષણવિદો સાથે પરામર્શન કરવામા આવે છે. એ પછી જ માળખુ રચી, અભ્યાસ સામગ્રી તૈયાર કરી પુસ્તક સ્વરૂપે છાત્રોના કરકમળોમાં આપે છે. જેનો ઉપયોગ કરીને વિદ્યાર્થી સંતોષપ્રદ અનુભવ કરી શકે છે.

યુનિવર્સિટીના તજજ્ઞ અધ્યાપકો ખૂબ કાળજીથી આ અભ્યાક્રમોનું લેખન કરે છે. વિષય નિષ્ણાંત પ્રોફેસરો દ્વારા એમનું પરામર્શન થાય પછી જ પરિણામલક્ષી અભ્યાસ સામગ્રી યુનિવર્સિટીના વિદ્યાર્થીઓને પહોંચે છે. ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી જ્ઞાનનું કેન્દ્રબિંદુ બની રહી છે. વિદ્યાર્થીઓને 'સ્વાધ્યાય ટેલિવિઝન', 'સ્વાધ્યાય રેડિયો' જેવા દૂરવર્તી ઉપાદાનો થકી પણ એમના ઘરમાં શિક્ષણપહોંચાડવાનો પુરુષાર્થ થઈ રહ્યો છે. ઉમદા હેતુ, શ્રેષ્ઠ ધ્યેયને આંબવા પરિશ્રમરત યુનિવર્સિટીના જ્ઞાનની પરબમાં અધ્યાપકો તેમજ કર્મઠ કર્મચારીગણને અભિનંદન અને અમારી યુનિવર્સિટીના વિદ્યાર્થીઓ સફળ થવા ખૂબ મહેનત કરી, જીવન સફળ કરવાની સાથે જીવન સાર્થક કરે એવી પરમેશ્વરને પ્રાથના કરું છું.

અસ્તુ !


પ્રો. (ડૉ.) અમી ઉપાધ્યાય

કુલપતિ

ડૉ.બાબાસાહેબઆંબેડકરઓપનયુનિવર્સિટી,

જ્યોતિર્મયપરિસર સરખેજ-ગાંધીનગર હાઈવે

છારોડી, અમદાવાદ.

સંપાદકઃ
પ્રો. ડૉ. અમી ઉપાધ્યાય, નિયામક, સ્કૂલ ઓફ હ્યુમેનિટીઝ એન્ડ સોસિયલ સાયન્સીસ, કુલપતિ, ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ
ડૉ. કૃતિ છાયા, આસિસ્ટન્ટ પ્રોફેસર, અર્થશાસ્ત્ર, ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી. અમદાવાદ
જીવરાજ ઝાંપડિયા, આસિસ્ટન્ટ પ્રોફેસર, અર્થશાસ્ત્ર, ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ

વિષય સમિતિઃ
ડૉ. કૃતિ છાયા, આસિસ્ટન્ટ પ્રોફેસર, અર્થશાસ્ત્ર, ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ
ડૉ. ગીતા પંડ્યા, પ્રિન્સિપાલ (નિવૃત્ત), સરકારી વિનયન કોલેજ, કે. કે. શાસ્ત્રી શૈક્ષણિક સંકુલ, મણિનગર, અમદાવાદ.
ડૉ. ગૌરાંગ રામી, પ્રોફેસર, અર્થશાસ્ત્ર વિભાગ, વીર નર્મદ, સાઉથ ગુજરાત યુનિવર્સિટી, સુરત

વિષય પરામર્શનઃ
ડૉ. જી.ડી.ત્રિપાઠી, પ્રિન્સિપાલ, સી. એન. આર્ટસ એન્ડ બી. ડી. કોમર્સ કોલેજ, કડી, મહેસાણા
ડૉ. રોહિત દેસાઇ,ડી.ડી.ઠાકર આર્ટસ એન્ડ કે.જે.પટેલ કોમર્સ કોલેજ,ખેડબ્રહ્મા

લેખનઃ
ડૉ. ભાવેશ દેસાઈ, આસિસ્ટન્ટ પ્રોફેસર અર્થશાસ્ત્ર વિભાગ, એમ. કે. ભાવનગર યુનિવર્સિટી,ભાવનગર
ડૉ. શૈલેશ બી ચાવડા આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ,પોરબદાર

ભાષા પરામર્શનઃ
ડૉ.પૂર્વી ઓઝા, એસોસિએટ પ્રોફેસર, ગુજરાતી વિભાગ, સરકારી વિનયન કોલેજ, જાદર
પ્રો. ડૉ. યોગેન્દ્ર પારેખ, ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ
ધીરજ પી ગોહિલ, આસિસ્ટન્ટ પ્રોફેસર, સરકારી વિનયન અને વાણિજ્ય કોલેજ, કઠલાલ

પ્રકાશકઃ
ડૉ. ભાવિન ત્રિવેદી, કુલસચિવ (કાર્યકારી), ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી

**ISBN: 978-93-91468-43-9**

**: સર્વાધિકાર સુરક્ષિત :**

આ પાઠ્યપુસ્તક ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીના ઉપક્રમે વિદ્યાર્થીલક્ષી સ્વ-અધ્યયન હેતુથી દૂરવર્તી શિક્ષણના ઉદ્દેશને કેન્દ્રમાં રાખી તૈયાર કરવામાં આવેલ છે. જેના સર્વાધિકાર સુરક્ષિત છે. આ અભ્યાસક્રમ-સામગ્રીનો કોઇ પણ સ્વરૂપમાં ધંધાદારી ઉપયોગ કરતાં પહેલાં ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીની લેખિત પરવાનગી લેવાની રહેશે.

This publication is made available under a Creative Commons Attribution-NonCommercial-ShareAlike 4.0 International (CC BY-NC-SA 4.0)
https://creativecommons.org/licenses/by-nc-sa/4.0/

All rights reserved. No part of this work may be reproduced in any form, by mimeograph or any other means without permission in writing from Dr. Babasaheb Ambedkar Open University, Ahmedabad. While all efforts have been made by editors to check accuracy of the content, the representation of facts, principles, descriptions and methods are that of the respective module writers. Views expressed in the publication are that of the authors, and do not necessarily reflect the views of Dr. Babasaheb Ambedkar Open University. All products and services mentioned are owned by their respective copyrights holders, and mere presentation in the publication does not mean endorsement by Dr. Babasaheb Ambedkar Open University. Every effort has been made to acknowledge and attribute all sources of information used in preparation of this learning material. Readers are requested to kindly notify missing attribution, if any.

# વિભાગ

# 3

# ગુજરાતનું આધાર માળખું


| | |
|---|---|
| એકમ-10 ગુજરાતમાં શિક્ષણ | 7 |
| એકમ-11 ગુજરાતમાં સ્વાસ્થ્ય સુવિધાઓ | 27 |
| એકમ-12 પરિવહન સુવિધાઓ | 49 |
| એકમ-13 સંદેશાવ્યવહાર અને બેંકિંગ | 61 |

## દ્વિતીય વર્ષ બીએ(મુખ્ય અને ગૌણ)

## પેપર 4 - ગુજરાતનું અર્થતંત્ર

| એકમ સંખ્યા | એકમનું નામ | સમાવિષ્ટ મુદ્દાઓ |
|---|---|---|
| 1 | પ્રાદેશિક અર્થશાસ્ત્ર-I | પ્રદેશ એટલે શું?, પ્રાદેશિક અર્થતંત્રના અભ્યાસનું મહત્વ |
| 2 | પ્રાદેશિક અર્થશાસ્ત્ર-II | પ્રદેશોના જુદાજુદા પ્રકારો, પ્રાદેશિક આવક, પ્રાદેશિક વિકાસના નિર્દેશકો,રાજ્યનું ઘરગથ્થુ ઉત્પાદન |
| 3 | ગુજરાત પ્રદેશનો પરિચય- I | ગુજરાતનું ભૌગોલિક સ્થાન, ગુજરાતનાં કુદરતી પર્યાવરણીય પાસાંઓ, પ્રદૂષણની સ્થિતિ |
| 4 | ગુજરાત પ્રદેશનો પરિચય-II | ગુજરાત રાજકીય અને વહીવટી (રાજકીય ઈતિહાસ, જીલ્લાઓ, વહીવટી વિભાગોનો પરિચય ટૂંકમાં, સમવાયતંત્ર – પરિચય) |
| 5 | ગુજરાતનું કૃષિ ક્ષેત્ર – જમીન | ગુજરાતની જમીનના પ્રકાર, ખેડવાલાયક જમીનનું પ્રમાણ, લેવાતા પાકો, કૃષિ પદ્ધતિ, |
| 6 | પાક | ગુજરાતના મુખ્ય પાક, ઉત્પાદનનું પ્રમાણ અને તેમાં ફેરફારો (વલણ/trend), |
| 7 | ખેતી વિકાસ અને યોજનાઓ | ગુજરાતની ખેતીની સમસ્યાઓ, વિકાસ અને સહાય યોજનાઓ ( રાજ્ય સરકાર અને કેન્દ્ર સરકાર) |
| 8 | ગુજરાતનું ઉદ્યોગ ક્ષેત્ર | ગુજરાતના ઉદ્યોગો, સ્થાનીયકરણ, ઔદ્યોગિક ઉત્પાદન, |
| 9 | ઔદ્યોગિક વિકાસ અને યોજનાઓ | ઔદ્યોગિક વિકાસની તકો, ઔદ્યોગિક વિકાસના અવરોધો, વિકાસ અને સહાય નીતિ |
| 10 | ગુજરાતમાં શિક્ષણ | સ્થિતિ, સમસ્યાઓ, ખાનગીકરણ, જાહેર નીતિ |
| 11 | ગુજરાતમાં સ્વાસ્થ્ય સુવિધાઓ | સ્થિતિ, સમસ્યાઓ, ખાનગીકરણ, જાહેર નીતિ |
| 12 | પરિવહન સુવિધાઓ | રેલમાર્ગ, રસ્તા, હવાઈ ઉડ્ડયન, જળમાર્ગ- વગેરેની સ્થિતિ, સમસ્યાઓ, ભાવિ વિકાસની તકો |
| 13 | સંદેશા વ્યવહાર અને બેકિંગ | સંદેશાવ્યવહાર, બેકિંગ વગેરેની સ્થિતિ, સમસ્યાઓ, ભાવિ વિકાસની તકો |
| 14 | ગુજરાતનો વેપાર | અન્ય રાજ્યો સાથે (આંતરરાજ્ય) અને અન્ય દેશો સાથેના (આંતરરાષ્ટ્રીય) વેપારમાં ગુજરાતનો ફાળો |
| 15 | ગુજરાતની વસ્તી વિષયક રૂપરેખા | ગુજરાતની વસ્તી, વસ્તીનાં લક્ષણો, જન્મદર, મૃત્યુદર, વસ્તીવૃદ્ધિ દર |
| 16 | શહેરીકરણ અને ગુજરાતનાં શહેરો | શહેરની વ્યાખ્યા, શહેરીકરણની વ્યાખ્યા, શહેરીકરણના કારણો, અસરો, ગુજરાતનાં શહેરો |
| 17 | ગુજરાતનાં મહત્વનાં શહેરો | ગુજરાતનાં મહત્વનાં શહેરો, શહેરીકરણની તરાહ અને તેની આર્થિક વિશેષતાઓ |

## Second Year BA (Main and Subsidiary)
## Paper 4- Economy of Gujarat

| Srl No. | Title of Unit | Included Points |
|---|---|---|
| 1 | Regional Economy - I | What is Region? Importance of Study of Regional Economy |
| 2 | Regional Economy - II | Types of Region, Regional Income, Indicators of Regional Development, State Domestic Production |
| 3 | Introduction of Gujarat State as Region- I | Geographical Position of Gujarat, Natural Environmental Aspects of Gujarat, Status of Pollution |
| 4 | Introduction of Gujarat State as Region- II | Gujarat – Political and Administrative (Political History, Districts, Introduction to Administrative departments, federal System) |
| 5 | Agriculture Sector of Gujarat- Land | Types of Land, Arable Land, Agriculture crops and cropping pattern |
| 6 | Agriculture Crops | Main Crops, Production, trends in Production |
| 7 | Agriculture development and Schemes | Problems in agriculture development, Government schemes and planning (State and Central) |
| 8 | Industry sector of Gujarat | Industries in Gujart, Location, Industrial Production |
| 9 | Industrial Development and Schemes | Scope for Industrial development, Problems in industrial development, Government aid and policies. |
| 10 | Education in Gujarat | Status, Problems, Privatisation and Public Sector policy |
| 11 | Health facilities in Gujarat | Status, Problems, Privatisation and Public Sector policy |
| 12 | Transportation Facilities | Railway, Roads, Aviation and Waterways- Status, Problems, Scope for Future Development, Public Sector policy |
| 13 | Communication and Banking | Communication and Banking – (Status, Problems, Scope for Future Development) |
| 14 | Trade of Gujarat | Trade with Other States of India and International Trade. Contribution of the State. |
| 15 | Demographic Profile of Gujarat | Population of Gujarat, Characteristics of Population, Birt rate, Death rate, Population growth rate. |
| 16 | Urbanisation and Cities of Gujarat | Definition of an Urban area, Definition of Urbanisation, Causes and effects of Urbanisation, Cities of Gujarat |
| 17 | Important Cities of Gujarat | Important Cities of Gujarat, Pattern of Urbanisation and their Economic Characterisitcs |

એકમ 10

# ગુજરાતમાં શિક્ષણ

## રૂપરેખા


10.0 ઉદ્દેશ

10.1 પ્રસ્તાવના

10.2 ગુજરાતમાં શિક્ષણની સ્થિતિ

10.2.1 ગુજરાતમાં સાક્ષરતાનું પ્રમાણ

10.2.1.1 સામાન્ય સાક્ષરતા દર

10.2.1.2 ગુજરાત અને ભારતમાં જાતિ પ્રમાણે સાક્ષરતા દર

10.2.2 કુલ પ્રવેશ નોંધણીનું પ્રમાણ (Gross Enrollment Ratio)

10.2.3 જાતિ સમાનતા આંક

10.2.4 શૈક્ષણિક સંસ્થાઓનું પ્રમાણ

10.2.5 શૈક્ષણિક સંસ્થાઓમાં પાયાની સુવિધાઓનું પ્રમાણ

10.2.6 શિક્ષણ વિકાસ આંક (EDI)

10.3 ગુજરાતમાં શિક્ષણક્ષેત્રે કેટલીક સમસ્યાઓ (પ્રશ્નો)

10.4 શિક્ષણનું ખાનગીકરણ

10.4.1 શિક્ષણમાં ખાનગીકરણના હેતુઓ

10.4.2 શિક્ષણ ક્ષેત્રે ખાનગીકરણના ઉદ્દભવનાં કારણો

10.4.3 શૈક્ષણિક ક્ષેત્રે ખાનગીકરણનું પ્રમાણ

10.5 ગુજરાતમાં શિક્ષણ ક્ષેત્રે જાહેર નીતિ

10.6 સારાંશ


## 10.0 ઉદ્દેશ :

આ એકમ દ્વારા વિદ્યાર્થીઓ નીચેની બાબતોથી અવગત થશે.

(1) ગુજરાતમાં જુદા-જુદા સ્તરે શિક્ષણની સ્થિતિ સમજશે.

(2) ગુજરાતમાં શિક્ષણની સમસ્યાની સમજ અને તેના યોગ્ય પરિણામલક્ષી નિરાકરણને સમજવાનો પ્રયત્ન કરશે.

(3) ગુજરાતમાં શિક્ષણ ક્ષેત્રે પ્રવર્તતી ખાનગીકરણની નીતિ વિશે માહિતગાર થશે.

(4) ગુજરાત રાજ્યની શિક્ષણ ક્ષેત્રે પ્રવર્તની જાહેર નીતિઓ વિશે અવગત થશે.

## 10.1 પ્રસ્તાવના :

શિક્ષણ એ માનવીની પાયાની જરૂરિયાત છે. વ્યક્તિ, સમાજ, સંસ્કૃતિ અને રાષ્ટ્રના વિકાસના કેટલાક આધાર સ્તંભોમાંનો એક આધાર સ્તંભ છે. અભ્યાસ દ્વારા માહિતી દ્વારા જ્ઞાન અને કૌશલ્ય મેળવવાની પ્રક્રિયાને શિક્ષણ કહે છે. શિક્ષણ મનુષ્યના જીવનમાં મહત્ત્વની ભૂમિકા ભજવે છે. તે વ્યક્તિમાં આત્મવિશ્વાસ ઊભો કરે છે, તેમજ માણસના વ્યક્તિત્વમાં નિખાર લાવે છે. શિક્ષણ વ્યક્તિના ઉજળા ભવિષ્ય માટેનું સક્ષમ સાધન છે. માણસને જીવનમાં સફળતા અપાવવા માટે શિક્ષણ અગત્યની ભૂમિકા ભજવે છે. ઉચ્ચ શિક્ષણ વ્યક્તિને કૌટુંબિક, સામાજિક સન્માન અપાવે છે. તો વ્યક્તિને કૌટુંબિક, સામાજિક, રાષ્ટ્રીય કે આંતરરાષ્ટ્રીય સમસ્યાના નિરાકરણ માટેની ક્ષમતા બક્ષે છે. સાથે સાથે વ્યક્તિનું જીવન વધારે હકારાત્મક બને છે. તેને કારણે લોકોની જીવનની ગુણવત્તામાં વધારો થાય છે તથા જીવનલક્ષી અભિગમમાં પણ સુધારો થાય છે. વ્યક્તિના વિકાસ માટે શિક્ષણ પાછળ કરેલા ખર્ચને માનવ મૂડી રોકાણ તરીકે ઓળખવામાં આવે છે. સર્વ પ્રથમ ટી. ડબ્લ્યૂ શૂલ્ઝ નામના અર્થશાસ્ત્રીએ આ શબ્દનો ઉપયોગ કર્યો હતો. ‘‘માનવ મૂડીના ઘડતરમાં વૃદ્ધિ કરનાર મુખ્ય પરિબળ એ શિક્ષણ છે’’ જે વિકાસની પ્રક્રિયા માટે ખૂબ જ અગત્યનું મૂડીરોકાણ ગણી શકાય.

શિક્ષણ રાષ્ટ્રના વિકાસ માટેનું પણ એક અગત્યનું પરિબળ છે. કારણ કે જો દેશના નાગરિકો શિક્ષણ મેળવશે તો તેની કુશળતામાં વધારો થશે. કુશળતામાં થયેલો વધારો દેશની ઉત્પાદનની પ્રક્રિયામાં વધુ સહયોગ આપી શકશે. આથી દેશની આર્થિક વૃદ્ધિ વધારે ઊંચી અને ઝડપી બનશે. શિક્ષણના કારણે લોકોમાં યોગ્યતા – અયોગ્યતાનો ખ્યાલ વિકસે છે. જેના કારણે સામાજિક રૂઢિઓ અને પરંપરામાં પરિવર્તન આવે છે. આ પરિવર્તન દેશના આર્થિક વૃદ્ધિ અને વિકાસમાં હકારાત્મક ફેરફારોની બહુવિધ તકો પૂરી પાડે છે.

શિક્ષણ વિશેના Henry Stell Commager નામના વિદ્વાને કહ્યું છે કે,

“Change does not necessarily assure progress, but progress implacibly requires change. Education is essential to change, for education creates both new wants and the ability to satisfy then.”

શિક્ષણ એ વિશ્વને બદલી નાખવા માટેનું એક મહત્ત્વનું હથિયાર છે.

નેલ્સન મંડેલાના શબ્દોમાં કહીએ તો, “Education is the most powerful weapon which you can use to change the world.”

## 10.2 ગુજરાતમાં શિક્ષણની સ્થિતિ :

શિક્ષણ એ માનવ જીવનમાં સંપૂર્ણ પરિવર્તન લાવવા માટેની ભૂમિકા ભજવી શકે છે. કોઈપણ પ્રદેશ કે રાષ્ટ્રમાં શિક્ષણના સ્તરને માપવા માટે વિવિધ માપદંડનો ઉપયોગ કરવામાં આવે છે. જેમ કે સાક્ષરતાનું પ્રમાણ, શાળા–કોલેજમાં ભરતીનો ગુણોત્તર વગેરે. હવે આપણે આ વિવિધ નિર્દેશકોમાં ગુજરાતની સ્થિતિ કેવી છે, તેનો અભ્યાસ કરીશું.

### 10.2.1 ગુજરાતમાં સાક્ષરતાનું પ્રમાણ :

સાક્ષરતા અંગેના આંકડા શૈક્ષણિક સ્તરને માપવા માટેનો અગત્યનો માપદંડ છે. કોઈપણ દેશની શૈક્ષણિક સ્તરની સિદ્ધિ માપવી હોય તો સાક્ષરતાનું સ્તર એ પ્રાથમિક

કક્ષાનો સૂચક આંક છે. આ મુદ્દામાં આગળ વધતા પહેલાં સાક્ષરતા અને સાક્ષરતાના દર વિશેના ખ્યાલો સમજી લેવા જરૂરી છે.

સાક્ષરતા એટલે લખવા–વાંચવાની ક્ષમતા. સાક્ષરતાનું પ્રમાણ જાણવા માટે અન્ય દેશોમાં જે પદ્ધતિ અપનાવવામાં આવી છે તેનાથી થોડી જુદી પદ્ધતિ ભારતમાં અપનાવવામાં આવી છે. આંતરરાષ્ટ્રીય સ્તરે 15 વર્ષ કે તેથી વધુ વયની વ્યક્તિઓમાં સાક્ષર વ્યક્તિઓના પ્રમાણને ગણતરીમાં લેવામાં આવે છે, જ્યારે ભારતમાં 7 વર્ષથી વધુ વયની વ્યક્તિઓમાં સાક્ષર વ્યક્તિઓના પ્રમાણને ગણતરીમાં લેવામાં આવે છે. આમ 7 વર્ષથી મોટી ઉંમરની વ્યક્તિ ઓછામાં ઓછી કોઈ એક ભાષા લખી–વાંચી શકે તે સાક્ષર ગણાય છે.

● સાક્ષરતા દર :

સાક્ષરતા દર એ કોઈ એક વિસ્તાર, પ્રદેશ કે રાષ્ટ્રમાં સાક્ષરતાનું પ્રમાણ જાણવા માટેનું એક માપદંડ છે. તે નીચેના સૂત્રની મદદથી જાણી શકાય છે.

$(L / P) \times 100$

જ્યાં L = સાક્ષરતાની વસ્તી

P = કુલ વસ્તી

આમ, દેશની કુલ વસ્તીમાં કેટલી વસ્તી સાક્ષર છે, તેના ટકાવારી પ્રમાણને સાક્ષરતા દર તરીકે ઓળખવામાં આવે છે. હવે આપણે સાક્ષરતાના સંદર્ભમાં કેટલીક માહિતીનો ઉપયોગ કરી ગુજરાતમાં સાક્ષરતાની સ્થિતિ શું છે તેનો અભ્યાસ કરીશું.

### 10.2.1.1 સામાન્ય સાક્ષરતા દર :

ગુજરાત રાજ્યનો સામાન્ય સાક્ષરતા દર કેટલો છે તે નીચે આપેલ કોઠાની માહિતીથી ખ્યાલ આવશે.

ટેબલ નં. 1 : સામાન્ય સાક્ષરતા દર

| ક્રમ | વર્ષ | ગુજરાત | ભારત |
|---|---|---|---|
| 1 | 1951 | 21.82 | 18.33 |
| 2 | 1961 | 31.47 | 28.30 |
| 3 | 1971 | 36.95 | 34.45 |
| 4 | 1981 | 44.92 | 43.57 |
| 5 | 1991 | 61.29 | 52.21 |
| 6 | 2001 | 69.14 | 64.84 |
| 7 | 2011 | 79.31 | 74.04 |

સોર્સ : Office of the Registrar General, India

ઉપરોક્ત માહિતી પરથી ખ્યાલ આવશે કે ગુજરાતનો સાક્ષરતા દર દરેક દસકામાં ભારતના સરેરાશ સાક્ષરતાના દર કરતા ઊંચો જોવા મળે છે. ઉપરોક્ત આંકડાના આધારે કહી શકીએ કે 60 વર્ષના આયોજનકાળ દરમિયાન ગુજરાતમાં 57.49 ટકાવારી બિંદુ જેટલો સાક્ષરતાના પ્રમાણમાં વધારો થયો છે. જ્યારે ભારતમાં આ સમયગાળા દરમિયાન 55.71 ટકાવારી બિંદુ જેટલો વધારો થયો છે. આમ આયોજનકાળ દરમિયાન સાક્ષરતાના પ્રમાણમાં વૃદ્ધિની દૃષ્ટિએ ભારત કરતાં ગુજરાત રાજ્યની સ્થિતિ સારી છે. છતાં બંનેની ટકાવારી બિંદુમાં ખાસ કોઈ મોટો તફાવત જોવા નથી મળતો.

બીજી રીતે કહીએ તો, આજે પણ ગુજરાતના પાંચ વ્યક્તિમાંથી એક વ્યક્તિ નિરક્ષર છે, જ્યારે ભારત દેશના ચાર વ્યક્તિમાંથી એક વ્યક્તિ નિરક્ષર છે. ભારત દેશમાં સૌથી વધુ સાક્ષરતા કેરાલા રાજ્યમાં છે. 1951 ની સાલમાં સમગ્ર દેશમાં કેરાલા રાજ્યનું સ્થાન સાક્ષરતાની દૃષ્ટિએ પ્રથમ હતું અને ગુજરાતનું સ્થાન સાતમું હતું. જ્યારે 2011 માં સાક્ષરતાની દૃષ્ટિએ કેરાલા રાજ્યનું સ્થાન 93.91 ટકા સાથે પ્રથમ હતું અને ગુજરાત રાજ્યનું 79.31 ટકા સાથે 18 મું હતું. આનો અર્થ એમ થયો કે આઠ વર્ષના ગાળા દરમિયાન શિક્ષણ ક્ષેત્રે ઘણા રાજ્યો ગુજરાત રાજ્ય કરતા આગળ થઈ ગયા છે અથવા એમ કહી શકાય કે ગુજરાત રાજ્યમાં શિક્ષણ ક્ષેત્રે જેટલી પ્રગતિ થવી જોઈતી હતી એટલી થઈ શકી નથી.

10.2.1.2 ગુજરાત અને ભારતમાં જાતિ પ્રમાણે સાક્ષરતા દર :

માત્ર સાક્ષરતા દરથી શિક્ષણ ક્ષેત્રે કેટલી પ્રગતિ થઈ તેનો ખ્યાલ આવતો નથી, પરંતુ પુરૂષોની સાથે સાથે મહિલાઓમાં પણ સાક્ષરતાના પ્રમાણમાં કેટલો ફેરફાર થયો, તે જાણવું પણ જરૂરી છે. સમાજ અને રાષ્ટ્રના વિકાસ માટે મહિલાઓને શિક્ષણ મળવું જરૂરી છે. Brigham Young ના શબ્દોમાં કહીએ તો,

"You educate a man, you educate a man, you educate a woman; you educate a generation."

મહિલાઓને જો શિક્ષણ મળશે તો તે અનેક પેઢીઓને તારશે તેવું વિદ્વાનોનું માનવું છે. આથી આપણે જાતિ પ્રમાણે ગુજરાત અને ભારતમાં સાક્ષરતાની સ્થિતિ તપાસીશું.

ટેબલ નં. 2 : ગુજરાતમાં જાતિ પ્રમાણે સાક્ષરતાનું પ્રમાણ

| ક્રમ | વર્ષ | ગુજરાત | | | | ભારત | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| | | પુરૂષ | સ્ત્રી | કુલ | તફાવત | પુરૂષ | સ્ત્રી | કુલ | તફાવત |
| 1 | 1951 | 30.32 | 12.87 | 21.82 | 17.45 | 27.16 | 8.86 | 18.33 | 18.30 |
| 2 | 1961 | 42.49 | 19.74 | 31.47 | 22.75 | 40.41 | 15.35 | 28.30 | 25.05 |
| 3 | 1971 | 47.60 | 25.56 | 36.95 | 22.04 | 45.96 | 21.97 | 34.45 | 23.08 |
| 4 | 1981 | 55.95 | 33.20 | 44.92 | 22.75 | 56.38 | 29.76 | 43.57 | 26.62 |
| 5 | 1991 | 73.13 | 48.64 | 61.29 | 24.49 | 64.13 | 39.21 | 52.21 | 24.84 |
| 6 | 2001 | 79.66 | 57.80 | 69.14 | 21.86 | 75.26 | 53.67 | 64.83 | 21.59 |
| 7 | 2011 | 87.23 | 70.73 | 79.31 | 16.50 | 82.14 | 65.46 | 74.04 | 16.68 |

સોર્સ : Office of the Registrar General, India

ઉપરોક્ત આંકડા દર્શાવે છે કે ગુજરાત રાજ્યમાં દરેક દસકામાં પુરૂષોની સરખામણીએ મહિલાઓમાં શિક્ષણનું પ્રમાણ ઘણું જ નીચું જોવા મળે છે. 1951 થી 1991 ના ગાળા દરમિયાન 70 ના દસકાને બાદ કરતાં દરેક દસકામાં સ્ત્રી–પુરૂષ સાક્ષરતા દરનો તફાવત વધતો જાય છે. આ વાક્ય મૂળ પ્રમાણે જોઈ લેવું. 1991 બાદ સ્ત્રી–પુરૂષ શિક્ષણના પ્રમાણનો તફાવત ઘટતો જાય છે. એટલે કે 1991 માં નવા આર્થિક સુધારા અપનાવ્યા બાદ સમાજમાં સ્ત્રીઓની શિક્ષણ અંગેની જાગૃતિ સતત વધતી જાય છે. વૈશ્વિકીકરણને કારણે ભારતીય સમાજ વિશ્વના સમાજ સાથે જોડાવવાથી તેમજ સરકાર દ્વારા કરવામાં આવતા વિવિધ પ્રયત્નો તેમજ સમાજમાં વધતા જતાં શિક્ષણને કારણે સ્ત્રીઓમાં શિક્ષણ વધે તે અંગેની જાગૃતિમાં વધારો થયો હોવાથી 1991 બાદ સ્ત્રી–પુરૂષ સાક્ષરતાના પ્રમાણમાં વધારો થઈ રહ્યો હોવાની અધિકૃત માહિતી મળતી

રહી છે. ગુજરાતની જેમ સમગ્ર ભારતમાં પુરૂષોની સરખામણીએ સ્ત્રીઓમાં શિક્ષણનું પ્રમાણ દરેક દસકામાં ઓછું જોવા મળે છે. માત્ર 70 ના દસકાને બાદ કરતાં 1981 સુધી સ્ત્રી–પુરૂષ સાક્ષરતામાં તફાવત વધતો જાય છે. ભારતમાં 1981 પછી સ્ત્રી–પુરૂષ સાક્ષરતાના પ્રમાણમાં સતત ઘટાડો થઈ રહ્યો છે.

ગુજરાત રાજ્ય અને સમગ્ર ભારતમાં સાક્ષરતાના દરની સરખામણી કરીએ તો દરેક દસકામાં સમગ્ર ભારતની સરેરાશ કરતાં ગુજરાત રાજ્યમાં સાક્ષરતાનું પ્રમાણ વધુ છે. સ્ત્રી સાક્ષરતા દરની સરખામણી કરીએ તો પણ ગુજરાત રાજ્યમાં સમગ્ર ભારતની સરખામણીએ સાક્ષરતાનું સ્તર ઊંચું જોવા મળે છે. પરંતુ પુરૂષોમાં સાક્ષરતા દરની સરખામણી કરીએ તો 1981ના દસકામાં ગુજરાત રાજ્ય કરતાં સમગ્ર ભારતમાં સાક્ષરતાનો દર ઊંચો જોવા મળે છે. બાકીના બધા જ દસકામાં સમગ્ર ભારતની સરખામણીએ ગુજરાત રાજ્યમાં સાક્ષરતાનો દર વધુ જોવા મળે છે.

ગુજરાત રાજ્ય અને સમગ્ર ભારતમાં પુરૂષ અને સ્ત્રીમાં સાક્ષરતાનાં દરમાં અનુક્રમે 56.91, 57.86, 54.98 અને 56.6 ટકાવારી બિંદુ જેટલો વધારો થયો છે. એટલે કે ગુજરાત રાજ્યમાં સમગ્ર ભારત કરતાં પુરૂષ અને સ્ત્રી બંનેની સાક્ષરતામાં વધારો જોવા મળે છે. ગુજરાત રાજ્ય અને સમગ્ર ભારતમાં આયોજનકાળ દરમિયાન પુરૂષોના સાક્ષરતા પ્રમાણ કરતાં સ્ત્રીઓનું સાક્ષરતા પ્રમાણ સામાન્યતઃ વધારે જોવા મળે છે.

### 10.2.2 કુલ પ્રવેશ નોંધણીનું પ્રમાણ (Gross Enrollment Ratio) :

સમાજના વિકાસ માટે શિક્ષણનો વ્યાપ વધવો ખૂબ જ જરૂરી છે. શિક્ષણનો વ્યાપ વધારવા માટે સમાજના દરેક વર્ગને શિક્ષણ મળે તે જરૂરી છે. તે માટે પ્રવેશ મળવો જરૂરી છે. લોકોને શિક્ષણ મેળવવા માટે પ્રવેશ મળે તે મહત્ત્વનું છે. શિક્ષણમાં પ્રવેશ નોંધણી સમાજમાં કેટલા લોકોને શિક્ષણ મેળવવાની તક મળે છે તે બાબત દર્શાવે છે. શાળા કોલેજમાં પ્રવેશ નોંધણી માટે બે ખ્યાલ આપવામાં આવ્યા છે. જેમાં (૧) કુલ પ્રવેશ નોંધણીનું પ્રમાણ અને (૨) ચોખ્ખુ પ્રવેશ નોંધણીનું પ્રમાણ. હવે આપણે આ બંને ખ્યાલને સમજવાનો પ્રયત્ન કરીશું.

કુલ પ્રવશે નોંધણીનું પ્રમાણ એટલે ઉંમરને ધ્યાનમાં લીધા વિના શિક્ષણના જુદા–જુદા સ્તરે ચોક્કસ વર્ષ દરમિયાન પ્રવેશ મેળવનારા વિદ્યાર્થીઓની સંખ્યા. આ ખ્યાલ એવું દર્શાવે છે કે શાળા કે કોલેજમાં ચોક્કસ વર્ષ દરમિયાન જે વિદ્યાર્થીઓ પ્રવેશ મેળવે છે તેની ઉંમરને ધ્યાનમાં લેવામાં આવતી નથી.

ચોખ્ખી પ્રવેશ નોંધણીનું પ્રમાણ એટલે શિક્ષણના જુદા–જુદા સ્તરે શિક્ષણ માટેની નિર્ધારીત વયના છોકરા અને છોકરીઓનું નોંધણીનું પ્રમાણ.

હવે આપણે કુલ પ્રવેશ નોંધણીના પ્રમાણના સંદર્ભમાં ગુજરાત રાજ્યની શું સ્થિતિ છે તે તપાસી રાષ્ટ્રીય સ્થિતિ સાથે તેની સરખામણી કરવાનો પ્રયત્ન કરીશું.

ટેબલ નં. 3 : Gross Enrolment Rates (GER)

| | Years | Primary | | | Upper Primery | | | Secondary | | | Higher Secondary | | | Higher Education | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | Boys | Girls | Total | Boys | Girls | Total | Boys | Girls | Total | Boys | Girls | Total | Boys | Girls | Total |
| Gujarat | 2013–14 | 100.32 | 102.06 | 101.13 | 91.82 | 89.72 | 90.86 | 81.80 | 65.93 | 74.50 | 53.06 | 43.25 | 48.51 | 21.5 | 17.2 | 19.5 |
| | 2014–15 | 97.57 | 100.07 | 98.72 | 93.63 | 93.47 | 93.56 | 80.82 | 66.67 | 74.34 | 47.44 | 42.02 | 44.93 | 22.2 | 17.5 | 20.0 |
| | 2015–16 | 95.46 | 99.11 | 97.24 | 94.70 | 96.99 | 95.73 | 80.26 | 66.82 | 74.13 | 45.17 | 41.42 | 43.43 | 22.9 | 18.3 | 20.7 |
| India | 2013–14 | 100.20 | 102.65 | 101.36 | 86.31 | 92.75 | 89.33 | 76.80 | 76.47 | 76.64 | 52.77 | 51.58 | 52.21 | 23.9 | 22.0 | 23.0 |
| | 2014–15 | 98.85 | 101.43 | 100.08 | 87.71 | 95.29 | 91.24 | 78.13 | 78.94 | 78.51 | 54.57 | 53.81 | 54.21 | 25.3 | 23.2 | 24.3 |
| | 2015–16 | 97.87 | 100.69 | 99.21 | 88.72 | 97.57 | 92.81 | 79.16 | 80.79 | 80.01 | 55.95 | 56.41 | 56.16 | 25.4 | 23.5 | 24.5 |

સોર્સ : DISE Data

ઉપરોક્ત ટેબલ જોતાં ખ્યાલ આવે છે કે ગુજરાત રાજ્યમાં કુલ પ્રવેશ નોંધણીનું પ્રમાણ 2013–14 ની તુલનાએ 2015–16 માં પ્રાથમિક શિક્ષણ અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણમાં ઘટાડો થયો છે. જ્યારે માધ્યમિક શિક્ષણમાં આ ગાળા દરમિયાન ખાસ કોઈ ફેરફાર થયો નથી જ્યારે ઉચ્ચ પ્રાથમિક અને ઉચ્ચ માધ્યમિક શિક્ષણમાં આ સમયગાળા દરમિયાન વધારો થયેલો જોવા મળે છે. ગુજરાતમાં કુલ પ્રવેશ નોંધણી પ્રમાણની સરખામણી રાષ્ટ્રી ય સ્તર સાથે કરીએ તો 2015–16માં કુલ પ્રવેશ નોંધણીનું પ્રમાણ પ્રાથમિક, માધ્યમિક, ઉચ્ચતર માધ્યમિક અને ઉચ્ચ શિક્ષણમાં ઓછું જોવા મળે છે. માત્ર ઉચ્ચ પ્રાથમિક શિક્ષણમાં જ વધારે જોવા મળે છે.

સામાન્ય રીતે ભારત પુરૂષપ્રધાન સામાજિક વ્યવસ્થા ધરાવે છે. આથી મહિલાની તુલનાએ પુરૂષોને તમામ ક્ષેત્રે વધારે તક મળતી હોય છે. શાળા–કોલેજમાં પ્રવેશ નોંધણીના સંદર્ભમાં જાતિ પ્રમાણેની સ્થિતિ જોઈએ તો 2013–14 અને 2015–16 બંને વર્ષમાં માધ્યમિક, ઉચ્ચતર માધ્યમિક અને ઉચ્ચ શિક્ષણમાં છોકરીઓની તુલનાએ છોકરાઓની નોંધણીનું પ્રમાણ વધારે જોવા મળે છે. જ્યારે આ બંને વર્ષમાં પ્રાથમિક શિક્ષણમાં છોકરાઓ કરતાં છોકરીઓનું નોંધણીનું પ્રમાણ વધારે જોવા મળે છે અને ઉચ્ચતર પ્રાથમિકમાં 2013–14 માં છોકરીઓ કરતાં છોકરાઓનું નોંધણીનું પ્રમાણ વધારે જોવા મળે છે. આથી આપણે એવું કહી શકીએ કે પ્રાથમિક શિક્ષણમાં છોકરાઓની તુલનાએ છોકરીઓ વધારે પ્રવેશ મેળવે છે. પરંતુ માધ્યમિક અને ઉચ્ચ શિક્ષણ તરફ જતાં છોકરીઓનું શિક્ષણ છોડવાનું પ્રમાણ વધી જાય છે. આ માટેના જવાબદાર કારણોમાં સ્ત્રી શિક્ષણને અપાતું ઓછું મહત્ત્વ, ગ્રામ્ય વિસ્તારમાં શિક્ષણની ઓછી સુવિધા, ઘરકામ માટે મુખ્યત્વે છોકરીઓની જવાબદારી, કુટુંબની આર્થિક સ્થિતિ વગેરેને ગણાવી શકાય.

જાતિ પ્રમાણ મુજબ પ્રવેશ નોંધણીની સરખામણી રાષ્ટ્રીય સ્તર સાથે કરીએ તો સમગ્ર ભારતમાં માત્ર ઉચ્ચ શિક્ષણમાં જ છોકરાઓ કરતાં છોકરીઓના પ્રવેશનું પ્રમાણ ઓછું છે. બાકી 2015–16 ના વર્ષમાં પ્રાથમિક, માધ્યમિક, ઉચ્ચતર માધ્યમિક અને ઉચ્ચતર પ્રાથમિકમાં છોકરાઓ કરતાં છોકરીઓનું નોંધણીનું પ્રમાણ વધારે જોવા મળે છે.

ગુજરાત રાજ્યની સરખામણીએ સમગ્ર ભારતમાં પ્રાથમિક, ઉચ્ચતર માધ્યમિક અને ઉચ્ચ શિક્ષણમાં 2015–16 નાં વર્ષમાં છોકરાઓ કરતા છોકરીઓનું પ્રવેશ નોંધણીનું પ્રમાણ વધારે છે. જ્યારે ઉચ્ચ પ્રાથમિક અને માધ્યમિક શિક્ષણમાં છોકરીઓના પ્રવેશ નોંધણીનું પ્રમાણ વધુ અને છોકરાઓનું પ્રવેશ નોંધમી પ્રમાણ ઓછું જોવા મળે છે.

### 10.2.3 જાતિ સમાનતા આંક :

કોઈ એક વિસ્તારમાં મહિલાઓને શિક્ષણ મેળવવાની કેટલી તક ઉપલબ્ધ થઈ છે તેનો ખ્યાલ જાતિ સમાનતા આંક દ્વારા મળી શકે છે. જાતિ સમાનતા આંક એટલે છોકરીઓના કુલ પ્રવેશ નોંધણીના ગુણોત્તરને છોકરાઓના કુલ પ્રવેશ નોંધણીના ગુણોત્તર દ્વારા ભાગતા જે આંક મળે તેને કહેવાય. આ આંક શોધતા જો આંક 1 (એક) આવે તો તેનો અર્થ એ થયો કે શિક્ષણ પ્રવેશ સંદર્ભમાં છોકરા અને છોકરી બંનેને સરખી તકો સાંપડી છે. જો જવાબ 1 કરતાં ઓછો આવે તો તેનો અર્થ એ થયો કે છોકરાઓ કરતા છોકરીઓને ઓછી તક મળી છે અને જવાબ 1 કરતા વધુ આવે તો છોકરાઓ કરતા છોકરીઓને વધારે તક પ્રાપ્ત થઈ છે. જાતિ સમાનતા આંક (GPI) શોધવા માટેનું સૂત્ર આ મુજબ છે.

$$GPI = \frac{\text{GER of Girls Students}}{\text{GER of Boys Students}}$$

ગુજરાત રાજ્યમાં GPI ની શું સ્થિતિ છે તે હવે તપાસીએ.

ટેબલ નં. 4 : Gender Parity Index (GPI)

| | Years | Primary | Upper Primery | Secondary | Higher Secondary | Higher Education |
|---|---|---|---|---|---|---|
| | | Total | Total | Total | Total | Total |
| Gujarat | 2013–14 | 1.02 | 0.98 | 0.81 | 0.82 | 0.80 |
| | 2014–15 | 1.03 | 1.00 | 0.82 | 0.89 | 0.79 |
| | 2015–16 | 1.04 | – | 0.83 | 0.92 | 0.80 |
| India | 2013–14 | 1.02 | 1.07 | 1.00 | 0.98 | 0.92 |
| | 2014–15 | 1.03 | 1.09 | 1.01 | 0.99 | 0.92 |
| | 2015–16 | 1.03 | – | 1.02 | 1.01 | 0.92 |

સોર્સ : Education Status Report

ઉપરોક્ત કોઠો જોતાં ખ્યાલ આવે છે કે ગુજરાતમાં પ્રાથમિક અને ઉચ્ચ માધ્યમિક શિક્ષણમાં GPI એક કરતાં વધારે જોવા મળે છે એટલે કે છોકરાઓ કરતાં છોકરીઓનું શિક્ષણ મેળવવાનું પ્રમાણ વધારે જોવા મળે છે. જ્યારે માધ્યમિક, ઉચ્ચતર માધ્યમિક અને ઉચ્ચ શિક્ષણમાં GPI એક કરતા ઓછો જોવા મળે છે એટલે કે છોકરીઓનું છોકરાઓની તુલનામાં પ્રવેશનું પ્રમાણ ઓછું જોવા મળે છે. આ માટેના કારણોની ચર્ચા આપણે ઉપરના ફકરામાં કરેલ છે.

સમગ્ર ભારતના GPI ની વાત કરીએ તો પ્રાથમિક, ઉચ્ચ પ્રાથમિક અને માધ્યમિક શિક્ષણમાં તેમજ વર્ષ 2015–16 માં ઉચ્ચતર માધ્યમિકમાં 1 કરતા વધારે છે અને 2013–14 અને 2014–15 તેમજ ઉચ્ચ શિક્ષણમાં 1 કરતા ઓછું પ્રમાણ જોવા મળે છે. ગુજરાત રાજ્યના GPI ની સમગ્ર ભારતના GPI સાથે તુલના કરીએ તો શિક્ષણના દરેક સ્તર અને દરેક વર્ષોમાં સમગ્ર ભારતમાં ગુજરાત રાજ્ય કરતા GPI નું પ્રમાણ વધારે જોવા મળે છે.

### 10.2.4 શૈક્ષણિક સંસ્થાઓનું પ્રમાણ :

કોઈપણ વિસ્તારમાં શિક્ષણની પહોંચ વધારવા માટે પૂરતા પ્રમાણમાં શૈક્ષણિક સંસ્થાઓ હોવી જરૂરી છે. હવે આપણે ગુજરાતમાં શિક્ષણના જુદા–જુદા સ્તરે શિક્ષણની કેટલી સંસ્થાઓ છે તેની માહિતી કોઠા દ્વારા મેળવીશું.

ટેબલ નં. 5 : સંસ્થાની સંખ્યા (No. of Institute)

| Years | Primary | | ઉચ્ચપ્રાથમિક | | માધ્યમિક | | ઉચ્ચમાધ્યમિક | | ઉચ્ચશિક્ષણ | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | ગુજરાત | ભારત | ગુજરાત | ભારત | ગુજરાત | ભારત | ગુજરાત | ભારત | ગુજરાત | ભારત |
| 2013–14 | 11,698 (1.36) | 8,58,916 | 28,918 (6.86) | 4,21,524 | 4,572 (3.42) | 1,33,542 | 5,965 (5.76) | 1,03,569 | 1,944 (5.40) | 36,634 |
| 2014–15 | 11,689 | 8,47,118 | 29,464 | 4,25,094 | 4,424 (3.27) | 1,35,335 | 6,387 | 1,09,318 | 1,989 | 38,498 |
| 2015–16 | 11,840 | 8,40,546 | 29,642 | 4,29,324 | 4,350 | 1,39,539 | 6,592 | 1,12,637 | 2,019 | 39,071 |

National Institute of Educational Planning & Administration, New Delhi

ઉપરોક્ત કોષ્ટક તપાસતા જણાય છે કે ગુજરાતમાં 2013–14 ના વર્ષ કરતાં 2015–16 ના વર્ષમાં પ્રાથમિક, ઉચ્ચ પ્રાથમિક, ઉચ્ચ માધ્યમિક અને ઉચ્ચ શિક્ષણની સંસ્થાઓની સંખ્યામાં વધારો થયો છે, જ્યારે માધ્યમિક શિક્ષણની સંસ્થાઓની સંખ્યામાં ઘટાડો થયેલો છે. જ્યારે સમગ્ર ભારતમાં 2013–14 નાં વર્ષ કરતા 2014–15 ના વર્ષમાં પ્રાથમિક શાળાની સંખ્યામાં ઘટાડો થયો છે અને ઉચ્ચ પ્રાથમિક, માધ્યમિક, ઉચ્ચતર માધ્યમિક અને ઉચ્ચ શિક્ષણની સંસ્થાઓમાં વધારો થયો છે. ગુજરાત રાજ્યમાં શૈક્ષણિક સંસ્થાઓની સંખ્યાની તુલના સમગ્ર ભારત સાથે કરીએ તો 2015–16 ના વર્ષમાં પ્રાથમિક શાળાની સંખ્યા 1.40 ટકા, ઉચ્ચ પ્રાથમિક શાળાનું પ્રમાણ 6.90 ટકા, માધ્યમિક શાળાનું પ્રમાણ 3.12 ટકા, ઉચ્ચતર માધ્યમિક શાળાનું પ્રમાણ 5.85 ટકા અને કોલેજોનું પ્રમાણ 5.17 ટકા હતું.

### 10.2.5 શૈક્ષણિક સંસ્થાઓમાં પાયાની સુવિધાઓનું પ્રમાણ :

શિક્ષણનો વ્યાપ અને ગુણવત્તામાં વધારો કરવા માટે માત્ર શૈક્ષણિક સંસ્થાઓ જ નહિ પરંતુ શૈક્ષણિક સંસ્થાઓમાં પાયાની સુવિધા હોવી પણ ખૂબજ જરૂરી છે. હવે આપણે ગુજરાત રાજ્યની શૈક્ષણિક સંસ્થાઓમાં પાયાની સુવિધાઓ કેવી છે તે તપાસીશું. આ સાથે આપણે શાળાઓમાં શિક્ષકોનું પ્રમાણ પણ તપાસવાનો પ્રયત્ન કરીશું.

ટેબલ નં. 6 : શૈક્ષણિક સંસ્થાઓમાં પાયાની સુવિધાઓ

| PerformanceIndicaters(in%) | Primary only | | Primary with U.P. | | P. +U.P. + Sec. / H.S. | | Upper Primary only | | U.P.+Sec. / H.S. | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | 07–08 | 15–16 | 07–08 | 15–16 | 07–08 | 15–16 | 07–08 | 15–16 | 07–08 | 15–16 |
| Single–ClassroomSchools | 6.5 | 2.6 | 0.9 | 0.4 | 0.5 | 0.3 | 1.6 | 1.2 | 4.1 | 5.9 |
| Single–TeacherSchools | 4.5 | 3.9 | 0.6 | 0.7 | 1.1 | 0.0 | 4.3 | 2.5 | 3.2 | 0.5 |
| SchoolswithGirlsToilets | 47.0 | 99.9 | 73.3 | 100.0 | 90.0 | 100.0 | 82.9 | 100.0 | 91.2 | 100.0 |
| SchoolswithDrikingWaterFacility | 80.0 | 100.0 | 90.3 | 99.9 | 97.2 | 100.0 | 97.6 | 100.0 | 99.5 | 100.0 |
| SchoolswithKitchenShed | 33.9 | 96.1 | 47.0 | 96.4 | 38.0 | 91.7 | 38.3 | 79.9 | 30.0 | 83.8 |
| Schoolswith<=50Students | 40.3 | 54.1 | 17.5 | 8.2 | 6.3 | 2.5 | 15.4 | 14.8 | 12.0 | 15.0 |
| Pupil–TeacherRatio | 29 | 22 | 33 | 30 | 35 | 25 | 34 | 33 | 35 | 9 |
| Students–ClassroomRatio | 31 | 19 | 36 | 28 | 35 | 41 | 34 | 28 | 32 | 32 |
| Av.No.of TeachersPerSchool | 3.4 | 3.0 | 7.2 | 8.2 | 10.0 | 22.9 | 5.3 | 5.5 | 6.1 | 17.3 |
| FemaleTeachers | 49.1 | 51.0 | 53.5 | 55.4 | 71.2 | 65.3 | 56.2 | 59.1 | 65.0 | 30.5 |

સ્રોત : NUEPA

ઉપરોક્ત કોષ્ટક જોતાં ખ્યાલ આવે છે કે એક જ વર્ગખંડ ધરાવતી હોય તેવી શાળાનું પ્રમાણ 2007–08 ની તુલનાએ 2015–16 માં પ્રાથમિક, પ્રાથમિક + ઉચ્ચ પ્રાથમિક, પ્રાથમિક + ઉચ્ચ પ્રાથમિક + માધ્યમિક + ઉચ્ચ માધ્યમિક, માત્ર ઉચ્ચતર માધ્યમિકમાં ઘટાડો નોંધાયો છે, જ્યારે જે શાળામાં ઉચ્ચ પ્રાથમિક, માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક હતું તેમાં વધારો થયો છે.

એક જ શિક્ષક હોય તેવી શાળાના પ્રમાણમાં પણ 2007–08 ની તુલનાએ 2015–16 માં પ્રાથમિક + ઉચ્ચતર પ્રાથમિક શાળામાં સામાન્ય વધારો નોંધાયેલો છે.

કન્યાઓ શાળાઓમાંથી અધવચ્ચે શિક્ષણ છોડી જતી ન રહે તે માટે કન્યાઓને લગતી કેટલીક સુવિધાઓ હોવી જરૂરી છે. આ સુવિધાઓમાં એક મહત્ત્વની સુવિધા કન્યા શૌચાલયની છે. સાળામાં આ પ્રકારની સુવિધાના અભાવના કારણે ખાસ કરીને ગ્રામ્ય વિસ્તારમાં કન્યાઓ શિક્ષણ છોડવાનું પ્રમાણ વધારે જોવા મળે છે. ગુજરાત રાજ્યમાં છેલ્લા દસકામાં આ પ્રકારની સુવિધાઓમાં ખાસ વધારો થયેલો જોવા મળે છે. પ્રાથમિક શાળા સિવાય દરેક સ્તરે આ પ્રકારની સુવિધા 2015–16 ના વર્ષમાં 100 ટકા ઉપલબ્ધ હતી અને પ્રાથમિક શાળાઓમાં પણ 99.9 ટકા સુવિધા ઉપલબ્ધ બનાવવામાં આવી હતી. શાળાઓમાં પીવાના પાણીની સુવિધાઓ પણ 100 ટકા આપવામાં આવી રહી છે. ગુજરાત રાજ્યમાં બાળકો માટે મધ્યાહ્ન ભોજન યોજના ચાલતી હોવાથી લગભગ મોટાભાગની શૈક્ષણિક સંસ્થાઓમાં કિચન શેડની સુવિધા ઉપલબ્ધ બનાવવામાં આવી છે.

શાળાઓમાં વિદ્યાર્થીનું પ્રમાણ કેટલું છે તે બાબત પણ અર્થશાસ્ત્રની દૃષ્ટિએ અગત્યની છે. જો શાળાઓમાં વિદ્યાર્થીઓનું પ્રમાણ ઓછું હશે તો વિદ્યાર્થી દીઠ શિક્ષણનો સરેરાશ ખર્ચ વધારે આવશે અને જો વિદ્યાર્થીઓનું પ્રમાણ ખૂબ વધારે હશે તો શિક્ષણની ગુણવત્તા પર તેની નકારાત્મક અસર પડશે.

શિક્ષણની ગુણવત્તા ઊંચે લઈ જવા માટે મહત્ત્વના કેટલાક પરિબળોમાં વિદ્યાર્થી–શિક્ષણનું ગુણોત્તર પ્રમાણ મહત્ત્વનું પરિબળ છે. જો શિક્ષણની ગુણવત્તા સુધારવી હોય તો વિદ્યાર્થી–શિક્ષક ગુણોત્તરમાં ઘટાડો લાવવો પડે. વિદ્યાર્થી–શિક્ષક ગુણોત્તર એટલે એક શિક્ષક દીઠ વિદ્યાર્થીઓનું પ્રમાણ. ઉપરોક્ત ટેબલ જોતાં ખ્યાલ આવશે કે ગુજરાત રાજ્યમાં શિક્ષણના દરેક સ્તરે 2007– 08 ના વર્ષ કરતાં 2015–16 ના વર્ષમાં વિદ્યાર્થી–શિક્ષક ગુણોત્તરના પ્રમાણમાં ઘટાડો થયેલો જોવા મળે છે. આનો અર્થ એ થાય છે કે ગુજરાત રાજ્યમાં સરકાર દ્વારા છેલ્લા દાયકા દરમિયાન શિક્ષકોની ભરતી મોટા પાયે કરી છે.

અહીં શાળાદીઠ શિક્ષકનું પ્રમાણ કેટલું છે તે જોવાનો પ્રયત્ન પણ કરવામાં આવ્યો છે. ગુજરાત રાજ્યમાં 2007–08 ના વર્ષની તુલનાએ 2015–16 ના વર્ષમાં માત્ર પ્રાથમિક શાળા સિવાય દરેક સ્તરની શાળામાં સરેરાશ શિક્ષકોની સંખ્યામાં વધારો થયો છે. જ્યારે પ્રાથમિક શાળામાં સામાન્ય ઘટાડો નોંધાયેલો જોવા મળે છે. આમ સારા પ્રમાણમાં શિક્ષકોની ભરતી કરવાથી સરેરાશ શિક્ષકોની સંખ્યા શાળાદીઠ વધવા પામી છે. કુલ શિક્ષકોમાં મહિલા શિક્ષકોનું પ્રમાણ કેટલું છે તે પણ જાણવાનો પ્રયત્ન કર્યો છે. અહીં જોઈ શકીએ છીએ કે 2015–16 ના વર્ષમાં શિક્ષણના દરેક સ્તરે સિવાય કે ઉચ્ચ પ્રાથમિક + માધ્યમિક + ઉચ્ચતર માધ્યમિક શાળામાં મહિલા શિક્ષકોનું પ્રમાણ 50 ટકા કરતાં વધારે જોવા મળે છે. માત્ર P + Sec. + H.S. શાળા સ્તરે જ મહિલાનું પ્રમાણ 30 ટકાની આસપાસ છે.

## 10.2.6 શિક્ષણ વિકાસ આંક (EDI) :

EDI નો મુખ્ય હેતુ શિક્ષણ સંબંધિત સાધનો, પ્રક્રિયા અને પરિણામના નિર્દેશકોને લગતા જુદા–જુદા પાસાઓને ધ્યાનમાં રાખી શિક્ષણની સમગ્રતયા સ્થિતિ દર્શાવવાનો પ્રયત્ન કરવામાં આવ્યો છે. આ આંકથી એવો ખ્યાલ આવે છે કે કયો પ્રદેશ કે વિસ્તાર શિક્ષણના વિકાસમાં પાછળ રહી ગયો છે. જેથી કરીને જે–તે પ્રદેશ કે વિસ્તારમાં શિક્ષણના સુધારા પર ભાર આપી શકાય છે. આથી તેને શિક્ષણના સુધારા માટેનું એક મહત્ત્વનું સાધન માનવામાં આવે છે.

ભારતમાં DISE જુદી–જુદી શાળાઓ આધારીત સાધનો, પ્રક્રિયા અને કેટલાક પરિણામ સંબંધિત નિર્દેશકોની માહિતી પૂરી પાડે છે. DISE ની માહિતીના આધારે, NUEPA (National University of Educational Planning and Administration) ભારત સરકારનો શાળા શિક્ષણ અને સાક્ષરતા વિભાગ શિક્ષણ વિકાસ આંકની ગણતરી કરે છે. પ્રાથમિક અને ઉચ્ચતર પ્રાથમિક શિક્ષણ માટેનો અલગ–અલગ અને બંનેનો સંયુક્ત શિક્ષણ વિકાસ આંકની ગણતરી કરવામાં આવે છે. ભારત સરકારે આ માટે 2005–06 ના વર્ષમાં એક કાર્યકારી જૂથની રચના કરી છે, જેમાં NUEPA પણ એક સભ્ય છે. હવે આપણે ગુજરાત રાજ્યમાં પ્રાથમિક અને ઉચ્ચતર પ્રાથમિક શિક્ષણ વિકાસ આંકની ચર્ચા કરીએ.

ટેબલ નં. 7 : પ્રાથમિક કક્ષા

| પ્રવેશ | | આંતર માળખુ | | શિક્ષક | | પરિણામ | |
|---|---|---|---|---|---|---|---|
| આંક | ક્રમ | આંક | ક્રમ | આંક | ક્રમ | આંક | ક્રમ |
| 0.101 | 33 | 0.586 | 15 | 0.805 | 10 | 0.759 | 12 |

સોર્સ : NUEPA

ઉપરોક્ત કોઠો જોતા ખ્યાલ આવે છે કે શિક્ષણના જુદા–જુદા પાસાઓમાં ગુજરાત રાજ્યનો સમગ્ર ભારતમાં જુદો–જુદો ક્રમ જોવા મળે છે. ગુજરાત રાજ્યમાં પ્રાથમિક શિક્ષણમાં સૌથી સારી સ્થિતિ શિક્ષકના પ્રમાણમાં છે જે સમગ્ર ભારતમાં 0.805 આંક સાથે આઠમો ક્રમ ધરાવે છે અને સૌથી નબળી સ્થિતિ શાળા પ્રવેશની સ્થિતિમાં છે. જેમાં 0.101 આંક સાથે સમગ્ર ભારતમાં 33 મો ક્રમ ધરાવે છે. જ્યારે પરિણામ અને આંતર માળખાના સંદર્ભમાં પણ ઠીક કહી શકાય તેવી સ્થિતિ રાજ્ય ધરાવે છે. પરિણામમાં ૧૨મો ક્રમ અને આંતર માળખાકીય સ્થિતિમાં 15 ક્રમ ધરાવે છે. અહીં આર્થિક વિકાસની દૃષ્ટિએ હંમેશા સમગ્ર ભારતમાં અગ્ર સ્થાનોમાં રહેતું ગુજરાત રાજ્ય શિક્ષણના સંદર્ભમાં ઘણું પાછળ જોવા મળે છે.

આપણે ત્યાં પ્રાથમિક શિક્ષણને બે ભાગમાં વહેંચવામાં આવ્યું છે. પ્રાથમિક અને ઉચ્ચતર પ્રાથમિક એટલે ધોરણ 6 થી 8 સુધીનું શિક્ષણ. હવે આપણે ઉચ્ચતર પ્રાથમિક શિક્ષણમાં શિક્ષક વિકાસ આંકની સ્થિતિ કેવી છે તે જોઈએ.

ટેબલ નં. 8 : ઉચ્ચતર પ્રાથમિક કક્ષા

| પ્રવેશ | | આંતર માળખું | | શિક્ષક | | પરિણામ | |
|---|---|---|---|---|---|---|---|
| આંક | ક્રમ | આંક | ક્રમ | આંક | ક્રમ | આંક | ક્રમ |
| 0.368 | 14 | 0.814 | 3 | 0.848 | 12 | 0.606 | 21 |

સોર્સ : એજ્યુકેશન સ્ટેટસ રિપોર્ટ – ગુજરાત

ઉપરોક્ત માહિતી પરથી ખ્યાલ આવે છે કે ઉચ્ચતર પ્રાથમિક કક્ષાએ ગુજરાત રાજ્યની શિક્ષણ વિકાસ આંકના જુદા–જુદા પાસાંની સ્થિતિ ઘણી સારી છે તેવું કહી શકાય નહિ. આ પાસાઓમાં માત્ર આંતર માળખાકીય સુવિધાઓની દૃષ્ટિએ ગુજરાત સમગ્ર ભારતમાં સારી સ્થિતિ ધરાવે છે. કારણ કે આ ક્ષેત્રે 0.814 ના આંક સાથે સમગ્ર ભારતમાં ગુજરાત ત્રીજો ક્રમ ધરાવે છે. સૌથી વધારે નબળી પરિસ્થિતિ વિદ્યાર્થીઓના પરીણામમાં જોવા મળે છે. જ્યાં 0.606 આંક સાથે ગુજરાત રાજ્યનો ક્રમ 21 મો છે. જ્યારે શિક્ષકોનું પ્રમાણ અને પ્રવેશમાં રાજ્યનો ક્રમ અનુક્રમે 12 અને 14 મો છે.

આમ પ્રાથમિક અને ઉચ્ચતર પ્રાથમિક કક્ષાએ શિક્ષણ વિકાસ આંકમાં ગુજરાત રાજ્ય સમગ્ર ભારતની સરખામણી એ ઘણું પાછળ છે તેમ કહી શકાય.

(ક) તમારી પ્રગતિ ચકાસો :

(1) ગુજરાત રાજ્યમાં સાક્ષરતાની સ્થિતિનું વર્ણન કરો.

.................................................................

.................................................................

.................................................................

.................................................................

(2) ગુજરાત રાજ્યમાં પ્રવેશ નોંધણી પર વિગતે નોંધ લખો.

.............................................................................
.............................................................................
.............................................................................
.............................................................................

(3) જાતિ સમાનતા આંક એટલે શું ? ગુજરાતમાં શિક્ષણ ક્ષેત્રે વિવિધ સ્તરે જાતિ સમાનતા આંકના વલણો તપાસો.

.............................................................................
.............................................................................
.............................................................................
.............................................................................

(4) ગુજરાત રાજ્યમાં શૈક્ષણિક સંસ્થાઓમાં પાયાની સુવિધાની સ્થિતિ વિશે નોંધ તૈયાર કરો.

.............................................................................
.............................................................................
.............................................................................
.............................................................................

(5) શિક્ષણ વિકાસ આંક એટલે શું ? શિક્ષણ વિકાસ અંગેની પ્રક્રિયા અને વલણો તપાસો.

.............................................................................
.............................................................................
.............................................................................
.............................................................................

## 10.3 ગુજરાતમાં શિક્ષણક્ષેત્રે કેટલીક સમસ્યાઓ (પ્રશ્નો) :

શિક્ષણ એ એવું સાધન છે કે જે લોકોને જ્ઞાન, કુશળતા અને ટેક્નિક પૂરું પાડવાનું કાર્ય કરે છે. તેનાથી લોકો કુટુંબ, સમાજ અને રાષ્ટ્ર પ્રત્યેની ફરજ અને હક્ક બાબતમાં સભાન અને સક્ષમ બને છે. શિક્ષણ દ્વારા લોકોની વિશ્વને જોવાની દૃષ્ટિ વિકસે છે. તે સમાજને અન્યાય, હિંસા, ભ્રષ્ટાચાર સામે લડતાં શીખવે છે. આથી આપણે એવું કહી શકીએ કે શિક્ષણ લોકોના સર્વાંગી વિકાસ માટેનું એક પ્રેરક પરિબળ છે. તે ગુણવત્તાયુક્ત અને સર્વવ્યાપક બને તે સમાજ માટે ઈચ્છનીય અને જરૂરી છે. અહીં આપણે ગુજરાત રાજ્યમાં શિક્ષણ ક્ષેત્રે જોવા મળતી કેટલીક મહત્ત્વની સમસ્યાઓની વિશે ચર્ચા કરીશું.

(1) સાક્ષરતાનું ઓછું પ્રમાણ : ગુજરાત રાજ્યમાં 2011 ની વસ્તી ગણતરી પ્રમાણે સાક્ષરતાનું પ્રમાણ 79% જેટલું છે. વિશ્વના કેટલાક વિકસિત દેશો અને ભારતના કેટલાક વિકસિત રાજ્યોમાં સાક્ષરતાનું પ્રમાણ 90 ટકા કરતા પણ વધારે છે. આની સામે ગુજરાતમાં આ પ્રમાણ ઓછું છે. ગુજરાત અલગ રાજ્ય તરીકે અસ્તિત્વમાં આવ્યા બાદના 90 વર્ષોમાં દર પાંચ ગુજરાતીમાંથી એક ગુજરાતી નિરક્ષર માલૂમ પડે છે.

(2) શાળા–કોલેજોમાં નોંધણીનું નીચું પ્રમાણ : ગુજરાત સરકાર દ્વારા છેલ્લા બે દાયકાથી શાળા–કોલેજમાં નોંધણીનું પ્રમાણ વધે તે માટે ઘણી યોજનાઓ દ્વારા પ્રયત્નો કરવામાં આવી રહ્યા છે. આ પ્રયત્નોના પરિણામે પ્રાથમિક શિક્ષણ ક્ષેત્રે નોંધણીનું પ્રમાણ વધવા પામ્યું છે અને લગભગ 95% કે તેની આસપાસ થયું છે. પરંતુ માધ્યમિક અને ઉચ્ચતર

માધ્યમિક શાળામાં નોંધણીનું પ્રમાણ હજુ અનુક્રમે 75% અને 50% ની આસપાસ રહ્યું છે, જે ઘણું ઓછું કહેવાય. આના કરતાં પણ દયનીય સ્થિતિ ઉચ્ચ શિક્ષણમાં જોવા મળે છે. જેમાં નોંધણીનું પ્રમાણ હજુ 21%ની આસપાસ જ જોવા મળે છે. એટલે 12 ધોરણ પાસ થયેલ પાંચ ગુજરાતીમાંથી માત્ર એક જ ગુજરાતી ઉચ્ચ શિક્ષણમાં પ્રવેશ મેળવે છે.

(3) શાળા–કોલેજ છોડવાનું ઊંચું પ્રમાણ : વિદ્યાર્થીઓ શાળા–કોલેજમાં માત્ર પ્રવેશ મેળવે એટલું જ જરૂરી નથી, પરંતુ શાળા કે કોલેજનો અભ્યાસ પૂર્ણ કરે તે પણ ખૂબ જ જરૂરી છે. ગુજરાત રાજ્યમાં શાળા કે કોલેજ છોડી જવાનું પ્રમાણ ઘણું ઊંચું છે. ગુજરાત સરકાર દ્વારા અમલમાં મૂકવામાં આવેલી જુદી જુદી યોજનાઓને કારણે પ્રાથમિક ક્ષેત્રે શાળા છોડવાનું પ્રમાણ ઘણું ઘટ્યું છે, પરંતુ માધ્યમિક, ઉચ્ચતર માધ્યમિક અને ઉચ્ચ શિક્ષણ ક્ષેત્રે શિક્ષણ અધુરું છોડવાનું પ્રમાણ ઘણું વધારે છે. આ સમસ્યાને નિવારવા માટે હજી ઘણાં પગલાં લેવાબાકી છે.

(4) શિક્ષણક્ષેત્રે ઓછા બજેટની ફાળવણી : શિક્ષણનો વ્યાપ વધારવા તેમજ ગુણવત્તામાં સુધારો કરવા માટે શિક્ષણ પાછળ થતો ખર્ચ ખૂબ અગત્યનો છે. ગુજરાત રાજ્યમાં શિક્ષણ પાછળ થતા જાહેર ખર્ચનું પ્રમાણ ઘણું ઓછું જોવા મળે છે. ગુજરાત સરકાર તેના કુલ બજેટના 3 થી 4 ટકા ખર્ચ જ શિક્ષણ પાછળ ખર્ચાળ છે. આથી સમગ્ર શિક્ષણ વ્યવસ્થામાં બજેટના પ્રમાણમાં ખૂબ જ ઓછા નાણાં ભાગે આવતાં હોય છે.

(5) કદના ગેરલાભો : શિક્ષણનો વ્યાપ અને ગુણવત્તા માટે નાણાકીય ફાળવણી અગત્યની છે, તેની સામે શિક્ષણ ક્ષેત્રે આ નાણાંનો ઈષ્ટત્તમ ઉપયોગ થાય એ પણ જરૂરી છે. ગુજરાત રાજ્યમાં મોટા ભાગે શાળાઓ અને કોલેજોનું પ્રમાણ એવું છે કે સંસ્થાઓમાં વિદ્યાર્થીઓનું પ્રમાણ 50 કે તેથી ઓછી સંખ્યા હોય છે. આથી શિક્ષણ ક્ષેત્રે રોકવામાં આવેલા સાધનોનો ઈષ્ટતમ ઉપયોગ શક્ય બનતો નથી. જેથી શિક્ષણ ક્ષેત્રે કદના લાભો મળવા જોઈએ તે મળતા નથી. બીજી રીતે કહીએ તો આ સમસ્યાને કારણે કદના ગેરલાભો ઉદ્દભવે છે.

(6) ખાનગીકરણનું વધતું પ્રમાણ : ભારત સરકારની ખાનગીકરણની નીતિ સાથે ગુજરાત સરકારે ખાનગીકરણની નીતિ અપનાવી છે. જેના ભાગ રૂપે ગુજરાત રાજ્યમાં શિક્ષણ ક્ષેત્રે ખાનગી સંસ્થાનું પ્રમાણ સતત વધતું જાય છે. ખાનગી સંસ્થા વધુ વિદ્યાર્થીઓ મેળવવા માટે ઘણીવાર ગેરવ્યાજબી અને અનૈતિક રીત–રસમો અપનાવતી હોય છે. આ સંસ્થાઓની ફી ઘણી ઊંચું હોવાથી ગરીબ અને સામાન્ય આવક ધરાવતા વર્ગના છોકરા–છોકરીઓને શિક્ષણ મેળવવું મુશ્કેલ બનતું હોય છે.

(7) શિક્ષણની નિમ્ન ગુણવત્તા : શિક્ષણ ક્ષેત્રે આવતા પરિમાણાત્મક ફેરફારોની સાથે–સાથે ગુણાત્મક ફેરફારો થાય તે પણ જરૂરી છે. ગુજરાત રાજ્યમાં શિક્ષણની ગુણવત્તા નબળી જણાય છે. પ્રથમ નામની સ્વૈચ્છિક સંસ્થાના અહેવાલ મુજબ ગુજરાત રાજ્યના કેટલાક વિસ્તારમાં પ્રાથમિક શાળાના વિદ્યાર્થીઓની વાંચન, ગણન અને લેખન ક્ષમતા હોવી જોઈએ, તેના કરતા ઓછી જણાઈ હતી. આથી આપણે એવું કહી શકીએ કે ગુજરાત રાજ્યમાં શિક્ષણની નિમ્ન ગુણવત્તા જોવા મળે છે. આ સમસ્યાને નિવારવા માટે ગુજરાત સરકાર સતત પ્રયત્ન કરી રહી છે.

## 10.4 શિક્ષણનું ખાનગીકરણ :

માનવજીવનના વિકાસ માટે શિક્ષણને મહત્ત્વના અને ખૂબ જ શક્તિશાળી સાધન તરીકે માનવામાં આવે છે. શિક્ષણ પાછળ કરવામાં આવતા ખર્ચને માનવ મૂડીરોકાણ તરીકે ગણવામાં આવે છે. આ બાબત પર સૌપ્રથમવાર 1963 માં ટી. ડબ્લ્યુ. શુલ્ઝ

દ્વારા ધ્યાન આપવામાં આવ્યું હતું. સમાજ જીવનના વિવિધ પાસાઓ જેવા કે આર્થિક, સામાજિક, સાંસ્કૃતિક કે રાજકીય વગેરેમાં ફેરફારો લાવવા હોય તો તે માત્ર શિક્ષણ દ્વારા જ શક્ય બનશે. આથી સમગ્ર સમાજમાં શિક્ષણનો ફેલાવો વધે અને વધુમાં વધુ લોકો શિક્ષણ લેતા થાય તેવા ઉદ્દેશથી સરકાર દ્વારા શિક્ષણનો ખર્ચ વહન કરવામાં આવતો હતો. પરંતુ જેમ–જેમ શિક્ષણની માંગમાં વધારો થતો ગયો તેમ તેમ સરકારની વિવિધ શૈક્ષણિક પ્રવૃત્તિ પાછળ થતાં ખર્ચમાં સતત વધારો થતો ગયો. પરંતુ સરકાર દ્વારા બધા જ ખર્ચને પહોંચી વળવું શક્ય ન હોવાથી સરકારે જુદા–જુદા ક્ષેત્રોમાં ખાનગીકરણની નીતિને પ્રોત્સાહન આપ્યું હતું. ભારત સરકાર દ્વારા 1991 માં કરવામાં આવેલાં આર્થિક સુધારાઓમાં ખાનગીકરણ પર ખૂબ ભાર આપવામાં આવ્યો હતો. આથી સરકારની આ નીતિમાંથી શિક્ષણ ક્ષેત્ર બાકાત રહી શક્યું નહતું. ત્યારથી શિક્ષણક્ષેત્રે વધતી જતી માંગ અને અન્ય કારણોસર સરકારે ખાનગીકરણનો માર્ગ અપનાવ્યો છે. ગુજરાત સરકારે પણ કેન્દ્ર સરકારની આ નીતિના આધારે 1996 પછી શિક્ષણ ક્ષેત્રે ખાનગીકરણને વધુ પ્રોત્સાહન આવ્યું છે.

10.4.1 શિક્ષણમાં ખાનગીકરણના હેતુઓ :

શિક્ષણ ક્ષેત્રે નીચેના હેતુથી ખાનગીકરણ અપનાવવામાં આવ્યું હતું.

– ગુણવત્તાયુક્ત શિક્ષણ પૂરું પાડવું.

– ટેક્નોલોજીકલ પ્રગતિને પ્રોત્સાહન.

– ઉદ્યોગ અને શિક્ષણ વચ્ચેનો તફાવત ઘટાડવો.

– સરકાર પરનું આર્થિક ભારણ ઘટાડવું.

– દૂરવર્તી વિસ્તાર અને નાના શહેરી વિસ્તારમાં શિક્ષણ પૂરું પાડવું.

– આંતરરાષ્ટ્રીય ધોરણો પ્રમાણેનું શિક્ષણ આપવું.

– ભારતના વિકાસ માટે વધુમાં વધુ કુશળતા ધરાવતી માનવશક્તિ વિકસાવવી.

10.4.2 શિક્ષણ ક્ષેત્રે ખાનગીકરણના ઉદ્ભવનાં કારણો :

સમગ્ર દેશમાં વધતી જતી વિકાસલક્ષી વિવિધ પ્રવૃત્તિને પહોંચી વળવું સરકાર માટે મુશ્કેલ હતું, તેમજ ખાનગી ક્ષેત્ર પરના અવરોધોને કારણે દેશમાં તીવ્ર ગતિએ વિકાસ કરવો મુશ્કેલ હતો. આથી સરકાર દ્વારા વિવિધ ક્ષેત્રે ખાનગીકરણ અપનાવવામાં આવ્યું. આ સાથે શિક્ષણમાં પણ ખાનગીકરણ દાખલ કરવામાં આવ્યું, એ માટે નીચેના કારણો જવાબદાર હતા.

(1) નીતિમાં પરિવર્તન : ભારતના બંધારણના આર્ટીકલ 45 મુજબ, 6 થી 14 વર્ષના બાળકો માટે શિક્ષણ મુક્ત અને ફરજીયાત કરવામાં આવ્યું. આથી પ્રાથમિક શિક્ષણ પર ભાર આપવામાં આવ્યો. શિક્ષણના વધતા વ્યાપને કારણે માંગને પહોંચી વળવા માટે ખાનગીકરણ પર ભાર આપવો જરૂરી બન્યો.

(2) ઉચ્ચ શિક્ષણની વધતી માંગ : પ્રાથમિક અને માધ્યમિક શિક્ષણની માંગમાં વધારો થતાં ઉચ્ચ શિક્ષણની માંગ વધી. આ ઉપરાંત દેશમાં વસ્તી વધારો ખૂબ જ ઊંચો રહેતાં ઉચ્ચ શિક્ષણની માંગમાં વધારો થયો. આથી ઉચ્ચ શિક્ષણની માંગને પહોંચી વળવા ખાનગીકરણ કરવું જરૂરી બન્યું.

(3) આર્થિક ફરજીયાતપણું : શિક્ષણ સાંસ્કૃતિક સંકલન દ્વારા વૈશ્વિકીકરણ સાથે સંબંધ ધરાવે છે. આજના સ્પર્ધાત્મક યુગમાં શિક્ષણ ક્ષેત્રે વિશ્વમાં પ્રવર્તતા શૈક્ષણિક પ્રવાહો સાથે

કદમ મિલાવવા ખૂબ જ જરૂરી છે. એ માટે શિક્ષણ પાછળ જ ઊંચા ખર્ચની જરૂરીયાત રહે છે. ઉપરાંત વિશ્વની ખાનગી શૈક્ષણિક સંસ્થાઓની મદદ લેવી પણ જરૂરી છે. આ કારણસર શિક્ષણના ખાનગીકરણના વ્યાપમાં વધારો થયો.

(4) માંગ બાજુનું દબાણ : શિક્ષણમાં વધતી જતી પ્રવેશની સમસ્યાનો સામનો કરવા સરકાર અસમર્થ બની હતી. કારણ કે સરકારે આ માંગને પહોંચી વળવું હોય તો કરવેરા દ્વારા આવક વધારવી જરૂરી હતી. કરવેરાનું વધતુ પ્રમાણ લોકોના સરકાર પ્રત્યેના રોષમાં વધારો કરી શકે તેમ હતું. આથી કરવેરા દ્વારા આવક વધારી શિક્ષણની માંગ પૂરી કરવાને બદલે શિક્ષણમાં ખાનગી ક્ષેત્રને છૂટ આપી માંગ વધારવાનો સરકાર દ્વારા પ્રયત્ન કરવામાં આવ્યો.

(5) ગુણવત્તાયુક્ત શિક્ષણ અને ટેક્નોલોજીનો ઉપયોગ : ગુણવત્તાયુક્ત શિક્ષણ સેવા પૂરી પાડવા માટે મોટા સમૂહને શિક્ષણ આપવાને બદલે નાના–નાના જૂથમાં શિક્ષણ મળી રહે તે જરૂરી હતું. આ ઉપરાંત વિશ્વમાં ઉપયોગ થઈ રહેલી શૈક્ષણિક ટેક્નોલોજીની ગુણવત્તા સુધારવા માટે ઉપયોગ કરવો જરૂરી હતો. આવું કરવા માટે ખાનગી ક્ષેત્રને પ્રોત્સાહન આપવા સિવાય સરકાર પાસે બીજો રસ્તો ન હતો.

### 10.4.3 શૈક્ષણિક ક્ષેત્રે ખાનગીકરણનું પ્રમાણ :

છેલ્લા ત્રણ દાયકા દરમિયાન સમગ્ર ભારત અને ગુજરાત રાજ્યમાં શિક્ષણ ક્ષેત્રે ખાનગીકરણ પર ભાર આપવામાં આવ્યો છે. હવે આપણે કુલ શૈક્ષણિક સંસ્થાઓમાં ખાનગી સંસ્થાનું પ્રમાણ કેટલું છે તે તપાસીશું.

ટેબલ નં. 9 : શૈક્ષણિક સંસ્થાઓમાં ખાનગી સંસ્થાનું પ્રમાણ (ટકાવારીમાં)

| ક્રમ | વર્ષ | 2008–09 | | | 2015–16 | | |
|---|---|---|---|---|---|---|---|
| | શાળાનોપ્રકાર | સરકારી શાળાનું પ્રમાણ | ખાનગી શાળાનું પ્રમાણ | કુલ શાળાનું પ્રમાણ | સરકારી શાળાનું પ્રમાણ | ખાનગી શાળાનું પ્રમાણ | કુલ શાળાનું પ્રમાણ |
| 1. | માત્રપ્રાથમિક | 92.62 | 7.38 | 100.00 | 89.71 | 10.29 | 100.00 |
| 2. | પ્રાથમિકઅનેઉચ્ચતરપ્રાથમિક | 85.00 | 15.00 | 100.00 | 78.58 | 21.42 | 100.00 |
| 3. | પ્રાથમિક/ઉચ્ચતરપ્રાથમિક/ માધ્યમિક/ઉચ્ચતરમાધ્યમિક | 12.47 | 87.53 | 100.00 | 03.46 | 96.54 | 100.00 |
| 4. | માત્રઉચ્ચતરપ્રાથમિક | 25.00 | 75.00 | 100.00 | 38.78 | 61.22 | 100.00 |
| 5. | ઉચ્ચતરપ્રાથમિક/માધ્યમિક/ ઉચ્ચતરમાધ્યમિક | 06.76 | 93.24 | 100.00 | 21.37 | 78.63 | 100.00 |
| 6. | કુલ | | | | | | |

સ્રોત : DISE રિપોર્ટ

ઉપરોક્ત આંકડા જોતાં ખ્યાલ આવે છે કે વર્ષ 2008–09 અને 2015–16 માં પ્રાથમિક તેમજ પ્રાથમિક અને ઉચ્ચતર પ્રાથમિક સિવાયની શૈક્ષણિક સંસ્થાઓમાં સરકારી શાળાના પ્રમાણ કરતાં ખાનગી શાળાનું પ્રમાણ વધારે જોવા મળે છે. ૨૦૦૮–૦૯ અને 2015–16 ની તુલના કરતાં માત્ર ઉચ્ચતર પ્રાથમિક અને ઉચ્ચતર પ્રાથમિક / માધ્યમિક / ઉચ્ચતર માધ્યમિક સિવાય ત્રણે પ્રકારની સંસ્થામાં ખાનગી સંસ્થાનો ફાળો વધવા પામ્યો છે. આમ સરકાર દ્વારા ખાનગીકરણની શરૂઆત થયા બાદ ઉત્તરોત્તર ખાનગી શૈક્ષમિક સંસ્થાઓનું પ્રમાણ સતત વધતું રહ્યું છે.

## 10.5 ગુજરાતમાં શિક્ષણ ક્ષેત્રે જાહેર નીતિ :

શિક્ષણ નીતિ એટલે શૈક્ષણિક ક્ષેત્રના સિદ્ધાંતો અને સરકારની નીતિઓ તેમજ કાયદા અને નિયમોનો સમૂહ. જે સમગ્ર શિક્ષણ પ્રણાલીને સંચાલિત કરે છે. દરેક દેશ પોતાની આર્થિક, સામાજિક, રાજકીય અને સાંસ્કૃતિક સ્થિતિને ધ્યાનમાં રાખી શિક્ષણ સંદર્ભે જાહેર નીતિનું ઘડતર કરતો હોય છે. એકવાર નક્કી થયેલી આ શિક્ષણ પ્રણાલીમાં સમયાંતરે ફેરફારો પણ કરવામાં આવતા હોય છે. ભારત દેશ દ્વારા પણ સમયાંતરે પોતાની શિક્ષણ નીતિનું ઘડતર કરી યથાયોગ્ય ફેરફારો કરેલ છે. ભારત સરકારે સૌપ્રથમ 1948 માં પ્રથમ શિક્ષણ નીતિથી શરૂઆત કરીને 2019 સુધીમાં ઘણી શિક્ષણ નીતિઓનું ઘડતર કરેલ છે. દેશના રાજ્યો પણ દેશની શિક્ષણ નીતિને ધ્યાનમાં રાખી પોતાની અલગ નીતિનું ઘડતર કરી શકે છે. પરંતુ ગુજરાત રાજ્ય દ્વારા કોઈ અલગ શિક્ષણ નીતિનું ઘડતર કરવામાં આવ્યું નથી. દેશની શિક્ષણ નીતિને ધ્યાનમાં રાખી ગુજરાત સરકાર દ્વારા શિક્ષણ સંદર્ભે કેટલી જાહેર યોજનાઓ તૈયાર કરવામાં આવી છે અને તેનો સમયાંતરે અમલ કરવામાં આવ્યો છે. આ યોજનાઓની હકારાત્મક અસર શાળા પ્રવેશ તેમજ શાળા છોડી જવાના પ્રમાણ પર પડી છે. અહીં આપણે ગુજરાત સરકાર દ્વારા શિક્ષણ ક્ષેત્રે જે વિવિધ યોજનાઓમાં અમલમાં મૂકી છે તેની ચર્ચા કરીશું.

(1) શાળા પ્રવેશોત્સવ : ગુજરાત સરકારે ગુજરાત રાજ્યમાં શાળાઓમાં કુલ નોંધણી પ્રમાણ વધે એટલા માટે જૂન 2010 થી શાળા પ્રવેશોત્સવની શરૂઆત કરી છે. દર વર્ષે જૂન મહિનામાં સમગ્ર ગુજરાતમાં શાળા પ્રવેશોત્સવ ઉજવવામાં આવે છે. જેમાં શિક્ષકો અને રાજકીય પદાધિકારીઓ ઘરે–ઘરે જઈ બાળકોને શાળામાં પ્રવેશ માટે પ્રોત્સાહિત કરે છે, જેના કારણે કુલ નોંધણી પ્રમાણમાં વધારો થયો છે.

(2) સ્ત્રી શિક્ષણ રથયાત્રા : ગુજરાત રાજ્ય 2001 માં કુલ સાક્ષરતા દરમાં સમગ્ર ભારતમાં 15 મો ક્રમ ધરાવતું હતું અને સ્ત્રી સાક્ષરતા પ્રમાણમાં ૨૧મો ક્રમ ધરાવતું હતું. આથી ગુજરાત સરકારે 2002 ની સાલમાં એવા વિસ્તારમાં સ્ત્રી કેળવણી રથયાત્રા શરૂ કરી કે જે વિસ્તારમાં સ્ત્રી સાક્ષરતાનું પ્રમાણ 20 ટકા કરતા ઓછું હતું. આ રથયાત્રામાં શિક્ષકો, વિવિધ પદાધિકારીઓ દ્વારા વિદ્યાર્થીનીઓને અને તેમના વાલીઓને શાળામાં પ્રવેશ લેવા અને જો શાળા છોડી દીધી હોય તો ફરી પ્રવેશ લેવા માટે સમજાવવામાં આવ્યા. 2005થી આ યોજનામાં ફેરફાર કરી જે વિસ્તારમાં સ્ત્રી સાક્ષરતાનું પ્રમાણ ૩૫ ટકા કરતા ઓછું હોય તેવા વિસ્તારમાં આ રથયાત્રા કાઢવામાં આવે છે. આવા વિસ્તારમાં સ્ત્રી કેળવણી માટે સરકાર દ્વારા જાહેર કરવામાં આવેલી યોજનાઓ અને લાભોની જાણકારી પણ આપવામાં આવે છે.

(3) વિદ્યાલક્ષ્મી બોન્ડ યોજના : સ્ત્રી કોળવણીમાં વધારો થાય તે માટે ગુજરાત સરકાર દ્વારા વિદ્યાલક્ષ્મી બોન્ડ યોજના શરૂ કરવામાં આવી છે, જેમાં શાળાના પ્રથમ વર્ષમાં પ્રવેશ મેળવતી છોકરીને 1000/- રૂા. ના બોન્ડ આપવામાં આવે છે જે સાતમું ધોરણ પૂર્ણ કરવાથી વ્યાજ સાથે તેની રકમ પરત આપવામાં આવે છે. આ યોજનાનો મુખ્ય હેતુ સ્ત્રીઓમાં પ્રવેશ વધારવો તેમજ શાળા છોડવાનું પ્રમાણમાં ઘટાડવાનો છે. આ યોજનામાં સરકાર દ્વારા સમાજના પ્રતિષ્ઠિત વ્યક્તિઓ, ખાનગી સંસ્થાઓ, સ્વૈચ્છિક સંસ્થાઓ વગેરેને જોડવામાં આવી છે.

(4) વિદ્યાદીપ યોજના : ગુજરાત રાજ્યમાં 2001 માં આવેલ ભયંકર ભૂકંપમાં શાળાના ઘણા બાળકો મૃત્યુ પામ્યા હતા. આથી સરકારે આ બાળકોની યાદમાં આ યોજના શરૂ કરી હતી. જેમાં સરકાર દ્વારા ગુજરાત રાજ્યની શાળામાં ભણતા તમામ બાળકોનો વીમો ઉતરાવવામાં આવે છે, જેનું સંપૂર્ણ પ્રીમિયમ સરકાર દ્વારા ભરવામાં આવે છે.

જો શાળાના અભ્યાસ દરમિયાન બાળકનું અકસ્માતથી મોત થાય તો સરકાર દ્વારા આ યોજના માટે 25000/- રૂા. ની સહાય તેના માતા–પિતા કે વાલીને આપવામાં આવે છે.

(5) શાળામાં શૌચાલય બાંધકામ યોજના : ગુજરાત રાજ્યમાં ધોરણ 5 થી 7 દરમિયાન છોકરીઓનું શાળા છોડવાનું પ્રમાણ ખૂબ જ વધારે હતું. આ સમસ્યાનો અભ્યાસ કરતા ખ્યાલ આવ્યો કે ઘણી શાળાઓમાં છોકરીઓ માટે શૌચાલયની અલગ વ્યવસ્થા ન હોવાને કારણે છોકરીઓમાં શાળા છોડવાનું પ્રમાણ વધારે જોવા મળ્યું હતું. આથી સરકાર દ્વારા છોકરીઓના અલગ શૌચાલયની યોજના શરૂ કરવામાં આવી, ત્યારબાદ છોકરીઓમાં શાળા છોડવાના પ્રમાણમાં ઘટાડો નોંધાયો હતો.

(6) શાળા આરોગ્ય ચકાસણી કાર્યક્રમ : ગુજરાત સરકાર દ્વારા શરૂ કરવામાં આવેલો આ કાર્યક્રમ સમગ્ર ભારતમાં યુનિક હતો. સરકાર દ્વારા શાળાએ જતાં બાળકોની આરોગ્યની ચકાસણી દર વર્ષે મેડીકલ ઓફિસર દ્વારા કરાવવામાં આવે છે. આ તપાસ દરમિયાન જો બાળકને કોઈ પણ પ્રકારની તકલીફ જણાય તો નજીકના આરોગ્ય કેન્દ્રમાં તેની સારવાર થાય તેવો પ્રયત્ન કરવામાં આવે છે. જો બાળકને હૃદય, કિડની કે કેન્સર જેવી બિમારી જોવા મળે તો જ તે તકલીફના માહેર (સ્પેશ્યાલીસ્ટ) ડોક્ટર પાસે સારવાર કરાવવામાં આવે છે. જો હૃદયની ગંભીર તકલીફ જણાય તો એપેક્ષ હોસ્પિટલમાં સારવાર માટે મોકલવામાં આવે છે. જેનો ખર્ચ સરકારની મુખ્યમંત્રી યોજના રાચી નીધિમાંથી કરવામાં આવે છે. જો બાળકને આંખની તકલીફ જણાય તો ચકાસણી કરીને મફત ચશ્મા આપવામાં આવે છે. નંબર હોય તો એ ચશ્મા અપાય છે.

(7) કોમ્પ્યુટર શિક્ષણ યોજના : ગુજરાત સરકાર દ્વારા ધોરણ 5 થી 7 ના બાળકોને કોમ્પ્યુટર શિક્ષણ મળી રહે તેવા હેતુથી શાળામાં કોમ્પ્યુટર આપવામાં આવ્યા છે. તેમજ શાળાનાં શિક્ષકોને કોમ્પ્યુટરની તાલીમ પણ આપવામાં આવે છે. આજના યુગમાં બાળકને પ્રાથમિક કક્ષાએથી જ કોમ્પ્યુટર શિક્ષણ મળી રહે તેવા હેતુથી આ યોજના શરૂ કરવામાં આવી છે.

આ યોજનાઓ ઉપરાંત કેન્દ્ર સરકાર દ્વારા અમલમાં મુકવામાં આવેલી મધ્યાહન ભોજન યોજના, સર્વ શિક્ષા અભિયાન, માધ્યમિક શિક્ષણ યોજના, રાષ્ટ્રીય ઉચ્ચ શિક્ષણ અભિયાન યોજના વગેરે રાજ્યમાં શિક્ષણ ક્ષેત્રે અમલીકૃત છે.

(ખ) તમારી પ્રગતિ ચકાસો :

(1) ગુજરાત રાજ્યમાં શિક્ષણની સમસ્યાઓની ચર્ચા કરો.

..................................................................
..................................................................
..................................................................
..................................................................

(2) શિક્ષણમાં ખાનગીકરણનો ખ્યાલ સમજાવી તેના હેતુઓ સ્પષ્ટ કરો.

..................................................................
..................................................................
..................................................................
..................................................................

(3) ગુજરાતમાં શિક્ષણ ક્ષેત્રે ખાનગીકરણના કારણો અને પ્રમાણની ચર્ચા કરો.

..............................................................................

..............................................................................

..............................................................................

..............................................................................

(૪) ગુજરાત રાજ્યમાં શિક્ષણ ક્ષેત્રે પ્રવર્તની જાહેર નીતિની ચર્ચા કરો.

..............................................................................

..............................................................................

..............................................................................

..............................................................................

(ગ) હેતુલક્ષી પ્રશ્નો :

(1) ભારતમાં કેટલી ઉંમરની વ્યક્તિ કે જે એક ભાષા લખી–વાંચી શકે તેને સાક્ષર ગણવામાં આવે છે ?

(A) 7 વર્ષથી મોટી (B) 10 વર્ષથી મોટી

(C) 12 વર્ષથી મોટી (D) 15 વર્ષથી મોટી

(2) 2011 ના સેન્સસ પ્રમાણે ગુજરાતમાં સાક્ષરતાનું પ્રમાણ કેટલું હતું ?

(A) 74.04% (B) 75.5%

(C) 77.41% (D) 79.31%

(3) જાતિ સમાનતા આંક 1 આવે તો તેનો શું અર્થ થાય છે ?

(A) પ્રવેશમાં સમાન તક (B) પ્રવેશમાં અસમાન તક

(C) બંને (D) કહી ન શકાય.

(4) GPI નું આખું નામ શું છે ?

(A) Gross Parity Index (B) Gender Parity Index

(C) Gender Pyor Index (D) Gross Pyor Index

(5) ઉચ્ચ પ્રાથમિક શાળા ક્યાંથી કયા ધોરણો સુધી ગણવામાં આવે છે ?

(A) 1 થી 5 ધોરણ (B) 3 થી 7 ધોરણ

(C) 6 થી 8 ધોરણ (D) એકેય નહિં.

(6) ગુજરાતમાં શિક્ષણક્ષેત્રે કઈ સમસ્યા જોવા મળે છે ?

(A) સાક્ષરતાનું ઊંચું પ્રમાણ (B) નિમ્ન ગુણવત્તા

(C) નોંધણીનું ઊંચું પ્રમાણ (D) નીચો ડ્રોપ આઉટ

(7) ગુજરાતમાં શિક્ષણ ક્ષેત્રે ખાનગીકરણ માટે કયો હેતુ ન હતો ?

(A) દૂરવર્તી વિસ્તારમાં શિક્ષણ (B) ગુણવત્તાયુક્ત શિક્ષણ

(C) આર્થિક ભારણ ઘટાડવું (D) એકેય નહિ.

(8) સ્ત્રી કેળવણી રથયાત્રા કયાં વર્ષથી થઈ કરવામાં આવી ?

(A) 2002 (B) 2003

(C) 2004 (D) 2005

## 10.6 સારાંશ :

આ એકમમાં આપણે ગુજરાતમાં શિક્ષણની સ્થિતિ, સમસ્યા, ખાનગીકરણ અને જાહેર નીતિની ચર્ચા કરી ગુજરાતમાં શિક્ષણની પ્રવર્તમાન સ્થિતિ અને તેમાં આવતા પરિવર્તનોનો ખ્યાલ મેળવી તેની સમસ્યાઓ પર પ્રકાશ ફેંકવામાં આવ્યો. ગુજરાત રાજ્યમાં ખાનગીકરણની નીતિ અને જાહેર નીતિની ચર્ચા પણ કરવામાં આવી.

● ચાવીરૂપ શબ્દો :

- સાક્ષરતા : ૭ વર્ષ કે તેથી વધુ વયના વ્યક્તિઓમાં કોઈ એક ભાષા લખવા–વાંચવાની ક્ષમતા.
- સાક્ષરતા દર : દેશની કુલ વસ્તીમાંથી શિક્ષણ મેળવેલી વસ્તીનું પ્રમાણ.
- કુલ પ્રવેશ નોંધણીનું પ્રમાણ : ઉંમરને ધ્યાનમાં લીધા વિના શાળા–કોલેજમાં ચોક્કસ વર્ષ દરમિયાન દાખલ થતાં વિદ્યાર્થીઓનું પ્રમાણ.
- ચોખ્ખું પ્રવેશ નોંધણીનું પ્રમાણ : શાળા કે કોલેજમાં દાખલ થવાની વય ધરાવતા વિદ્યાર્થીઓમાંથી ચોક્કસ વર્ષ દરમિયાન દાખલ થતાં વિદ્યાર્થીઓનું પ્રમાણ.
- જાતિ સમાનતા આંક : છોકરીઓના કુલ પ્રવેશ નોંધણીના ગુણોત્તરને છોકરાઓના કુલ પ્રવેશ નોંધણી ગુણોત્તર દ્વારા ભાગતાં જે આંક મળે તેને જાતિ સમાનતા આંક કહે છે.
- શિક્ષણ વિકાસ આંક : શિક્ષણના જુદા–જુદા નિર્દેશકોનું ગુણોત્તર પ્રમાણ.
- કદના ગેરલાભ : કોઈ એક ક્ષેત્રના વિસ્તારને કારણે થતો ગેરલાભ.
- ખાનગીકરણ : કોઈ પણ જાહેર ક્ષેત્રના એકમને ખાનગી ક્ષેત્રમાં રૂપાંતરણ અને નિયંત્રણ.

● કેટલાક ઉપયોગી પુસ્તકો :

(1) ભટ્ટ બી. કે., 'ગુજરાતનું અર્થતંત્ર', પોપ્યુલર પ્રકાશન, સુરત (2009)
(2) J. B. J. Tilak, 'Higher Education in India' Himalaya Publication, Mumbai (2009)
(3) Gaurav Datt & Mahajan, 'India Economy', Chand and Pulication, New Delhi.

● તમારી પ્રગતિ ચકાસો (જવાબો : ક)

(1) જુઓ મુદ્દા નં. 10.1.1
(2) જુઓ મુદ્દા નં. 10.1.2
(3) જુઓ મુદ્દા નં. 10.1.3
(4) જુઓ મુદ્દા નં. 10.1.4
(5) જુઓ મુદ્દા નં. 10.1.5

● તમારી પ્રગતિ ચકાસો (જવાબો : ખ)

(1) જુઓ મુદ્દા નં. 10.2

(2) જુઓ મુદ્દા નં. 10.3 અને 10.3.1

(3) જુઓ મુદ્દા નં. 10.3.2 અને 10.3.3

(4) જુઓ મુદ્દા નં. 10.4

● તમારી પ્રગતિ ચકાસો (જવાબો : ગ)

(1 – A) (2 – D) (3 – A) (4 – B)

(5 – C) (6 – B) (7 – (D) (8 – A)

★ ★ ★

એકમ 11

# ગુજરાતમાં સ્વાસ્થ્ય સુવિધાઓ

## રૂપરેખા


11.0 ઉદ્દેશો

11.1 પ્રસ્તાવના

11.2 ગુજરાતમાં આરોગ્યની સ્થિતી

11.3 ગુજરાત રાજ્યમાં આરોગ્ય સેવાઓની સમસ્યાઓ

11.4 આરોગ્યક્ષેત્રે ખાનગીકરણ

11.5 ગુજરાતમાં આરોગ્યક્ષેત્રે જાહેર નીતિ

11.6 સારાંશ

11.7 ચાવીરૂપ શબ્દો

11.8 તમારી પ્રગતિ ચકાસો

11.9 સંદર્ભસૂચિ

★ તમારી પ્રગતિ ચકાસોના જવાબો.


## 11.0 ઉદ્દેશો :

આ એકમના અભ્યાસથી વિદ્યાર્થીઓ નિમ્નાંકિત બાબતોથી અવગત થશે.

1. ગુજરાત રાજ્યમાં સ્વાસ્થ્ય સેવાઓની સ્થિતીની જાણકારી મેળવે.
2. ગુજરાત રાજ્યમાં સ્વાસ્થ્ય સેવાઓને લગતી સમસ્યાઓની સમજ કેળવે.
3. ગુજરાત રાજ્યમાં સ્વાસ્થ્ય સેવાઓ માટે અપનાવવામાં આવેલી ખાનગીકરણની નીતિને સમજે.
4. ગુજરાત રાજ્યમાં સ્વાસ્થ્ય સેવાઓ સંદર્ભ જાહેર નીતિનો અભ્યાસ કરી વિશ્લેષણની ક્ષમતા કેળવે.

## 11.1 પ્રસ્તાવના :

સારું સ્વાસ્થ્ય માનવજીવનની સુખાકારી અને કલ્યાણ માટે એક મહત્વનો નિર્દેશક છે. સારું સ્વાસ્થ્ય ધરાવતા લોકો કુંટુંબ, સમાજ અને દેશની આર્થિક પ્રગતિમાં મહત્ત્વનો ફાળો આપી શકે છે. કારણ કે સારુ ધરાવનાર લાંબુ જીવન જીવી શકે છે એટલે લાંબા સમય સુધી રૂકાવટ વગર આર્થિક પ્રવૃત્તિ કરી શકે છે. આ ઉપરાંત સારુ સ્વાસ્થ્ય ધરાવતા લોકોની કાર્યક્ષમતા પણ ઊંચી હોય છે તેમજ બચતક્ષમતા પણ ઊંચી હોય છે. આથી તે રાષ્ટ્રના વિકાસમાં ઘણો મહત્ત્વનો ફાળો આપી શકે છે. આમ રાષ્ટ્ર પણ દેશના લોકોનું સ્વાસ્થ્ય સારુ બને તે માટે સતત પ્રયત્નશીલ રહે છે. વિશ્વ કક્ષાએ વિશ્વ આરોગ્ય સંસ્થા સમગ્ર દુનિયામાં સ્વાસ્થ્યની સ્થિતી કલ્યાણકારી બને તે માટે

સતત પ્રયત્નશીલ રહે છે. W.H.O. સંસ્થાએ સારુ આરોગ્ય (સ્વાસ્થ્ય) કોને કહેવાય તે માટેની વ્યાખ્યા પણ કરી છે. આથી આ સંસ્થાના મતે સારુ આરોગ્ય એટલે સંપૂર્ણ, શારીરિક, માનસિક અને સામાજિક સુખાકારીની સ્થિતિ.

આ વ્યાખ્યાને આધારે એવું કહી શકાય કે માત્ર રોગની ગેરહાજરી જ નહી પરંતુ માનસિક અને સામાજિક તંદુરસ્તી પણ વસ્તીની ગુણવત્તાનું અગત્યનું પાસુ છે.

માનવીના વિકાસ માટે સારી આરોગ્ય સેવા મળી રહે તે ખૂબ જ આગત્યનું છે. આ માટે રાજ્યમાં તેની પ્રાથમિક ફરજ તરીકે તેની પ્રજાના પોષણની કક્ષા ઊંચી લાવવા તેમજ તેમનું જીવન ધોરણ ઊંચુ લાવવા માટે ભારતના બંધારણમાં જણાવવામાં આવ્યુ છે. આ એકમમાં આપણે ગુજરાત રાજ્યમાં સરકાર તરફથી મળતી આરોગ્ય સેવાઓનો અભ્યાસ કરીશું.

## 11.2 ગુજરાતમાં આરોગ્યની સ્થિતિ :

કોઈપણ રાષ્ટ્રમાં આરોગ્ય અને આર્થિક વિકાસ વચ્ચે પરસ્પર સંબંધ રહેલો હોય છે. જો રાષ્ટ્રમાં સ્વાસ્થ્યની સેવાઓમાં સુધારો થાય તો તે દેશના આર્થિક વિકાસમાં વધારો થાય અને જો દેશમાં આર્થિક વિકાસ થાય તો તે દેશમાં સ્વાસ્થ્યની સુવિધાઓમાં અને સ્થિતીમાં સુધારો લાવી શકાય. કોઈ પણ રાષ્ટ્રનો આર્થિક વિકાસ વધતાં તે દેશ અને લોકોની આર્થિક ક્ષમતામાં વધારો થાય છે. આથી દરેક દેશ અને દેશના લોકો આરોગ્યનું પોષણ મળી રહે તે માટે ઉપરાંત શિક્ષણ પાછળ પોતાનો ખર્ચ વધારતા હોય છે. આ ખર્ચ વધવાથી ઓરોગ્યની સુવિધા તેમજ સ્થિતી બન્નેમાં હકારાત્મક પરિવર્તન આવતું હોય છે.

હવે આપણે ગુજરાત રાજ્યમાં ઓરોગ્યની (સ્વાસ્થ્ય) સ્થિતી કેવી છે તેનો અભ્યાસ કરીશું.

### 11. 2.1 જન્મદર અને મૃત્યુદરની સ્થિતી :

જન્મદર અને મૃત્યુદર આ બે નિર્દેશકો કોઈ પણ દેશની વસ્તીના પ્રમાણમાં ફેરફાર લાવનાર મહત્ત્વના નિર્દેશકો છે. જન્મદર એ બાળકોના જન્મને દર્શાવે છે. જે વસ્તીમાં વધારો લાવે છે જયારે મૃત્યુદર એ વ્યક્તિના મૃત્યુને દર્શાવે છે. જે વસ્તીમાં ઘટાડો લાવે છે. આ બે નિર્દેશકોના તફાવતથી દેશમાં કુલ વસ્તીમાં કુદરતી રીતે કેવા ફેરફાર આવે છે તેનો ખ્યાલ આપે છે. અલબત કોઈ એક દેશ કે વિસ્તારની વસ્તીના પ્રમાણમાં ફેરફાર માટે સ્થળાંતર પણ અગત્યનો નિર્દેશક છે પરંતુ અહીં આપણે તેને ધ્યનમાં લેતા નથી અહીં આપણે પહેલા જન્મદર અને મૃત્યુદરનો ખ્યાલ સમજી તે અંગેની ગુજરાત રાજ્યની સ્થિતીની ચર્ચા કરીશું.

જન્મદર : જન્મદરના બે ખ્યાલ પ્રવર્તે છે. જન્મદર અને કાચો જન્મદર.

જન્મદર એટલે કોઈ એક વિસ્તારમાં દર હજારની વિસ્તીએ જન્મતા બાળકોની સંખ્યા.કાચો જન્મદર એ એક ચોક્કસ વર્ષ દરમિયાન તે વસ્તીમાં નોંધાયેલા જીવતા જન્મોની સંખ્યાને તેની કુલ સંખ્યા વડે ભાગવાથી જે વસ્તી મળે તેને 1000ની સંખ્યા વડે ગુણવાથી કાચો જન્મદર મળે છે. સૂત્રના રૂપમાં જોઇએ તો આ પ્રમાણે છે.

$$CBR=B/P \times R$$

જયાં B કોઈ એક ચોક્કસ વર્ષમાં કુલ જીવિત જન્મોની સંખ્યા

P = તે વર્ષમાં મધ્યમાં કુલ વસ્તી

R = દર (1000)

ધારો કે કોઈ એક ચોક્કસ વિસ્તારની વસ્તી 1,00,000 હોય ત્યાં જન્મેલા બાળકોની સંખ્યા

CBR=1000/1,00,000 x 1000=10

આમ ઉપરોક્ત ઉદાહરણ પ્રમાણે દર હજાની વસ્તીએ કાચો જન્મદર 10 આવે છે.

મૃત્યુદર : મૃત્યુદરને પણ બે દ્રષ્ટિએ જોવામાં આવે છે. મૃત્યુદર અથવા કાચો મૃત્યુદર

મૃત્યુદર એટલે કોઈ એક વિસ્તારમાં ચોક્કસ સમય દરમિયાન દર હજારની વસ્તીએ મૃત્યુ પામતા વ્યક્તિઓની સંખ્યા સૂત્રના રૂપમાં જોઈએ તો

CDR=B/P x R

B = એક વર્ષમાં નોંધાયેલા કુલ મૃત્યુ

P = તે જ વર્ષની મધ્યમાં કુલ વસ્તી

R= 1000

ધારોકે કોઈ એક ચોક્કસ વિસ્તારની વસ્તી 50000 હોય અને વર્ષ દરમિયાન 10 મૃત્યુ થયા હોય તો

CDR = D/P x R

= 10/5000 x1000

અહિં DxR મૃત્યુદર આવે છે. હવે આપણે ગુજરાત રાજ્યમાં જન્મદર અને મૃત્યુદરની શું સ્થિતી છે તેની ચર્ચા કરીશું.

જન્મદર અને મૃત્યુદર બન્નેની આંકડાકીય માહિતી જે તે વિસ્તારમાં વસ્તીના કદમાં કુદરતી કેટલો ફેરફાર થશે તે દર્શાવે છે. આથી ભવિષ્યની વસ્તીનું પ્રક્ષેપણ અને એ પ્રમાણે આયોજન કરવા માટે ખૂબ જ મદદરૂપ થાય છે. આથી અહીં આપણે ગુજરાતમાં બન્નેની સ્થિતી કેવી રહી છે તે જોઇશું.

ટેબલ- 1 જન્મદર, મૃત્યુદર અને કુદરતી વસ્તીવૃદ્ધિ દર (દર હજારે)

| ક્રમ | વર્ષ | જન્મદર | મૃત્યુદર | કુદરતી વસ્તીવૃદ્ધિ દર |
|---|---|---|---|---|
| 1 | 1971 | 40 | 16.4 | 23.6 |
| 2 | 1981 | 34.5 | 12 | 22.5 |
| 3 | 1991 | 27.5 | 8.5 | 19.0 |
| 4 | 2001 | 25.0 | 7.8 | 17.2 |
| 5 | 2011 | 21.3 | 6.7 | 14.6 |
| 6 | 2017 | 19.9 | 6.2 | 13.7 |

Source:CMIE1 : Centre for Monitering Indian Economy.

ઉપરોક્ત ટેબલમાં જન્મદર, મૃત્યુદર અને કુદરતી વસ્તી વૃદ્ધિદરના આંકડા 1971 થી 2017 સુધીના આપવામાં આવેલા છે. આ આંકડા તપાસતા ખ્યાલ આવે છે કે ગુજરાત રાજ્યમાં જન્મદર અને મૃત્યુદર બન્નેમાં સમયાંતરે ઘટાડો જોવા મળે છે તેટલો ઘટાડો જન્મદરમાં જોવા મળતો નથી. 1971 થી 2017ના ગાળા દરમિયાન જન્મદર 20.1 ટકાવારી બિંદુ અને મૃત્યુદરમાં 10.2 ટકાવારી બિંદુ જેટલો ઓછો થયેલો જોવા મળે છે. સમગ્ર રીતે જોતાં આપણે એમ પણ કહી શકીએ કે જન્મદરના પ્રમાણમાં લગભગ આ ગાળા દરમિયાન 50 ટકા જેટલો ઘટાડો નોંધાયો છે. જેથી

કુદરતી વસ્તી વૃદ્ધિ દર જે 1971માં 23.6 ટકા હતો તે 2017માં ઘટીને 13.7 ટકા જેટલો રહ્યો છે. એટલે કે 50 ટકા કરતા ઓછો ઘટાડો નોંધાયો છે. આમ છતા અહીં નોંધવુ ઘટે કે ગુજરાત રાજ્યનો સરેરાશ જન્મદર અને સરેરાશ મૃત્યુદર સમગ્ર ભારતના સરેરાશ જન્મદર અને સરેરાશ મૃત્યુદર કરતા ઓછો છે.

11.2.2 બાળમૃત્યુદર સ્થિતી :

દેશની વસ્તીમાં વર્ષ દરમિયાન પ્રત્યેક 1000 મહીલાએ જન્મેલા બાળકો પૈકી જે બાળકો જન્મ પછી એક વર્ષની અંદર મૃત્યુ પામે છે તે સંખ્યાને બાળ મૃત્યુદર કહેવામાં આવે છે. બાળ મૃત્યુદર પ્રત્યેક 1000 જીવિત જન્મેલા બાળકોના આધારે ગણવામાં આવે છે એટલે કે મૃત જન્મેલા બાળકોનો આમા સમાવેશ થતો નથી. જે બાળકો જનમ્યા પછી એક વર્ષમાં મૃત્યુ પામતા હોય તેમને જ બાળમૃત્યુ તરીકે ગણવામાં આવે છે. સૂત્રનાં રૂપે જોઈએ તો

IMR=D/B x 1000

જયાં D = એક વર્ષની અંદર મૃત્યુ પામતાં બાળકોનું પ્રમાણ

B = જીવતા જન્મતા બાળકોનું પ્રમાણ

ઉદાહરણ તરીકે 2008ની સાલમાં 1,50,000 બાળકો જીવતા જન્મે છે તેમાંથી 1300 બાળકો એક વર્ષની ઉંમર પૂરી કરતાં પહેલા મૃત્યુ પામે છે.

IMR= 1300/1,50,000 x 1000

= 8.7 બાળમૃત્યુદરનું પ્રમાણ થયું કહેવાય.

બાળમૃત્યુદરનું પ્રમાણ ઓછું હોય તો તે રાજ્ય કે દેશની આરોગ્ય સેવા સારી છે તેમ કહેવાય. જો બાળ મૃત્યુદરનું પ્રમાણ ઊંચુ હોય તો વસ્તીવૃધ્ધિ દર પણ ઊંચો રહેશે કારણ કે બાળમૃત્યુદર ઊંચો હોય તો તેનો અર્થ એવો થાય કે બાળકોની જીવિત રહેવાની સંભાવના ઓછી હોય છે. આથી દંપતિ ભવિષ્યમાં એકાદ બે બાળક મૃત્યુ પામશે તેવી દહેશતથી વધુ બાળકોને જન્મ આપે છે. આથી વસ્તી વૃધ્ધિદર ઊંચો રહે છે. અહીં નીચેના કોઠામાં આપણે ગુજરાત રાજ્યમાં બાળમૃત્યુદરની સ્થિતી કેવી છે તે જોઇએ.

ટેબલ - 2 બાળમૃત્યુદરનું પ્રમાણ

| વર્ષ | પુરુષ | સ્ત્રી | કુલ |
|---|---|---|---|
| 1981 | 113 | 110 | 111 |
| 1991 | 70 | 67 | 69 |
| 2001 | 61 | 60 | 60 |
| 2011 | 39 | 42 | 41 |
| 2017 | 30 | 30 | 30 |

Source: CMIE1: Centre for Monitering Indian Economy.

ઉપરોકત ટેબલમાં1981 થી 2017 સુધીના બાળ મૃત્યુદરના આંકડા દર્શાવ્યા છે. ગુજરાત રાજ્યમાં છેલ્લા ૩૬ વર્ષમાં બાળ મૃત્યુદરમાં આશરે 73 ટકા જેટલો ઘટાડો નોંધાયો છે. જે ખૂબ સ્ત્રી પુરુષની તુલના કરીએ તો 1981 થી 2001 સુધીના વર્ષમાં

પુરુષોમાં બાળ મૃત્યુના પ્રમાણ કરતા સ્ત્રીઓમાં બાળ મૃત્યુદરનું પ્રમાણ નીચુ રહ્યુ છે. જ્યારે 2011 માં સ્ત્રીઓ કરતા પુરુષોમાં બાળ મૃત્યુદરનું પ્રમાણ નીચુ રહ્યુ છે અને 2011 ના વર્ષમાં બન્નેમાં સરખુ પ્રમાણ જોવા મળે છે. તેથી કહી શકાય કે ગુજરાત રાજ્ય આટલાવર્ષોમાં બાળમૃત્યુ દરમાં ઘટાડો લાવવામાં સફળ રહ્યું છે.

આમ છતાં ભારતના જ કેરાલા, ગોવા, તામીલનાડુ અને પોંડેચેરી જેવા રાજ્યો અને કેન્દ્ર શાસીન પ્રદેશો કરતા ગુજરાત રાજ્યમાં બાળમૃત્યુદરનું પ્રમાણ ઊંચુ જોવા મળે છે. દા.ત. કેરાલા રાજયમાં બાળમૃત્યુદરનું પ્રમાણ ૨૦૧૭માં માત્ર ૯ ટકા જેટલું જ છે. ગુજરાત રાજયમાં બાળમૃત્યુદર ઊંચું હોવાના કારણોમાં સામાજિક રીતરિવાજ અને પરંપરાઓ, પોષણ દાયક ખોરાકનો અભાવ, અપૂરતી આરોગ્ય સુવિધાઓ બાળકોના જન્મ વચ્ચે ઓછો ગાળો અને પ્રસૂતી કરવાની અવૈજ્ઞાનિક પધ્ધતિ જવાબદાર છે. અલબત પરીબળોમાં સુધારો થઈ રહ્યો છે. એટલે જ બાળ મૃત્યુદરના પ્રમાણમાં ઘટાડો થઈ રહ્યો છે.

11.2.3 ફળદ્રુપતાદરની સ્થિતીઃફળદ્રુપતાદરને પ્રજનન દર તરીકે પણ ઓળખવામાં આવે છે. પ્રજનન દરના જુદા-જુદા ખ્યાલો પ્રવર્તે છે. જેમ કે સામાન્ય પ્રજનન દર, વય સાપેક્ષ પ્રજનનદર, કુલ પ્રજનન દર, ચોખ્ખો પ્રજનન દર અને સમૂહ પ્રજનન દર. આપણે અહીં સામાન્ય પ્રજનન દર અને વય સાપેક્ષ પ્રજનન દરની ચર્ચા કરીશું.

સામાન્ય ફળદ્રુપતા દર કે પ્રજનન દર એટલે કોઈ નિશ્ચિત વિસ્તારમાં 15-49 વર્ષના વયજૂથમાં પ્રતિ વર્ષ પ્રતિ હજાર સ્ત્રીઓએ જન્મતા બાળકોની સંખ્યા જો વય સાપેક્ષ પ્રજનન દરની વાત કરીએ તો સ્ત્રીઓની ઉંમરના જુદાજુદા જૂથ બનાવી પ્રજનન દર શોધવામાં આવે છે. સૂત્રના રૂપમાં જોઈએ તો...

GFR=B/PF x K

જ્યાં B =એક નિશ્ચિત વર્ષમાં કુલ જીવંત જન્મો.

PF = 15 થી 49 વર્ષના વયજૂથમાં સ્ત્રીઓની સંખ્યા

K = 1000

ધારોકે કોઈ એક નિશ્ચિત વિસ્તારમાં 15 - 49 વર્ષના વયજૂથમાં સ્ત્રીઓની સંખ્યા 20000 હોય અને એક વર્ષમાં જીવંત જન્મોની સંખ્યા 800 હોય તો

GFR=800/2000 x 1000=40

આનો અર્થ એ થાય કે કોઈ નિશ્ચિત વિસ્તારમાં 15 - 49 વર્ષનાં વયજૂથની પ્રતિ 1000 સ્ત્રીઓ એક વર્ષમાં કુલ 40 બાળકોને જન્મ આપે છે.

ભારતમાં કુલ પ્રજનન દર 1971 થી 2008 દરમિયાન 5.2 થી 2.6 સુધી નીચે લાવવામાં સક્ષમતા પ્રાપ્તી થઈ છે. પરંતુ એક અભ્યાસ અનુસાર જો પ્રજનન દરને સમગ્ર ભારતમાં 2010 સુધીમાં 2.1 ના સ્તર સુધી લઈ જવામાં સફળતા મળશે તો ભારતમાં 2045 સુધી વસ્તીમાં સ્થિરતા લાવી શકાશે જો કે ભારત 2010સુધીમાં આ સ્તરે પહોંચી શકયું નથી. હવે આપણે ગુજરાત રાજ્યમાં પ્રજનન દરની શું સ્થિતી છે તેનો અભ્યાસ કરીશું.

ટેબલ- 3 વય સાપેક્ષ સામાન્ય ફળદ્રુપતા દર (દર હજારે)

| વર્ષ | વય જૂથ | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| | 15-19 વર્ષ | 20-24 વર્ષ | 25-29 વર્ષ | 30-34 વર્ષ | 35-39 વર્ષ | 40-44 વર્ષ | 45-49 વર્ષ |
| 1971 | 72.3 | 295.3 | 292.7 | 229.4 | 135.6 | 63.2 | 21.9 |
| 1981 | 56.6 | 294.4 | 239.5 | 153.2 | 76.1 | 29.2 | 12.0 |
| 1991 | 39.5 | 244.3 | 178.0 | 95.0 | 40.0 | 16.6 | 6.4 |
| 2001 | 26.4 | 221.4 | 193.8 | 84.0 | 29.7 | 13.9 | 3.3 |
| 2011 | 23.4 | 193.0 | 162.9 | 68.5 | 20.0 | 5.9 | 2.9 |
| 2017 | 10.9 | 148.6 | 165.4 | 74.1 | 22.5 | 6.9 | 3.0 |

Source : CMIE1- Centre for Monitering Indian Economy.

ઉપરોક્ત ટેબલ તપાસતા ખ્યાલ આવે છે કે ગુજરાત રાજ્યમાં 1971 થી 2017 દરમિયાન સામાન્ય પ્રજનન દરમાં દરેક વયની સ્ત્રીઓમાં ઘટાડો જોવા મળે છે. આ 46 વર્ષના ગાળા દરમિયાન સામાન્ય પ્રજનન દરમાં થયેલો ઘટાડો વય અનુસાર ટકાવારી માં જોઈએ તો 15 થી 19 વયજૂથમાં 85 ટકા 20 થી 24 વયજૂથમાં 49.67 ટકા 25-29 વયજૂથમાં 43.50 ટકા, 30-34 વયજૂથમાં 67.70 ટકા, 35થી 39 વયજૂથમાં 83.4 ટકા, 40થી 44વયજૂથમાં 89 ટકા અને 45 થી 49ની વયજૂથમાં 86.30 ટકા છે. આમ આપણે કહી શકીએ કે સૌથી વધારે ઘટાડો 40 થી 44 વર્ષની વયજૂથમાં અને સૌથી ઓછો ઘટાડો 25 થી 29 વર્ષની વયજૂથમાં જોવા મળે છે. આ બધી જ વયજૂથમાં સામાન્ય રીતે ફળદ્રૂપતાનો દર 20 થી 34 વર્ષની ઉંમરની સ્ત્રીઓમાં વધારે જોવા મળે છે. ભારતમાં 18 વર્ષ પછી સ્ત્રીઓના લગ્ન થઈ શકે તેવો કાયદો અમલમાં હોવા છતાં 15 થી 19 વર્ષની વયજૂથની સ્ત્રીઓમાં ફળદ્રૂપતા દર જોવા મળે છે. એનો અર્થ એવો થાય કે આ કાયદા પછી પણ 18 વર્ષથી ઓછી ઉંમરની છોકરીઓના લગ્ન હજી થઈ રહ્યાં છે.

જો ગુજરાત રાજ્યમાં આપણે કુલ પ્રજનન દરની વાત કરીએ તો 2007ના વર્ષમાં તે 2.6 હતો અને સમગ્ર ભારતમાં તેનું પ્રમાણ 2.7 હતુ એટલે કે સમગ્ર ભારતની સરેરાશથી તેનું પ્રમાણ સામાન્ય ઓછુ હતુ. જયારે ગ્રામ્ય અને શહેરી વિસ્તારની તુલના કરીએ તો ગુજરાત રાજયમાં 2007ના વર્ષમાં ગ્રામીણ વિસ્તારમાં 2.9 અને શહેરી વિસ્તારમાં 2.2 પ્રજનન દર હતો. આમ એવુ કહી શકીએ કે શહેરી વિસ્તાર કરતા ગ્રામ્ય વિસ્તારમાં કુલ પ્રજનન ઊંચો જોવા મળે છે. ભારત સરકારે 2000ની સાલમાં બનાવેલી વસ્તી નીચા પ્રમાણે આ દર 2010 સુધીમાં 2.1 સુધીના નીતા સ્તરે લઈ જવાનો લક્ષ્ય હતો. જે સિધ્ધ થઈ શક્યો નથી.

કુલ પ્રજનન દર ઊંચો હોવાના કારણોમાં લગ્ન સંસ્થાનું સાર્વત્રિકરણ, નાની ઉંમરે લગ્ન, વિધવા વિવાહ, પુત્રની પસંદગી, સંયુક્ત કુટુંબની પ્રથા, નિરક્ષરતા, કર્મનો સિધ્ધાંત અને સ્ત્રીઓનુ આર્થિક પ્રવૃત્તિમાં નીચુ પ્રમાણ વગેરે ને ગણાવી શકાય.

ઉપરોક્ત તપાસેલા તમામ સ્વાસ્થ્ય વિષયક નિર્દેશકોમાં સુધારો લાવવો હોય આરોગ્ય ક્ષેત્રે મહત્ત્વનું આંતરમાળખુ અને કેળવાયેલી માનવશકિત પૂરતા પ્રમાણમાં હોવી પણ આવશ્યક છે. અહીંયા આંતરમાળખાકીય સેવાઓમાં દવાખાના કે હોસ્પિટલના બિલ્ડીંગો અને તમામ જરૂરી સાધનો તેમજ કેળવાયેલ માનવ શક્તિઓમાં મેડીકલ અને પેરામેડીકલ સ્ટાફની પૂરતી વ્યવસ્થા ખૂબ જરૂરી છે હવે આપણે ગુજરાત રાજયની સ્થિતી આ સુવિધાના સંદર્ભે કેવી છે તેનો અભ્યાસ કરીશું.

### 11.2.4 સરકારી દવાખાના અને પથારીની સુવિધા :

ભારતમાં મુખ્યત્વે બે પ્રકારના સ્વાસ્થ્ય ક્ષેત્ર જોવા મળે છે. (1) જાહેર સ્વાસ્થ્ય ક્ષેત્ર અને (2) ખાનગી સ્વાસ્થ્ય ક્ષેત્ર. ભારતમાં સામાન્ય સ્વાસ્થ્ય સેવાઓ પુરી પાડવાની પ્રાથમિક જવાબદારી કેન્દ્ર સરકારની સાથો સાથ રાજ્ય સરકારની પણ છે. બીજા શબ્દોમાં કહીએ તો એમ કહી શકાય કે જાહેર સ્વાસ્થ્ય ક્ષેત્ર અંતર્ગત સ્વાસ્થ્ય જાળવણીની સેવાઓ પૂરી પાડવાની જવાબદારી સ્થાનિક સરકાર, રાજ્ય સરકાર તથા કેન્દ્ર સરકાર એમ ત્રણેય સ્તરની સરકારોની સહિયારી જવાબદારી છે. ગુજરાત રાજ્ય સરકારી હોસ્પિટલ અને સામૂહિક દવાખાનાઓની સ્થાપના કરી આરોગ્ય સેવાઓ પૂરી પાડી રહી છે. હવે આપણે ગુજરાત રાજ્યમાં દવાખાનાની સંખ્યા અને પથારીની સંખ્યાની ચર્ચા કરીશું.

ટેબલ નં. 4 વિસ્તાર પ્રમાણે સરકારી દવાખાના અને પથારીની સુવિધા

| વર્ષ | કુલ હોસ્પિટલની સંખ્યા | ગ્રામીણ વિસ્તારમાં કુલ હોસ્પિટલ | શહેરી વિસ્તારમાં કુલ હોસ્પિટલ | કુલ પથારીની સંખ્યા | ગ્રામીણ વિસ્તારમાં કુલ પથારીની સંખ્યા | શહેરી વિસ્તારમાં કુલ પથારીની સંખ્યા | સરેરાશ પથારીની સંખ્યા | ગ્રામીણ વિસ્તારમાં સરેરાશ પથારીની સંખ્યા | શહેરી વિસ્તારમાં સરેરાશ પથારીની સંખ્યા | દર હોસ્પિટલ સરેરાશ વસ્તીનું પ્રમાણ | દર પથારીએ સરેરાશ વસ્તીનું પ્રમાણ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| 2005 | 503 | 312 | 191 | 35056 | 11893 | 23163 | 70 | 38 | 121 | 1.07,634 | 1544 |
| 2008 | 388 | 284 | 104 | 29868 | 11077 | 18791 | 77 | 39 | 181 | 1.45,943 | 1896 |
| 2011 | 445 | 318 | 127 | 1,93,210 | 11099 | 1,82.111 | 434 | 35 | 1434 | 1.35.694 | 313 |
| 2014 | 385 | 296 | 89 | 27928 | 8945 | 18983 | 73 | 30 | 213 | 1.59.297 | 2196 |
| 2018 | 438 | 363 | 75 | 20172 | 11688 | 8484 | 46 | 32 | 113 | - | - |

Source : CMIE- Centre for Monitering Indian Economy.

ડૉકટરની આંકડાકીય માહિતી દર્શાવે છે કે ગુજરાત રાજ્યમાં 2005થી 2018દરમિયાન હોસ્પિટલની સંખ્યામાં ઉતાર-ચઢાવ જોવા મળે છે. રાજ્યમાં 2005કરતાં2018ના વર્ષમાં કુલ હોસ્પિટલની સંખ્યામાં 13 ટકા જેટલો ઘટાડો નોંધાયો છે. જયારે આ સમય દરમિયાન ગ્રામીણ વિસ્તારમાં હોસ્પિટલની સંખ્યામાં 16.35 ટકાનો વધારો અને શહેરી વિસ્તારમાં હોસ્પિટલની સંખ્યામાં 60.73 ટકાનો ઘટાડો નોંધાયો છે. આ દવાખાનાની સંખ્યામાં ગ્રામીણ અને શહેરી વિસ્તારમાં જોવા મળતી હોસ્પિટલ અને સામૂહિક આરોગ્ય કેન્દ્રનો જ સમાવેશ થયેલ છે. શહેરી વિસ્તારમાં દવાખાનામાં નોંધાયેલ ઘટાડાનું કારણ સરકારે ખાનગીકરણની નીતિ અપનાવતાં કેટલા દવાખાના ખાનગી ટ્રસ્ટને સોંપેલ છે. બીજી બાજુ જોઈએ તો હોસ્પિટલ દીઠ સરેરાશ વસ્તીના પ્રમાણમાં 2005 કરતાં 2018ના વર્ષમાં વધારો થયો છે. આ 13 વર્ષના ગાળા દરમિયાન આ પ્રમાણમાં 48 ટકા જેટલો વધારો થયો છે. કારણ કે એક બાજુ દવાખાનાની સંખ્યામાં ઘટાડો થયો અને બીજી બાજુ ગુજરાત રાજ્યમાં આ ગાળા દરમિયાન વસ્તીના પ્રમાણમાં વધારો થવાને કારણે દવાખાનાદીઠ સરેરાશ વસ્તીનું પ્રમાણ વધ્યું છે.

આ તમામ સરકારી દવાખાનામાં પથારીની સંખ્યાની ચર્ચા કરીએ તો કુલ પથારીની સંખ્યામાં આ 13 વર્ષના ગાળા દરમિયાન એટલે કે 2005થી 2018 ના વર્ષ દરમિયાન 42.45ટકા જેટલો ઘટાડો નોંધાયો છે. જયારે ગ્રામીણ વિસ્તારમાં આ પ્રમાણમાં 1.72ટકા જેટલો નજીવો ઘટાડો અને શહેરી વિસ્તારમાં આ સમય દરમિયાન 63.37 ટકા જેટલો જંગી ઘટાડો નોંધાયો છે. આ સરકારી દવાખાનામાં કુલ પથારીમાં થયેલા ઘટાડાની વિશેષ અસર શહેરી વિસ્તારના દવાખાનામાં થયેલ છે. આનું કારણ

કદાચ એ હોઈ શકે કે શહેરી વિસ્તારમાં ખાનગી દવાખાનાની વધારે ઉપલબ્ધિના કારણે સરકારી દવાખાનાની માંગમાં ઘટાડો થયો છે બીજી બાજુ પથારીદીઠ સરેરાશ વસ્તીના પ્રમાણમાં આ સમયગાળા દરમિયાન વધારો થયેલ માલુમ પડે છે. આ ગાળા દરમિયાન 42.22ટકા જેટલો વધારો થયેલ જોવા મળે છે. દવાખાનાદીઠ સરેરાશ પથારીની ચર્ચા કરીએ તો સરેરાશ કુલ પથારી જે 2005ના વર્ષમાં 70 હતી તે 2018 ના વર્ષમાં ઘટીને 46 થઈ ગઈ છે. જયારે ગ્રામ્ય વિસ્તારમાં આ પ્રમાણ 38 થી ઘટીને ૩ર તેમજ શહેરી વિસ્તારમાં આ પ્રમાણ 121થી ઘટીને 113 જેટલું થયુ છે. એટલે કે દવાખાનાદીઠ સરેરાશ પથારીના પ્રમાણમાં પણ ઘટાડો નોંધાયો છે.

### 11.2.5 ડૉક્ટર અને દાંતના સર્જનનું પ્રમાણ :

સ્વાસ્થ્ય ક્ષેત્રે પરિમાણાત્મક અને ગુણાત્મક પરિવર્તનો લાવવા માટે માત્ર ભૌતિક સુવિધાઓ હોવી પૂરતી નથી પરંતુ આ સેવા પુરી પાડનાર કુશળ ડૉક્ટર અને અન્ય મેડીકલ સ્ટાફ હોવો પણ એટલો જ જરૂરી છે. જો રાજયમાં અદ્યતન દવાખાના અને સાધનો ઉપલબ્ધ હશે પરંતુ તેનો ઉપયોગ કરીને સેવા પુરી પાડવા માટે યોગ્ય માનવશક્તિનો અભાવ હશે તો સ્વાસ્થ્ય સેવા સુધરી શકશે નહીં.હવે આપણે ગુજરાત રાજયમાં ડૉક્ટર અને દાંતના સર્જનનું પ્રમાણ કેટલુ છે. તેનો અભ્યાસ કરીશું.

ટેબલ નં. 5 ડૉક્ટર્સઅને દાંતના સર્જનનું પ્રમાણ :

| ક્રમ | વર્ષ | ડૉક્ટરની સંખ્યા | સમગ્ર દેશમાં ફાળો(%) | દાંતના સર્જનની સંખ્યા | સમગ્ર દેશમાં ફાળો |
|---|---|---|---|---|---|
| 1 | 2004 | 37327 | 5.72 | 1453 | 2.63 |
| 2 | 2007 | 41877 | 5.73 | 2558 | 3.50 |
| 3 | 2010 | 47231 | 5.70 | 2684 | 2.35 |
| 4 | 2013 | 53376 | 5.81 | 4648 | 3.16 |
| 5 | 2016 | 53954 | 5.37 | 10515 | 5.32 |

Source :Centre for Monitering Indian Economy.

ગુજરાત રાજયમાં ડૉકટરો અને દાંતના સર્જનનું પ્રમાણ કેટલું છે તેનો ખ્યાલ ઉપરની માહિતી પરથી આવે છે. ગુજરાત રાજયમાં 2004માં નોંધાયેલા ડૉક્ટરોની સંખ્યા 37327 હતી. જે 2016 માં વધીને 53,954 થઈ છે. એટલે કે આ 12વર્ષ દરમિયાન ડૉક્ટરોની સંખ્યામાં 44.54ટકાનો સારો વધારો થયો છે. સમગ્ર દેશમાં ઉપલબ્ધડૉક્ટરોમાંથી રાજ્ય સ્તરે ફાળો 2004 ના વર્ષમાં 5.37 ટકા જેટલી ઉપલબ્ધિ પ્રાપ્ત થાય છે.

દાંતના સર્જનના પ્રમાણની ચર્ચા કરીએ તો આ પ્રમાણ 2004માં 1453 હતું તે 2016માં વધીને 10515 જેટલુ થયુ છે એટલે કે આ પ્રમાણમાં 12 વર્ષ દરમિયાન છ઼ ઘણો વધારો નોંધાયો છે. એટલે આપણે કહી શકીએ કે ગુજરાત રાજ્યમાં છેલ્લા દસકામાં દાંતના ડૉક્ટરોની સંખ્યામાં મોટો વધારો થયો છે. સમગ્ર ભારતમાં દાંતના ડૉક્ટરોની સંખ્યામાં રાજ્યનો ફાળો જે 2004માં 2.63 ટકા હતો તે વધીને 2016માં 5.32 ટકા થયો છે એટલે કે આ પ્રમાણમાં વધારો થયો છે.

### 11.2.6 આરોગ્યક્ષેત્રે આયુષ (AYUSH) સેવાઓઃ

ભારતના લોકોમાં વર્તમાન આધુનિક જીવનશૈલીમાં જે રીતે પરિવર્તન આવેલ છે અને આવી રહેલ છે જેના કારણે વારંવાર ઊત્પન્ન થતી શારીરિક - માનસિક

અવ્યવસ્થાની વધતી જતી માત્રાને ધ્યાનમાં રાખી સ્વાસ્થ્ય જાળવણી માટેની પરંપરાગત ઔષધિય પધ્ધતીને પ્રોત્સાહિત કરી, તેનો બહોળો પ્રચાર કરવા માટેનો મુખ્ય ધ્યેય આયુષ સેવાઓનો છે. સમગ્ર વિશ્વમાં સ્વાસ્થ્ય જાળવણીની વિવિધ પધ્ધતિઓ પૈકી આયુષ વિભાગ સ્વાસ્થ્ય સેવાક્ષેત્રે વિવિધ રોગો ઉપર નિયંત્રણ મૂકવા તથા જાહેર આરોગ્ય જાળવણીની ગુણવત્તામાં સુધારો વધારો કરવાના આશયથી સ્વાસ્થ્ય જાળવણીની પધ્ધતીના તમામ સ્તરે આયુષે જરૂરી પગલાં હાથ ધરેલ છે. તથા તમામ લોકો સુધી આયુષને પહોંચાડવાના આશયથી અનેક પ્રકારના જાહેર સ્વાસ્થ્ય ઝુંબેશનું આયોજન કરવામાં આવેલ છે આમાના ઘણા કાર્યક્રમ સમયાંતરે ગોઠવવામાં આવે છે. AYUSH નું પુરૂ નામ આ પ્રમાણે છે.

A= Ayurveda

Y = Yoga & Natropathy

U = Unani

S = Siddha

H = Homeopathy

હવે આપણે ગુજરાત રાજયમાં આયુષની સેવાઓની ચર્ચા કરીશું.

ટેબલ નં 6 ની આંકડાકીય માહિતી પરથી ખ્યાલ આવે છે કે 2005-06 ના વર્ષ દરમિયાન આયુષ હોસ્પિટલોની સંખ્યા જે 66 હતી તે 2017-18 માં ઘટીને 64 થઈ છે. એટલે કે બે હોસ્પિટલ ઘટી છે. જયારે દવાખાનાની સંખ્યા જે 718 હતી તે વધીને 806 થઈ છે એટલે કે દવાખાનાની સંખ્યામાં 88 નો વધારો થયો છે.

ટેબલ નં. 6 રાજયમાં આયુષ સુવિધાઓ

| ક્રમ | વર્ષ | કુલ હોસ્પિટલ | કુલ દવાખાના | આયુર્વેદ હોસ્પિટલ | આયુર્વેદ દવાખાનાઓ | યોગ હોસ્પિટલ | યોગ દવાખાનાઓ | નેચરોપેથી હોસ્પિટલ | નેચરોપેથી દવાખાના | હોમિયોપેથીક હોસ્પિટલ | હોમિયોપેથીક દવાખાના | આમચી હોસ્પિટલ | આમચી દવાખાના |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| 1 | 2005-06 | 66 | 718 | 48 | 493 | 01 | 01 | 03 | 08 | 14 | 216 | 00 | 00 |
| 2 | 2008-09 | 62 | 734 | 44 | 504 | - | - | 02 | 13 | 16 | 216 | 00 | 01 |
| 3 | 2011-12 | 57 | 740 | 41 | 523 | - | - | 00 | 00 | 16 | 216 | 00 | 01 |
| 4 | 2014-15 | 63 | 791 | 41 | 545 | - | 16 | 06 | 14 | 16 | 216 | 00 | 00 |
| 5 | 2017-18 | 64 | 806 | 42 | 560 | - | 16 | 06 | 14 | 16 | 216 | 00 | 00 |

Source : Centre for Monitering Indian Economy.

આયુર્વેદ હોસ્પિટલની સંખ્યા 2005-06 માં 48 હતી તે 2017-18માં ઘટીને 42 થઇ છે. એટલે કે 6 હોસ્પિટલ ઘટી છે. જયારે દવાખાનાની સંખ્યા 493 હતી તે વધીને 560 થઈ છે. એટલે કે 67 જેટલો વધારો થયો છે.

રાજયમાં 2005-06 માં એક યોગની હોસ્પિટલ હતી જે બંધ થઇ ગઈ છે. જયારે 2005-06માં એક દવાખાનું હતું તે 2017-18માં વધીને 16 થયા છે એટલે કે 15 જેટલો વધારો થયો છે.

નેચરોપેથી હોસ્પિટલસંખ્યા જે 2005-06 માં 3 હતી તે તે 2017-18માં 6 થઈ છે જયારે દવાખાનાની સંખ્યા 8 હતી તે 2017-18માં 14 થઈ છે.

રાજયમાં 2005- 06 હોમીયોપીથી હોસ્પિટલની સંખ્યા 14 હતી તે વધીને 2017-18 માં 16 થઈ હતી જયારે હોમીયોપેથી દવાખાનાની સંખ્યા 216 હતી તે 2017-18 માં પણ 216 જ રહી હતી.

આયુષના અન્ય વિભાગો જેવા કે યુનાની અને સિધ્ધની ગુજરાતમાં એક પણ હોસ્પિટલ નથી. જયારે યુનાની અને સિધ્ધના કોઈ પણ દવાખાના પણ નથી. આમ આયુષની સેવાની સ્થિતી ગુજરાતમાં ઉપર મુજબ જોવા મળે છે.

## 11.3 ગુજરાત રાજ્યમાં આરોગ્ય સેવાઓની સમસ્યાઓ :

ગુજરાત રાજ્ય સમગ્ર ભારતમાં મુખ્ય ઔદ્યોગિક કેન્દ્ર તરીકેનું સ્થાન ધરાવે છે. ગુજરાતે છેલ્લા બે દસકા દરમિયાન જુદા જુદા આર્થિક નિર્દેશકોમાં ઉત્કૃષ્ટ દેખાવ કર્યો છે. ગુજરાત રાજ્યનો આર્થિક વિકાસ દર ખૂબ સારો છે. ખાસ કરીને ખેતી ક્ષેત્રે સારું પરીણામ પ્રાપ્ત કર્યુ છે. ગુજરાત રાજ્યમાં ખેતી ક્ષેત્રે 2002-03 થી 2013- 14ના દશકા દરમિયાન સરેરાશ 7.00 ટકાના દરે વિકાસ કર્યો છે. જયારે આ સમયગાળા દરમિયાન સમગ્ર દેશની સરેરાશ વિકાસ યાત્ર માત્ર 3.3 ટકા જ રહી હતી. એટલે કે સમગ્ર દેશની તુલનાએ ગુજરાતે બે ગણા કરતાં વધારે વિકાસ હાંસલ કર્યો છે. ગરીબી દૂર કરવામાં પણ રાજ્ય ઘણા અંશે સફળ રહ્યુ છે. તેમ છતા આપણે જેને સામાજિક વિકાસનાં નિર્દેશકો કહીએ છીએ તે બાબતમાં રાજ્યનું મિશ્ર પરીણામ જોવા મળે છે. સમગ્ર ભારતની સરખામણીએ શિક્ષણ ક્ષેત્રે ગુજરાત રાજ્ય ઘણું પાછળ છે તેમજ આરોગ્યના ક્ષેત્રે પણ કેટલીક બાબતોમાં ઘણા જ સુધારાઓ કરવાના બાકી છે. હવે આપણે રાજ્યમાં આરોગ્ય ક્ષેત્રે કઈ સમસ્યાઓ રહેલી છે તેની ચર્ચા કરીશું.

1. ફળદ્રુપતાદરની સમસ્યા :

ગુજરાત રાજ્યમાં બાળકોમાં કુપોષણની સમસ્યા મોટા પ્રમાણમાં જોવા મળે છે. ICMR ના મત મુજબ રાજ્યમાં કુપોષણ અને આયરનની કમીનું કારણ વધારે મૃત્યુ માટે જવાબદાર પરીબળો છે. દા.ત. રાજ્યમાં ઉંમર પ્રમાણે બાળકની જે વૃધ્ધિ હોવી જોઈએ તેટલી જ થઈ હોય તેવા કિસ્સાઓ NEHS-2 ના સર્વે પ્રમાણે (1998-99) 52% નું પ્રમાણ હતું તે NFHS-4 (Natrinal Family Heatl Survey-4) પ્રમાણે જે (2015-16) માં ઘટીને 38.5% થયું હતું. આમ છતાં હજુ આ પ્રમાણ ઘણું જ ઊંચું છે તેવુ કહી શકાય. ગુજરાત રાજ્યમાં ઓછું વજન ધરાવતા બાળકોનું પ્રમાણ NFHS-2 પ્રમાણે જે 42% હતું તે NFHS-4 પ્રમાણે ઘટીને 30.3 થયું હતું. આમ જોઈએ તો 17 વર્ષના ગાળામાં આ પ્રમાણમાં માત્ર 2.7 ટકાવારી બિંદુનો આંક ઘણો નાનો કહેવાય.

સમગ્ર ભારતમાં 2015-16 ના ડેટા પ્રમાણે ગુજરાત રાજ્યનો બાળકની વૃધ્ધિની દ્રષ્ટિએ 29 મો ક્રમ અને ઓછા વજનની દ્રષ્ટિએ 32 મો ક્રમ હતો એટલે આપણે કહી શકીએ કે કુપોણણની દષ્ટિએ સમગ્ર ભારતમાં ગુજરાત રાજ્ય ઘણું પાછળ છે.

2. રસીકરણનું નીચું પ્રમાણ :

ગુજરાત રાજ્ય સંપૂર્ણ રસીકરણની દિશામાં પણ ઘણું પાછળ છે. રોગપ્રતિકારક શકિત વધારવા અને ગંભીર રોગો સામે રક્ષણ આપવા માટે બાળકના ઉંમરના જુદા જુદા તબક્કે વિવિધ પ્રકારના રસી આપવામાં આવે છે. ખાસ કરીને બાળકની ઉંમર 12 મહિનાથી 23 મહિના વચ્ચે હોય ત્યારે ઘણા પ્રકારની રસી મુકવામાં આવે છે. NFHS-2 ના ડેટા પ્રમાણે 1998-99માં ગુજરાત રાજ્યમાં સંપૂર્ણ રસીકરણ જે 53 ટકા બાળકોમાં થયું હતું તે NFHS-3 ના ડેટા પ્રમાણે 2005-06 માં ઘટીને 45 ટકા થયું હતું. એટલે કે 7 વર્ષના ગાળામાં સંપૂર્ણ રસીકરણમાં ઘટાડો નોંધાયો હતો. 2015-16 માં NFHS ના 4 થયા રાઉન્ડમાં આ પ્રમાણ વધીને 50 ટકા થયુ હતું એટલે કે તે NFHS ના પ્રથમ રાઉન્ડમાં જે 50.4 ટકાનું હતુ તેની નજીક પહોંચ્યુ હતુ. 2005-06માં ગુજરાત રાજ્યનો સમગ્ર ભારતમાં સંપૂર્ણ રસીકરણમાં નીચેથી 10 મો ક્રમ હતો જે 2015-16માં કુલ 36 રાજ્યોમાંથી નીચેથી ૫ મો ક્રમ એટલે કે 32મો ક્રમ થઈ ગયો હતો. આથી કહી શકાય કે ગુજરાત રાજ્ય સમગ્ર ભારતમાં આ બાબતે ઘણું જ પાછળ છે. તેમાં સુધારો લાવવો ઘણો જ આવશ્યક છે.

3. સંસ્થાકીય ડિલીવરીનું પ્રમાણ :

ગુજરાત સરકારે 2005ના વર્ષમાં ફળદ્રુપતા દર, બાળમૃત્યુદર અને માતા મૃત્યુદરમાં ઘટાડો લાવવા માટે ચિરંજીવ યોજના અમલમાં મુકી છે. જેના કારણે દવાખાનામાં જ અને ડૉકટરો દ્વારા જ ડીલીવરી થાય તે પ્રમાણમાં ખૂબ સારો વધારો થયો છે. દા.ત. NFHS ના પ્રથમ રાઉન્ડમાં સંસ્થાકીય ડિલીવરીનું પ્રમાણ જે 44 ટકા હતું તે NFHSના ચોથા રાઉન્ડમાં વધીને સરેરાશ 87.3 ટકા થયુ હતુ. તેમ છતાં આ પ્રમાણમાં આંતર જિલ્લા અસમાનતા ઘણી જોવા મળે છે. દા.ત. ચોથા રાઉન્ડમાં સુરત, નવસારી અને પોરબંદર જિલ્લામાં સંસ્થાકીય ડિલીવરીનું પ્રમાણ 95 ટકા હતું. જયારે ડાંગ જિલ્લામાં તે પ્રમાણ માત્ર 53.7 ટકા જેટલુંહતું. આમ આ જિલ્લાઓ વચ્ચે આ તફાવત 41.3 ટકાવારી બિંદુ જેટલો જોવા મળે છે, જે ઘણો જ ઊંચો કહેવાય.

4. માંગ અને પુરવઠામાં તફાવત :

ગુજરાત રાજ્યમાં આરોગ્ય સેવાઓની કુલ માંગ અને કુલ પુરવઠા વચ્ચે ઘણો તફાવત રહેલ છે રાજ્યમાં ડૉકટરો, નર્સો અને પથારીની કુલ માંગની તુલનાએ તેમનો પુરવઠો ઘણો ઓછો છે. દા.ત. ગુજરાત રાજ્યમાં સરેરાશ 1300 ની વસ્તીએ એક ડૉકટર ઉપલબ્ધ છે. જે પ્રમાણ તમીલનાડુ રાજ્યમાં માત્ર 800 છે. માત્ર સરકારી દવાખાનાને ધ્યાનમાં રાખીએ તો આ પ્રમાણ 19000ની વસ્તીએ માત્ર એક ડૉકટર ઉપલબ્ધ છે. જેનું પ્રમાણ તામીલનાડુ રાજ્યમાં 9000નું છે. નર્સીંગ સ્ટાફનું પ્રમાણ પણ તેની માંગ કરતાં ઓછુ જોવા મળે છે. આ સાથે દવાખાનાઓમાં સરેરાશ પથારીની સંખ્યા પણ ઘણી ઓછી છે. રાજ્યમાં 2014માં સરેરાશ 2196ની વસ્તીએ એક પથારી ઉપલબ્ધ હતી.તેથી ઘણીવાર સરકારી હોસ્પિટલમાં લોબીમાં તાત્કાલિક પથારીની વ્યવસ્થા ઉભી કરવી પડે છે. ખાસ કરીને કોરોના જેવા ભયંકર રોગના સમયે તો આ પથારીની સંખ્યા ઘણી ઓછી પડે છે.

5. કેટલાક આરોગ્ય નિર્દેશકોમાં નબળી સ્થિતી :

આરોગ્ય સેવા અને શિક્ષણ તેમજ આરોગ્ય નિર્દેશકો વચ્ચે સકારાત્મક સંબંધ જોવા મળે છે. એટલે કે આરોગ્ય સેવા અને શિક્ષણમાં જો સુધારો થાય. ગુજરાત રાજ્યમાં આરોગ્યની સેવાના સુધારા સાથે આરોગ્ય નિર્દેશકોમાં પણ સુધારો થઈ રહ્યો છે પરંતુ કેટલાક નિર્દેશકોમાં અમુક રાજ્યોની સરખામણીએ આપણા રાજ્યની સ્થિતીમાં સુધારો ઓછો થયો છે. દા.ત બાળ મૃત્યુદરનું પ્રમાણ રાજ્યમાં જરૂર ઓછું થયું છે પરંતુ ગ્રામીણ વિસ્તારમાં આ પ્રમાણ દર હજાર બાળકોએ 58નું હતું જે મહારાષ્ટ્ર રાજ્યમાં 40 જેટલું જ હતું એટલે આ બાબતે આમા સુધારો ખૂબ જરૂરી છે. પ્રજનન દરની વાત કરીએ તો ભારત સરકાર દ્વારા સમગ્ર દેશમાં આ પ્રમાણ 2.1ના સ્તરે લાવવા માટેનો લક્ષ્ય રાખવામાં આવ્યું હતું. પરંતુ ગુજરાત રાજ્યમાં 2010માં તેનું પ્રમાણ 2.5ની આસપાસ હતું. આમ આવા કેટલાક આરોગ્ય નિર્દેશકોમાં સુધારો લાવવા માટે રાજ્યએ હજુ વધારે પ્રયાસો કરવા પડશે.

6. માતા મૃત્યુદરનું ઊંચુ પ્રમાણ :

ડીલીવરી સમયે જો મહિલાનું મૃત્યુ થાય તેને માતા મૃત્યુદર તરીકે ઓળખવામાં આવે છે. રાજ્ય સરકાર આ પ્રમાણમાં ઘટાડો લાવવા માટે પ્રયત્ન કરી રહી છે. પરંતુ 2004-5ના વર્ષમાં આ પ્રમાણ 160નું હતું એટલે કે 1 લાખ સ્ત્રીઓએ ડીલીવરી સમયે

160 સ્ત્રીઓનુ મૃત્યુ થતુ હતું જે પ્રમાણ કેરાલામાં 95 અને તામીલનાડુમાં 111હતું આમ આ પ્રમાણ ઘટાડવું જરૂરી છે.

7. આરોગ્યક્ષેત્રે બજેટનું નીચુ પ્રમાણ :

માનવ શક્તિના સફળ આયોજન માટે આરોગ્ય સેવા એક અનિવાર્ય સેવા છે. કારણ કે માનવશ્રમના શારીરિક અને માનસિક વિકાસ માટે આરોગ્ય સેવાઓ મહત્ત્વનો ભાગ ભજવે છે. પરંતુ ગુજરાત રાજ્યનું આરોગ્ય સેવા માટે ઘણેં ઓછુ બજેટ છે. 2012-13ના વર્ષમાં રાજ્યની કુલ જીડીપીના 2.47 ટકા ખર્ચ આરોગ્ય સેવા પાછળ કરવામાં આવતો હતો. જયારે આ પ્રમાણ કર્ણાટક રાજ્યમાં 3.33 ટકા અને કેરાલા રાજ્યનું 2.58ટકા જેટલું હતું. અન્ય રાજ્યોજસ સરખામણીએ પહોંચી વળવા રાજ્ય સરકારે સારી આરોગ્ય સેવા માટે બજેટ પ્રમાણ વધારવુ આવશ્યક છે.

8. નેટવર્કીંગનો અભાવ :

નીચે પ્રમાણે સારી રીતે ત્વરિત આરોગ્ય સેવા મેળવવા માટે ડૉકટરો અને હોસ્પિટલો વચ્ચે વ્યવસ્થિત નેટવર્કીંગ હોવુ જરૂરી છે. પરંતુ ગુજરાત રાજ્ય અને સમગ્ર ભારતમાં આવુ નેટવકીંગ જોવા મળતુ નથી. દરેક ડૉકટર અને હોસ્પિટલ અલગ એકમ તરીકે કાર્ય કરે છે. ગુજરાત રાજ્યમાં આવા નેટવર્કીંગનો અભાવ હોવાનું એક કારણ આરોગ્ય સેવાની માંગ કરતાં પુરવઠો ઓછો તે છે.

9. હોસ્પિટલોનું નબળુ હોસ્પિટલ વહીવટીતંત્ર :

રાજ્ય સરકાર દ્વારા ચલાવવામાં આવતી હોસ્પિટલોમાં વહીવટીતંત્ર ઘણુ નબળુ જોવા મળે છે. જેની અસર વિવિધ આરોગ્ય સેવા પર થાય છે. આરોગ્ય સેવા માટે જરૂરી એવા મહત્ત્વના સાધનો જેવા કે એક્સ રે મશીન, સોનોગ્રાફી મશીન વગેરે તેની યોગ્ય જાળવણીના અભાવે યોગ્ય રીતે કામ કરતા હોતા નથી. એકવાર બંધ પડે પછી તે લાંબા સમય સુધી કાર્યરત કરવામાં આવતા નથી. હોસ્પિટલ માટે વિવિધ દવાઓ અને સાધનોની ખરીદીમાં ઘણો વિલંબ જોવા મળતો હોય છે તેમજ તેમાં ઘણી વખત ભષ્ટ્રાચાર પણ થતો હોય છે. આ કારણે વિવિધ આરોગ્ય વિષય સેવા પર પ્રતિકુળ અસર પડતી હોય છે. આમ, ગુજરાત રાજ્યમાં આરોગ્ય ક્ષેત્રે ઉપરોકત સમસ્યા પર ખાસ ધ્યાન આપવાની જરૂર છે.

## 11.4 આરોગ્યક્ષેત્રે ખાનગીકરણ :

આરોગ્ય સેવાનો ટૂંકો ઈતિહાસ તપાસીએ તો ખ્યાલ આવશે કે એલોપેથીક સારવારના ઉદ્દભવ પહેલા ૧૯મી સદીમાં વૈદકિય સારવાર મોટા ભાગે ઘરોમાં અને સમુદાયોમાં ખાનગી હતી આ સમયગાળા દરમિયાન મોટાભાગના વિકસિત અને વિકાસશીલ દેશોમાં અમુક ઔપચારિક તાલીમ પામેલા લોકો સમાજના સુખી સપન્ન લોકોની સારવાર કરતા હતાં અને સામાન્ય લોકો મોટાભાગે ધાગા-દોરા અને જંતર-મંતર થી ઈલાજ કરતા હતાં. ઔદ્યોગિકરણ પહેલાના સમયમાં મોટા ભાગના પશ્ચિમી દેશોમાં વૈદકિય વ્યવસાય વિકસ્યો હતો. ભારતમાં સ્થાનિક પધ્ધતિઓ જેવી કે આયુર્વેદા, યુનાની, સિધ્ધા અને કુદરતી ઉપચાર નો ઉપયોગ લોકોની સારવાર માટે કરવામાં આવતો હતો. આ બધી જ સારવાર વ્યક્તિગત કે ખાનગી ધોરણે હાથ ધરાતી હતી. 19મી સદીના અંતમાં રાજ્યો દ્વારા સ્વાસ્થ્ય સારવામાં હસ્તક્ષેપ કરવામાં આવ્યો હતો. આ ક્ષેત્રે સર્વ પ્રથમ પ્રયત્ન બિસમાર્ક દ્વારા જર્મનીમાં 1883માં કરવામાં આવેલો

ત્યારબાદ જે દેશ જે પ્રકારની આર્થિક પધ્ધતી ધરાવતુંહતું તે પ્રમાણે આરોગ્ય સેવા આપવાની વ્યવસ્થા ગોઠવાઈ હતી. દા.ત જે દેશ મૂડીવાદી અર્થવ્યવસ્થા ધરાવતું હતું તે દેશમાં આરોગ્યની મોટાભાગની સેવાઓ ખાનગી ક્ષેત્ર દ્વારા પૂરી પાડવમાં આવી હતી. જયારે ક્યુબા જેવા થોડા સામ્યવાદી રાષ્ટ્રમાં આરોગ્યની તમામ સેવાઓ રાજ્ય દ્વારા પૂરી પાડવમાં આવતી હતી. અને મિશ્ર અથતંત્ર ધરાવતા ભારત જેવા દેશો જાહેર અને ખાનગી બન્ને પ્રકારની આરોગ્ય સેવાઓ પૂરી પાડતાંહતાં.

છેલ્લા ત્રણ દાયકાથી ખાનગીકરણની પધ્ધતિ દ્વારા વિશ્વમાં સ્વાસ્થ્ય સમસ્યા અંગેની કાર્યનીતિ શોધવાની દિશામાં કેન્દ્રિય સ્થાન ધરાવે છે. ભારત જેવા દેશોએ પણ નવા આર્થિક સુધારાઓ અપનાવતા આ પ્રકારની સેવાનો ફાળો જાહેર ક્ષેત્રે ઘટતો ગયો છે અને ખાનગી ક્ષેત્રનો વધતો ગયો છે. ભારત સરકાર દ્વારા અપનાવવામાં આવેલી ખાનગીકરણની નીતિ ગુજરાત રાજ્યએપણ અપનાવી છે. હવે આપણે આરોગ્યક્ષેત્રે ખાનગીકરણની ચર્ચા કરીશું.

### 11.4.1 ગુજરાતમાં આરોગ્યક્ષેત્રે ખાનગીકરણનું પ્રમાણ :

સામાન્ય રીતે એવું જોવા મળે છે કેજાહેરક્ષેત્ર દ્વારા પુરી પાડવામાં આવતી આરોગ્ય સેવા કાં તો સંપૂર્ણ મફતઅથવા તો સામાન્ય દરથી આપવામાં આવતી હોય છે. આથી જે લોકોની આર્થિક સ્થિતી નબળી હોય તેવા લોકો લગભગ આરોગ્ય સેવાઓ જાહેરક્ષેત્ર દ્વારા મેળવતા હોય છે. જયારે ખાનગીક્ષેત્ર દ્વારા આપવામાં આવતી સેવાઓ વધુ ખર્ચાળ હોય છે પરંતુ ગુણવત્તા સારી હોય છે. આથી ધનિક લોકો આવી સેવા ખાનગી ક્ષેત્ર દ્વારા મેળવતા હોય છે. અહીં આપણે વિસ્તાર પ્રમાણે આ સેવા કેટલા પ્રમાણમાં કયા ક્ષેત્રમાં મેળવવામાં આવે છે અને બન્ને સેવા મેળવવામાં સરેરાશ ખર્ચ કેટલો થાય છે તેની ચર્ચા કરીશું.

ટેબલ-07 વિસ્તાર પ્રમાણે હોસ્પિટલમાં સેવા મેળવતા લોકોનું પ્રમાણ (ટકાવારીમાં)

| ક્રમ | વિસ્તાર | 1996 | 2014 |
|---|---|---|---|
| 1 | જાહેરક્ષેત્ર ( ગ્રામીણ) | 44 | 42 |
| 2 | ખાનગીક્ષેત્ર (ગ્રામીણ) | 56 | 58 |
| 3 | જાહેરક્ષેત્ર (શહેરી) | 43 | 32 |
| 4 | ખાનગીક્ષેત્ર (શહેરી) | 57 | 68 |

Source: CMIE1 : Centre for Monitering Indian Economy.

ઉપરોકત માહિતીથી ખ્યાલ આવે છે કે ગ્રામીણ તેમજ શહેરી બન્ને વિસ્તારના લોકો જાહેરક્ષેત્ર કરતાં ખાનગી ક્ષેત્ર પાસેથી વધારે સેવા મેળવે છે. તેમજ બીજા વિસ્તારમાં ૧૮વર્ષના ગાળામાં જાહેરક્ષેત્ર દ્વારા મેળવવામાં આવતી સેવાનાં પ્રમાણમાં ઘટાડો થયો છે અને ખાનગી ક્ષેત્ર દ્વારા મેળવવામાં આવતી સેવામાં વધારો થયો છે.

ટેબલ- 8 આરોગ્ય સેવાનો સરેરાશ ખર્ચ (રૂપિયામા)

| ક્રમ | વિસ્તાર | જાહેરક્ષેત્રની હોસ્પિટલ | | ખાનગીક્ષેત્રની હોસ્પિટલ | |
|---|---|---|---|---|---|
| | | સમગ્ર ભારતમાં ક્રમ | ખર્ચ સરેરાશ (રૂા.) | સમગ્ર ભારતમાં ક્રમ | ખર્ચ સરેરાશ (રૂા.) |
| 1 | કુલ | 3 | 1938 | 8 | 27361 |
| 2 | શહેરી વિસ્તાર | 7 | 3529 | 8 | 29281 |
| 3 | ગ્રામ્ય વિસ્તાર | 2 | 1151 | 10 | 25027 |

Source :Source: CMIE1 : Centre for Monitering Indian Economy.

ઉપરોકત માહિતીથી ખ્યાલ આવે છે કે જાહેરક્ષેત્ર કરતા ખાનગીક્ષેત્રની હોસ્પિટલોમાં આરોગ્ય પાછળનો ખર્ચ ઘણો વધારે છે. આ ખર્ચ સરેરાશ 13 ગણો વધારે માલુમ પડે છે. બીજી બાબત જોઈએ તો ગ્રામીણ વિસ્તાર કરતા શહેરી વિસ્તારમાં બન્ને પ્રકારની હોસ્પિટલમાં વધારે ખર્ચ થાય છે. સમગ્ર ભારતમાં ક્રમની દ્રષ્ટિએ જાહેરક્ષેત્રની હોસ્પિટલોમાં ઊંચો અને ખાનગીક્ષેત્રની હોસ્પિટલોમાં નીચો ખર્ચ જોવા મળે છે. એટલે કહી શકીએ કે ગુજરાત રાજ્યમાં અન્ય રાજ્યોની તુલનામાં જાહેરક્ષેત્રની હોસ્પિટલોમાં ઊંચો ખર્ચ છે અને ખાનગીક્ષેત્રની હોસ્પિટલોમાં અન્ય રાજ્યોની તુલનામાં ઓછો ખર્ચ છે.

11.4.2 આરોગ્યક્ષેત્રે ખાનગીકરણ મૉડેલ :

- આરોગ્યક્ષેત્રે ખાનગીકરણ મોડેલમાં નીચેની બાબતોનો સમાવેશ થાય છે.
- આરોગ્યસેવાઓના ખર્ચનું ભારણ લોકો પર ખસેડવું.
- આરોગ્ય સેવાઓ પૂરી પાડવા માટે નફા માટે કામ કરતી ખાનગી ક્ષેત્રની તકોમાં વિસ્તરણ કરવું.
- આરોગ્ય સેવાનું વિતરણ માટેની કાળજી જાહેર સુંસ્થાઓ પરથી સામાજિક સંસ્થાઓ અને ખાનગીક્ષેત્ર પર ખસેડો.

11.4.3 આરોગ્યક્ષેત્રે ખાનગીકરણના કારણો :આરોગ્યક્ષેત્રે નીચેના કારણોથી ખાનગીકરણના વ્યાપમાં વધારો થયેલો જોવા મળે છે.

1. જાહેરક્ષેત્રની સેવાઓનો અપૂરતો વિકાસ
2. જાહેર આરોગ્ય સેવાના નબળા સંચાલનથી અસંતોષ
3. સરકારી દાકતરોના ખાનગી પ્રેકટીસ પર વધારે ઝોક
4. ગુણવત્તાસભર સેવાઓ મેળવવા માટે
5. નાણાકીય સંસ્થાઓનો સારો વિકાસ
6. સરકારનું આર્થિક ભારણ ઘટાડવા
7. આરોગ્ય સેવાની વધતી માંગને પહોંચી વળવા

આમ ઉપરોકત કારણો આરોગ્યક્ષેત્રના ખાનગીકરણ માટે જવાબદાર છે.

11.4.4 આરોગ્યક્ષેત્રે ખાનગીકરણના પડકારોઃ

ઉપરોકત કેટલીક બાબતોને કારણે આરોગ્યક્ષેત્રે ખાનગીકરણ અનિવાર્ય બન્યુ હતું પરંતુ જયારે આરોગ્ય જેવા ખૂબ જ સંવેદનશીલ ક્ષેત્રમાં ખાનગીક્ષેત્રના પ્રવેશને કારણે કેટલાક પડકારો ઉભા થાય છે. નીચે મુજબ છે.

1. આરોગ્યક્ષેત્રે ખાનગીકરણને કારણે અસમાનતાનો પડકાર ઉભો થશે, ખાસ કરીને તેની પાછળ જાહેર ક્ષેત્રને બદલે ખર્ચનું ભારણ વ્યક્તિઓ પર આવશે.
2. આરોગ્યક્ષેત્રે ખાનગીકરણને કારણે પારદર્શકતાનો પડકાર પણ ઉભો થશે. કારણ કે ખાનગીક્ષેત્રે જયારે નાણા રોકે છે ત્યારે તેમાં નાણાકીય વળતરની અપેક્ષા રાખે છે, નહિ કે દર્દીની સ્થિત.
3. આ પ્રકારની સેવા એ લોકો જ મેળવી શકશે કે જેઓ પાસે સેવાની કિંમત

ચૂકવવાની ક્ષમતા હશે.

4. જાહેરક્ષેત્ર કાર્યદક્ષમતા સિવાય અન્ય મૂલ્યો જેવા કે અસરકારકતા, જવાબદારી પણુ અને વિશ્વાસ સાથે કામ કરશે જયારે ખાનગીક્ષેત્રે આવી ખાસ અપેક્ષાઓ રાખી શકાશે નહીં.

5. જાહેરક્ષેત્ર સંકટના સમયે સામાજિક ઉત્તરદાયિત્વ નિભાવશે જયારે ખાનગીક્ષેત્ર તેમાં નિષ્ફળ પણ નીવડે.

## 11.5 ગુજરાતમાં આરોગ્યક્ષેત્રે જાહેર નીતિ :

આરોગ્યની સેવા ટકાઉ વિકાસ માટે મૂળભૂત માનવ અધિકાર અને સમાજની આર્થિક વૃધ્ધિ માટે અનિવાર્ય અને નિર્ણાયક છે. આરોગ્યની સેવા ઉત્પાદકીય રોજગારી, માંદગી પરના ખર્ચમાં ઘટાડો અન. ઊંચો સામાજિક સંસાધન દ્વારા રાષ્ટ્રીય વિકાસમાં ફાળો આપે છે.

રાજય સરકારે રાજયના દરેક નાગરીકને પ્રાથમિક સારવારથી કોઇને ઉચ્ચસેવા સમાનતાના ધોરણે સૌને પોષણક્ષમ બને તેવી ગેણવત્તાસભર આરોગ્ય સેવાઓ પૂરી પાડવા માટે 23 December, 2016 ના રોજ આરોગ્ય નીતિ જાહેર કરી છે. જે નીચે મુજબ છે. આરોગ્ય નીતિમાં જુદી જુદી યોજનાઓ આ પ્રમાણે છે.

### 11.5.1 2016ની નવી નીતિ :

★ નવી સ્વનિર્ભર મેડિકલ કોલેજોની સ્થાપના માટેની યોજના :

ગુજરાત સરકાર દ્વારા ડિસેમ્બર 2011 થી માર્ચ 2022ના ગાળા માટે સમગ્ર રાજય માટે આ યોજના લાગુ પાડવામાં આવી. આ માટે મેડિકલ કાઉન્સિલ ઑફ ઈન્ડિયા 1999નાં ધારા ધોરણો લાગુ પાડવામાં આવ્યાં. આ યોજના મુજબ MBBS અભ્યાસક્રમમાં પાંચ વર્ષ માટે દેરક બેઠક દીઠ રૂપિયા 15 લાખની સહાય, વીજળી બિલમાં ઈલેકટ્રીક ડયુટીની ભરપાઈ, સાધનોની ખરીદી માટે વધારાની સહાય, રાજયની મહાનગરપાલિકાઓ સિવાયના વિસ્તારમાં ટ્રસ્ટ માટે જમીન ખરીદી માટે બજાર કિંમતના 50% ડિસ્કાઉન્ટ વગેરે જેવી જાહેરાતો કરવામાં આવી.

★ સરકારી હોસ્પિટલોમાં સ્વનિર્ભર મેડિકલ કોલેજ સ્થાપવા માટેની યોજના :

ડિસેમ્બર 2016થી માર્ચ 2022ના ગાળા માટે રાજયમાં કેટલાક પસંદગીના જિલ્લાઓમાં સરકારી હોસ્પિટલોમાં જ સ્વનિર્ભર મેડિકલ કોલેજ સ્થાપવા માટેની સહાયક જોગવાઈઓ જાહેર આવી. તે અનુસાર તાપી, બનાસકાંઠા, અમરેલી, ભરૂચ, દાહોદ અને પંચમહાલ જિલ્લામાં મેડિકલ કાઉન્સિલ ઑફ ઈન્ડિયા 1999નાં ધારા ધોરણો અનુસાર સરકારી હોસ્પિટલોમાં ઉપલબ્ધ જમીન/બિલ્ડીંગ માટેની સહાય ભાડાંરૂપે આપવામાં આવશે. નવી મેડિકલ કોલેજથી સ્થાપવા માટે ઘટતી પથારીઓની વ્યવસ્થા કરવામાં આવશે. હોસ્પિટલનાં તમામ સાધનો ભાડેથી આપવામાં આવશે તથા નવાં સાધનોની ખરીદી માટે પણ વધારાની સહાય આપવામાં આવશે. વીજળી બિલમાં ડયુટીની ભરપાઈ કરવામાં આવશે. વર્તમાનમાં હોસ્પિટલને મળતી ગ્રાન્ટ સમાન ધોરણે મેળવવાને પાત્ર બનશે.

★ ખાનગીક્ષેત્રે નવી સુપર સ્પેશ્યાલિસ્ટ હોસ્પિટલ શરૂ કરવાની યોજના :

આ યોજના ડિસેમ્બર 2016થી માર્ચ 2022ના ગાળા માટે સમગ્ર લાગુ પાડવામાં આવી. તે અનુસાર (1) ગુજરાત મેડિકલ કાઉન્સિલમાં નોંધાયેલ સ્નાતક (2) નોંધાયેલ ભાગીદારી પેઢી કે (3) કાયદા પ્રમાણે નોંધાયેલ સંસ્થાને મેડીકલ સાધનો ખરીદવા માટે મહત્તમ 10 કરોડની મર્યાદામાં બેંક લોનના 10% સબસીડી, અધિકૃત બેંકની લોનની રકમ ઉપર મહત્તમ 40 કરોડની મર્યાદામાં સાત વર્ષ સુધી 4% વ્યાજમાં રાહત, તેમજ પાંચ વર્ષ સુધી વીજબિલની ડયુટી ભરપાઈ કરવાની જાહેરાત કરવામાં આવી.

★ ખાનગી અને બિનસરકારી સંસ્થાની હોસ્પિટલ માટે સાધનોની ખરીદી યોજના :

ડિસેમ્બર 2014થી માર્ચ 2022ના ગાળા માટે આ યોજના જાહેર કરવામાં આવી. જેનો વિસ્તાર આ પ્રમાણે નક્કી કરવામાં આવ્યો, (1) રોગ નિદાન સેવા કેન્દ્ર, અમદાવાદ, સુરત, વડોદરા અને રાજકોટ સિવાય સંપૂર્ણ રાજ્ય ચેરીટેબલ ટ્રસ્ટ માટે સંપૂર્ણ રાજ્ય (2) પ્રાથમિક સ્પેશ્યલ્ટી હોસ્પિટલ ર લાખ કરતા વધારે વસ્તી ધરાવતા શહેર સિવાય સંપૂર્ણ રાજ્ય. (3) સુપર સ્પેશ્યાલિસ્ટ હોસ્પિટલ સંપૂર્ણ રાજ્ય ગુજરાત મેડિકલ કાઉન્સિલમાં નોંધાયેલ સ્નાતક, નોંધાયેલ ભાગીદારી પેઢી કે કાયદા પ્રમાણે નોંધાયેલી સંસ્થાને આ યોજના હેઠળ સહાય આપવાની જાહેરાત કરવામાં આવી. જેમાં રોગનવિદન સેવા કેન્દ્રને રેડિયોલોજી અને કાર્ડિયોલોજીનાં સાધનો,પ્રાથમિકસ્પેશિયાલિટી હોસ્પિટલને એનેસ્થેસિયા,E.N.T, ગાયનોકોલોજી, ઓર્થોપેડિક્સ, મેડિસીન વગેરેનાં સાધનો તથા રાજ્યના પછાત તાલુકાની હોસ્પિટલ માટે સાધનોની સરેરાશ ખરીદ કિંમતના 30% સહાય આપવાની જાહેરાત થઈ.

11.5.2 2000ની વસ્તીનીતિના ભાગરૂપે આરોગ્ય નીતિ :

ભારત દેશમાં 2000ની સાલમાં તેની કુલ વસ્તી 100 કરોડે પહોંચી જમા અને કેટલાક સ્વાસ્થ્ય વિષયક નિર્દેશકોની સ્થિતી વિકસિત અને કેટલાક વિકાસશીલ દેશોની તુલનાએ નબળી જણાતા કેટલાક આરોગ્ય નિર્દેશકોને આવરી લઈ વસ્તી નીતિ જાહેર કરવામાં આવી હતી. ભારતમાં વસ્તી વધતા કુલ ફળદ્રુપતા દરને 2010 સુધીમાં 2:1 લાવવા માટે 15 February, 2000 ના દિવસે વસ્તી નીતિ જાહેર કરવામાં આવી હતી. જેના હેતુઓ આ પ્રમાણે હતાં.

ઉદ્દેશો :

1. તાત્કાલિક હેતુઓ : નહિ પહોંચી વળાયેલ જરૂરીયાત જેવી કે ગર્ભ નિરોધક સાધનો અને સ્વાસ્થ્ય સંભાળ માટે માળખાગત સુવિધાઓ અને માનવ શક્તિ પુરા પાડવા.

2. મધ્યમગાળાનો હેતુ : કુલ ફળદ્રુપતાના દરને 2010સુધીમાં 2:1 સુધી લાવવો.

3. લાંબાગાળાનો હેતુ :2045 સુધીમાં વસ્તી એ રીતે સ્થિર કરવી કે જે આર્થિક વૃધ્ધિ, સામાજિક વિકાસ અને પર્યાવરણીય સંરક્ષણની જરૂરીયાત સાથે તાલ મેળવી શકે. આ માટે નીચે મુજબના લક્ષ્યાંકો નક્કી કરવામાં આવ્યા હતાં.

લક્ષ્યાંકો :

1. 2045સુધીમાં શૂન્ય વસ્તી વૃધ્ધિનો દર પ્રાપ્ત કરવો.

2. બાળમૃત્યુદર પ્રતિ હજાર જીવીત બાળકોએ 30 સુધી ઘટાડવો.

3. માતા મૃત્યુદર દર જીવીત 1 લાખ બાળકોએ 100 થી નીચે લાવવો.
4. 2010 સુધીમાં જન્મદર પ્રતિ 1000 વસ્તીએ 21 સુધી લઈ જવો.
5. કુલ પ્રજનનક્ષમતા દર 2010 સુધીમાં 2:1 સુધી લઈ જવો.

આમ,ભારત સરકાર દ્વારા 2000 માં જાહેર થયેલી વસ્તી નીતિ આરોગ્યની નીતિ પણ બની ગયેલી હતી. દરેક રાજ્યએ આ લક્ષ્યાંકો માટે પ્રયાસો કરવા ફરજીયાત હતું.

## 11.6 સારાંશ :

માનવ જીવન માટે કેટલીક મહત્ત્વની કેટલીક સેવાઓમાંથી એક અગત્યની આરોગ્યની સેવાના વિવિધ પાસાંઓની ચર્ચા આ એકમમાં કરવામાં આવી છે. ગુજરાત રાજ્યમાં આરોગ્યની સ્થિતી કેવી છે તે જાણવા તેના વિવિધ નિર્દેશકો કે જન્મદર, મૃત્યુદર, બાળમૃત્યુદર, પ્રજનનદર, હોસ્પિટલો, ડૉકટરો પથારી અને આયુષ સેવાઓની વિગતથી ચર્ચા કરવામાં આવી. તે ઉપરાંત રાજ્યમાં આરોગ્ય ક્ષેત્રે જોવા મળતી સમસ્યાઓ અને સરકાર દ્વારા અપનાવવામાં આવેલી ખાનગીકરણની નીતિને સમજવાનો પ્રયત્ન કરવામાં આવ્યો છે. તેમજ છેલ્લા બે દાયકામાં આરોગ્ય સેવા ક્ષેત્રે સુધારો લાવવા માટે સરકાર દ્વારા લેવામાં આવેલા પગલાંને વિવિધ જાહેર નીતિના માધ્યમથી સમજવાનો પ્રયત્ન કરવામાં આવ્યો છે. આમ આ એકમના અભ્યાસક્રમ વિદ્યાર્થીઓને ગુજરાત રાજ્યમાં આરોગ્ય સેવાનું એક ચિત્ર સ્પષ્ટ કરી આપે છે.

## 11.7 ચાવીરૂપ શબ્દો :

- જન્મદર : જન્મદર એટલે કોઈ એક વિસ્તારમાં એક વર્ષ દરમિયાન એક હજારની વસ્તીએ જન્મતા બાળકોની સંખ્યા.
- મૃત્યુદર : મૃત્યુદર એટલે કોઈ એક વિસ્તારમાં એક હજારની વસ્તીએ એક વર્ષ દરમિયાન મૃત્યુ પામતા લોકોનું પ્રમાણ.
- બાળમૃત્યુદર :કોઈ એક વિસ્તારમાં એક વર્ષ દરમિયાન દર હજારની વસ્તીએ જીવતા જન્મેલાં બાળકો માંથી એક વર્ષની ઉંમર પુરી કરતા પહેલાં મૃત્યુ પામતા બાળકોનું પ્રમાણ.
- કુલ પ્રજનનદર (ફળદ્રુપતા દર) : ચોક્કસ સમય દરમિયાન 15 થી 49 વર્ષની સરેરાશ સ્ત્રીદીઠ જન્મતા બાળકોનું પ્રમાણ.
- સામાન્ય ફળદ્રુપદર : કોઈ નિશ્ચિત વિસ્તારમાં 15 થી 49 વર્ષના વયજૂથના પ્રતિ વર્ષ પ્રતિ હજાર સ્ત્રીઓએ જન્મતા બાળકોની સંખ્યા.
- આયુષ સેવા : આયુર્વેદા, યોગા અને કુદરતી ઉપચાર, યુનાની સુવિધા અને હોમિયોપેથી સેવાઓ.
- માતા મૃત્યુદર : કોઈ વિસ્તારમાં ચોક્કસ સમય દરમિયાન એક લાખ સ્ત્રીઓએ પ્રસૂતી દરમિયાન મૃત્યુ પામતી સ્ત્રીઓની સંખ્યા.
- ખાનગીકરણ :
    1. કોઈ એક ધંધાકીય એકમની માલિકી સરકાર હસ્તક થી ખાનગી હસ્તક સોંપવી.
    2. કોઈ એક ધંધાકીય એકમમાં નફાના હેતુથી કામ કરતી વ્યક્તિ કે સંસ્થાનો

પ્રવેશ.

- જાહેરક્ષેત્ર : કોઈ એક એકમની માલિકી અને સંચાલન સરકાર હસ્તક હોય તેને જાહેરક્ષેત્ર કહે છે.
- સરેરાશ ખર્ચ : કુલ ખર્ચને કુલ એકમો વડે ભાગતા જે ખર્ચ મળે તેને સરેરાશ ખર્ચ કહે છે.
- આરોગ્ય નીતિ : સરકાર દ્વારા આરોગ્ય ક્ષેત્રે સંચાલન અને તેને લગતા વિવિધ એકમોનો સમૂહ.

## 11.8 તમારૂ જ્ઞાન ચકાસો :

(ક) નીચેના પ્રશ્નોના જવાબ આપો.

1. ગુજરાત રાજ્યમાં આરોગ્ય સેવાઓની સમસ્યાઓ સવિસ્તાર ચર્ચો.
2. આરોગ્યક્ષેત્રે ખાનગીકરણનો ખ્યાલ સમજાવી ગુજરાતમાં તેના પ્રમાણની ચર્ચા કરો.
3. આરોગ્યક્ષેત્રે ખાનગીકરણનું મોડેલ આપી તેના કારણોની ચર્ચા કરો.
4. આરોગ્ય સેવાનું ખાનગીકરણ એટલે શું? આરોગ્યક્ષેત્રે ખાનગીકરણ સામેના પડકારોની ચર્ચા કરો.
5. જન્મદરનો ખ્યાલ સમજાવી ગુજરાત રાજ્યમાં જન્મદરના વલણોની ચર્ચા કરો.
6. મૃત્યુદર એટલે શું ? ગુજરાતમાં મૃત્યુદરની સ્થિતીનું વર્ણન કરો.
7. પ્રજનન દરનો ખ્યાલ સમજાવી ગુજરાત રાજ્યમાં પ્રજનન દરના વલણોની ચર્ચા કરો.
8. બાળ મૃત્યુદર એટલે શું ? ગુજરાતમાં બાળમૃત્યુદરની સ્થિતીનું વર્ણન કરો.
9. ગુજરાત રાજ્યમાં સરકારી દવાખાના, ડૉક્ટરોના પ્રમાણ અને પથારીની સુવિધાની ચર્ચા કરો.
10. આયુષ સેવા એટલે શું ? ગુજરાત રાજ્યમાં આ સેવાઓની સ્થિતીનું વર્ણન કરો.
11. ગુજરાત રાજ્યની નવી આરોગ્ય નીતિ – 2016 વર્ણવો.
12. વસ્તીનીતિ 2000ના હેતુઓ અને લક્ષ્યાંકોની ચર્ચા કરો.
13. ગુજરાત સરકારની આરોગ્ય નીતિની સવિસ્તાર ચર્ચા કરો.

(ખ) હેતુલક્ષી પ્રશ્નો :

1. નીચેનાં માંથી કયુ જન્મદરનું સૂત્ર છે ?

   (A)P/B x K (B) K/P x B

   (C) B/P x K (D) એકેય નહિ

2. નીચેનાં માંથી કયુ મૃત્યુદરનું સૂત્ર છે ?

   (A)D/P x K (B) P/D x B

   (C)K/D x P (D) D/K x P

3. જન્મદર અને મૃત્યુદર વચ્ચેના તફાવતને શું કહે છે ?
   (A) વૃધ્ધિદર (B) વસ્તી વૃધ્ધિદર
   (C) કુદરતી વસ્તી વૃધ્ધિ દર (D) એકેય નહિ

4. ગુજરાત રાજ્યમાં 2017માં કુદરતી વસ્તીવૃધ્ધિ દર કેટલો હતુો ?
   (A) 19.0 (B) 17.2
   (C) 14.6 (D) 13.7

5. બાળમૃત્યુદરમાં કેટલી ઉંમરના બાળકોના મૃત્યુને ધ્યાનમાં લેવામાં આવે છે ?
   (A) 15 મહિના (B) 12મહિના
   (C) 20 મહિના (D) 24 મહિના

6. ગુજરાત રાજ્યમાં 1981માં બાળ મૃત્યુદરનું પ્રમાણ કેટલુ હતું.
   (A) 115 (B) 111
   (C) 107 (D) 103

7. ફળદ્રુપતાના દરને બીજા કયા નામે ઓળખવામાં આવે છે.
   (A) જન્મદર (B) મૃત્યુદર
   (C) બાળ મૃત્યુદર (D) પ્રજનનદર

8. સરેરાશ સ્ત્રીદીઠ બાળકના પ્રમાણને કયો દર કહેવાય છે ?
   (A) કુલ પ્રજનન દર (B) સામાન્ય પ્રજનન દર
   (C) વયજૂથ પ્રજનન દર (D) એકેય નહિ

9. ગુજરાત રાજ્યમાં 2017માં કયા વયજૂથમાં સામાન્ય પ્રજનન દર વધારે હતુો?
   (A) 15-19 (B) 20-24
   (C) 25-29 (D) 30-34

10. ગુજરાત રાજ્યમાં 2014માં એક હોસ્પિટલે સરેરાશ વસ્તીનું પ્રમાણ કેટલું હતું?
    (A) 1,59,297 (B) 1,35,694
    (C) 1,45,943 (D) 1,07,634

11. ગુજરાત રાજ્યમાં 2005માં એક પથારીએ સરેરાશ વસ્તીનું પ્રમાણ કેટલું હતું?
    (A) 2196 (B) 2011
    (C) 1896 (D) 1544

12. સમગ્ર દેશની તુલના ગુજરાતમાં 2016માં ડૉકટરોનો ફાળો કેટલા ટકા હતું?
   (A) 5.81 (B) 5.70
   (C) 5.37 (D) 4.28

13. AYUSH શબ્દમાં નીચેમાંથી કયાં શબ્દનો સમાવેશ થતો નથી.
   (A) આયુર્વેદા (B) સુશ્રુષા
   (C) યોગ (D) હોમીયોપેથી

14. ગુજરાતમાં 2015-16માં કુપોષણનું પ્રમાણ 38.5ટકા હતું તેવુ કોણે કહ્યું હતું?
   (A) ACMIE (B) CSO
   (C) NFHS (D) Sensus

15. રસીકરણની દૃષ્ટિએ 2015-16 માં ગુજરાત રાજ્યનો સમગ્ર ભારતમાં કેટલામો ક્રમ હતું ?
   (A) નીચેથી પાંચમો (B) ઉપરથી પાંચમો
   (C) નીચેથી દસમો (D) ઉપરથી દસમો

16. ગુજરાત રાજ્યમાં સંસ્થાકીય ડીલીવરીનું પ્રમાણ ક્યાં જીલ્લામાં ઓછું જોવા મળે છે.
   (A) ડાંગ (B) અમદાવાદ
   (C) મહેસાણા (D) રાજકોટ

17. ગુજરાત રાજ્યમાં 2004-05માં માતા મૃત્યુદરનું પ્રમાણ કેટલુ હતું ?
   (A) 180 (B) 170
   (C) 160 (D) 150

18. ગુજરાત શહેરી વિસ્તારમાં આરોગ્ય સેવા કયાં ક્ષેત્રથી વધારે મેળવવામાં આવે છે?
   (A) ખાનગી (B) જાહેર
   (C) બીજો (D) એકેય નહિ

19. આરોગ્યક્ષેત્રે ખાનગીકરણને કારણે કયો પડકાર ઉભો થશે.
   (A) અસમાનતા વધશે (B) સમાનતા વધશે
   (C) ગુણવત્તાયુક્ત સેવા મળશે (D) સેવાનું વિસ્તરણ થશે

20. સરકારી હોસ્પિટલમાં સ્વ નિર્ભર મેડીકલ કોલેજ સ્થાપવા માટેની યોજના કયાં જીલ્લામાં લાગુ પડતી નથી.

(A) તાપી (B) બનાસકાંઠા

(C) સાબરકાંઠા (D) દાહોદ

21. પ્રાથમિક સ્પેશ્યાલિટી હોસ્પિટલ સ્થાપવા માટે શહેરની વસ્તી કેટલી હોવી જોઈએ?

(A) 2 લાખથી ઓછી (B) 1.5 લાખ કરતા ઓછી

(C) 1 લાખ કરતા ઓછી (D) એકેય નહીં

22. નવી વસ્તી નીતિ કયારે લાગુ કરવામાં આવી ?

(A) 10-2-2000 (B) 12-2-2000

(C) 15-2-2000 (D) 20-2-2000

23. નવી વસ્તીનીતિનો મધ્યમગાળાનો હેતુ શું છે ?

(A) ફળદ્રુપતા દર 3 કરવી (B) ફળદ્રુપતા દર 2.1 કરવો

(C) બાળ મૃત્યુદર 5 કરવો (D) જન્મદર 8 કરવો

24. નવી વસ્તીનીતિમાં માતા મૃત્યુદરનું લક્ષ્યાંક શું રાખવામાં આવ્યુ ?

(A) 1000 થી ઉપર (B) 100 થી નીચે

(C) 50 થી નીચે (D) 25 થી નીચે

25. વસ્તીવૃધ્ધિ દર કયાં વર્ષ સુધીમાં શૂન્ય પર લઈ જવાનો લક્ષ્યાંક છે ?

(A) 2035 (B) 2040

(C) 2045 (D) 2050

## 11.9 કેટલાક ઉપયોગી પુસ્તકો :

- ભટ્ટ બી.કે , 'માનવ સંસાધનનું અર્થશાસ્ત્ર સ્વાસ્થ્ય' ન્યૂ પોપ્યુલર પ્રકાશન, સુરત (2013)
- ભટ્ટ બી.કે. 'સમાજીક ક્ષેત્રનુ અર્થશાસ્ત્ર' પોપ્યુલર પ્રકાશન, સુરત (2015-16)

  હેલ્થ પોલીસી – 2016, ગુજરાત રાજ્ય

★ તમારી પ્રગતિ ચકાસોના જવાબો.

| | | |
|---|---|---|
| 1.C | 2. A | 3. C |
| 4. D | 5. B | 6. B |
| 7. D | 8. B | 9. C |

| | | |
|---|---|---|
| 10. A | 11. D | 12. C |
| 13. B | 14. C | 15. C |
| 16. A | 17. C | 18. A |
| 19. A | 20. C | 21. A |
| 22. C | 23. B | 24. B |
| 25. C | | |

એકમ 12

# પરિવહન સુવિધાઓ

રૂપરેખા


12.0 ઉદ્દેશો

12.1 પ્રસ્તાવના

12.2 ગુજરાતમાં રેલમાર્ગ (રેલવે)

12.6 ગુજરાતમાં રસ્તાઓ

12.5 ગુજરાતમાં હવાઈ ઉડ્ડયન

12.6 ગુજરાતમાં જળમાર્ગ

12.6 સારાંશ

12.7 ચાવીરૂપ શબ્દો

12.8 તમારી પ્રગતિ ચકાસા

12.9 કેટલાક ઉપયોગી પુસ્તકો/સંદર્ભ

• તમારી પ્રગતિ ચકાસોના જવાબ


## 12.0 ઉદ્દેશો :

આ એકમ ગુજરાત રાજ્યમાં સુવિધાઓની સ્થિતિ શુ હતી અને કેવી છે તેનો પરિચય આપે છે. આ એકમનો અભ્યાસ કર્યા પછી તમે

- ગુજરાત રાજ્યમાં વિવિધ પરિવહન સુવિધાઓ, વિકાસ અને ગુજરાતના વિકાસની ભૂમિકા સમજી શકશો.
- અન્ય રાજ્યોની સરખામણીમાં ગુજરાતમાં પરિવહન સુવિધાઓની સ્થિતિની જાણકારી આપી શકશો.
- ભવિષ્યમાં ગુજરાતમાં પરિવહન સુવિધાઓની તકો કેવી હશે તેની જાણકારી મેળવવા.

## 12.1 પ્રસ્તાવના :

અગાઉના એકમમાં આપણે જાણી ગયા કે ગુજરાતમાં શિક્ષણ અને સ્વાસ્થ્ય જેવી સુવિધાઓમાં પાછલા વર્ષોની તુલનાએ કેટલી પ્રગતિ હાંસલ કરી શકાય છે. અહીં શિક્ષણ અને સ્વાસ્થ્યની સાથે પરિવહન સુવિધાઓ પણ આંતરમાળખાનો એક મહત્ત્વનો ભાગ છે. રાજ્યના વિકાસમાં અગત્યની ભૂમિકા ભજવે છે. આઝાદી પૂર્વે ગુજરાતમાં અનેક દેશી રજવાડાઓ હતા. વળી, આમના ઘણાં રજવાડાની નીતિ પોતાનો વિસ્તાર બીજા રજવાડાના વિસ્તારના સંપર્કમાં ન આવે તે પ્રકારની હતી. તેથી, આવા રજવાડાઓ વચ્ચેના સહકાર અને સંકલનના અભાવે પણ પરિવહન સુવિધાઓ

વિકસી શકી નહોતી, પરંતુ આઝાદી બાદ અને એમાં પણ ખાસ કરીને ગુજરાત રાજ્યની રચના બાદ ઝડપી વિકાસ સંદર્ભે પરિવહન વ્યવસ્થાનું મહત્ત્વ સમજી રાજ્ય સરકારે પરિવહન વ્યવસ્થાના સુધારા માટે પ્રયત્નો કર્યા છે. જેને લીધે આ સેવાના પ્રમાણ અને ગુણવત્તામાં એકદમ સુધારો થયો છે. આ સંદર્ભે ભારતમાં ઔદ્યોગિક દૃષ્ટિએ સાપેક્ષ રીતે આગળ પડતું તથા દેશમાં આર્થિક દૃષ્ટિએ જેની અગ્રગણ્ય રાજ્ય તરીકે ગણના થાય છે તેવા ગુજરાતની પરિવહન સંદર્ભિત સ્થિતિની જાણકારી જરૂરી બને છે. અહીં ગુજરાતની પરિવહન સંદર્ભિત સ્થિતિને ચાર વિભાગમાં સમજી શકાય.

1. રેલવે, 2. રસ્તાઓ, 3. હવાઈમાર્ગ, 4. જળમાર્ગ .

## 12.2 ગુજરાતમાં રેલમાર્ગ (રેલવે) :

ભારતીય રેલવેના કુલ 18 ઝોન છે.જે પૈકી પશ્ચિમ રેલવેએ ભારતીય રેલવેનો એક મહત્ત્વપૂર્ણ ઝોન છે. જેમાં દેશની આર્થિક રાજધાની મુંબઇ, સમગ્ર ગુજરાત, રાજસ્થાન અને મધ્યપ્રદેશના કેટલાક ભાગોનો સમાવેશ થાય છે. પશ્ચિમ રેલવેમાં કુલ 6519 કિ.મી. રેલવે લાઇનનો સમાવેશ થાય છે. જેમાં ગુજરાતનો ફાળો કુલ ૫૨24કિ.મી. રેલવે લાઇન આવે છે. જે પૈકી 3649 કિ.મી. બ્રોડગેજ, 1017 કિ.મી. મીટરગેજ અને 558 કિ.મી. નેરોગેજ છે.

અહીં નોંધવું નોંધવું જોઈએ કે આઝાદી પહેલા ગુજરાતના ભૌગોલિક પરીક્ષેત્રમાં આવતા કેટલાક રજવાડાઓમાં રેલવે લાઈનો હતી. જો કે આઝાદી પછી રેલવે વ્યવસ્થા ભારત સરકારે સંભાળી. એ પછી રેલવેની માળખાકીય સંરચના બદલાઇ આ સંદર્ભમાં ગુજરાતમાં રેલવેના આંતરમાળખાના સંબંધિત સ્થિતિ રેલવે લાઇનોનું પ્રમાણ તથા કેટલાક મહત્ત્વકાંક્ષી પ્રોજેકટોને આધારે સમજીશું.

### 12. 2.1 રેલવે લાઇનનું પ્રમાણ તથા ગેજ સંદર્ભિત સ્થિતિ :

રેલવે એ પ્રવાસીઓ અને માલના પરિવહન માટે મહત્ત્વનું સાધન છે. આ સંદર્ભમાં રેલવે લાઇનનું પ્રમાણ એ રેલવે આંતર માળખાનો વિસ્તાર તથા ગેજ સંદર્ભિત સ્થિતિ સેવાની ગુણવત્તા સાથે સંકાળાય છે. આ સંદર્ભે ગુજરાતની સ્થિતિ જોઇએ તો કોઠા નં. 1 ને જોતા જણાય છે કે ગુજરાતમાં રેલવે લાઇનનું પ્રમાણ

કોઠા નં. 1

ગુજરાતમાં રેલવે લાઇન અને ગેજ સંદર્ભિત સ્થિતિ(કિ.મી.માં)

| વર્ષ | બ્રોડ ગેજ | મીટરગેજ | નેરોગેજ | કુલ |
|---|---|---|---|---|
| 1960-61 | 903 | 3338 | 1155 | 5396 |
| 1970-71 | 1127 | 3417 | 1135 | 5679 |
| 1980-81 | 1312 | 3172 | 1104 | 5588 |
| 1990-91 | 1711 | 2713 | 921 | 5345 |
| 2000-01 | 2014 | 2422 | 876 | 5312 |
| 2010-11 | 3507 | 1205 | 684 | 5271 |
| 2018-19 | 3649 | 1017 | 559 | 5224 |

Source : Socio-ECO Review G.O.G 2019-20

1960-61 માં 5396 કિ.મી. હતું. જે 2018-19માં 5224 કિ.મી. થયું છે. જે દર્શાવે છે કે રેલવે લાઈનનું વિસ્તરણ છેલ્લા 60 વર્ષમાં થયું નથી. ઉપરથી નજીવો ઘટાડો થયો છે. જો કે રેલવેગેઝ રેલવે લાઇન 1951 માં 903 કિ.મી. હતી તે વધીને

3649 કિ.મી. થઈ છે. બીજી બાજુ મીટરગેજ અને નેરોગેજ રેલવે લાઇનોનું પ્રમાણ ઘટ્યું છે જે રેલસેવાની ગુણવત્તા સુધરી હોવાનો નિર્દેશ કરે છે. અહીં એ પણ નોંધવુ જોઈએ કે ગુજરાત રેલવે લાઈન સંદર્ભે દેશમાં ચોથા ક્રમે છે. વિશેષમાં છેલ્લા કેટલાક વર્ષોમાં ગુજરાતમાં રેલવે લાઇનના વિસ્તાર માટે થોડાક પ્રયાસો થયા છે. જે અંતર્ગત પાટણ ભિલડી (51 કિ.મી.)ની લાઇન પૂર્ણ થઇ છે, તો બીજી બાજુ છોટાઉદેપુર- ધાર, સોમનાથ-કોડીનાર, ભીમનાથ- ધોલેરા, દાહોદ, ઈન્દોર વગેરે લાઇનો પ્રગતિમાં જુદા-જુદા તબક્કે છે. વળી, કેટલીક લાઇનોના ગેજ પરિવર્તનનું કામ પણ ચાલુ છે. આજ પ્રમાણે રેલવે સ્ટેશનોનું આધુનિકરણ કરવામાં આવી રહ્યું છે. તેમજ છેલ્લા 4 વર્ષ (2014-19) માં 104 નવી ટ્રેન સેવાઓ ઉપલબ્ધ થઇ છે. આ ઉપરાંત રેલવેને કાર્યક્ષમ માનવબળ મળી રહે એ માટે દેશની પ્રથમ રેલ અને પરિવહન યુનિવર્સિટી વડોદરા ખાતે સ્થપાઇ છે તથા વિવિધ સેવાઓ સંદર્ભે ડિજિટલ ટેક્નોલોજીનો વપરાશ વધ્યો છે તે નોંધવું રહ્યું.

### 12. 2. 2 અમદાવાદ મેટ્રો :

અમદાવાદ ગાંધીનગર વચ્ચે ઝડપી, સલામત અને પર્યાવરણને અનુકૂળ આધુનિક પરિવહન સેવા વ્યાજબી ભાવે લોકોને પૂરી પાડવા તથા ટ્રાફિક ભારણ ઘટાડવા માટે અમદાવાદ મેટ્રો રેલવે લાઇનની કામગીરી પ્રગતિના તબક્કામાં છે. જે અંતર્ગત ગુજરાત ઈન્ફ્રાસ્ટ્રકચર ડેવલોપમેન્ટ બોર્ડ દ્વારા ગાંધીનગર–અમદાવાદ વચ્ચે શહેરી પરિવહનનો અભ્યાસ કરાયો હતો ત્યારબાદ દિલ્હી મેટ્રો રેલ કોર્પોરેશનના માધ્યમથી 2005માં કેન્દ્ર સરકાર પાસેથી મંજૂરી મેળવાઇ એ પછી ગુજરાત સરકાર દ્વારા 4, ફેબ્રુઆરી, 2010 ના રોજ 200 કરોડ રૂપિયાના ખર્ચે મેટ્રો લીંક એકસપ્રેસ ફોર ગાંધીનગર એન્ડ અમદાવાદ (MEGA) કંપની લિમિટેડ સ્થાપના કરવામાં આવી. નામ બદલીને હવે ગુજરાત મેટ્રો રેલ કોર્પોરેશન (GMRC) કરવામાં આવ્યું છે. જેમાં કેન્દ્ર સરકારની 50% ભાગીદારી છે.

આ યોજનમાં જાપાન આંતરરાષ્ટ્રીય સહકારી સંસ્થા (JICO) નવેમ્બર 2015માં પ્રથમ ચરણ માટે રૂા. 5968 કરોડ ફાળો આપવા સંમત થઇ હતી. જે પૈકી 4456 કરોડ રૂપિયાની ફાળવણી પણ કરી દેવાઇ છે.

★ગુજરાત સરકારના આ મહત્ત્વકાંક્ષી પ્રોજેક્ટને બે ચરણોમાં વિભાજીત કરાયો છે.

પ્રથમ ચરણ : કુલ લંબાઇ 40.33 કિ.મી.

- ઉત્તર દક્ષિણ કોરીડોર – 18.87 કિ.મી
- પૂર્વ પશ્ચિમ કોરીડોર – 21.16 કિ.મી.

દ્વિતીય ચરણ : કુલ લંબાઈ 28.25 કિ.મી.

- મોટેરાથી મહાત્મા મંદિર 22.83 કિ.મી.
- ગુજરાત નેશનલ લો. યુનિવર્સિટીથી ગિફ્ટ સીટી સુધી – 5.4 કિ.મી.

આ રેલવે સેવાની સરેરાશ સ્પીડ 31 કિ.મી. રહેશે. 14 માર્ચ 2015માં ગુજરાતના તત્કાલીન મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબેન પટેલની ઉપસ્થિતિમાં આ બંને કારીંડોરનું વારાફરતી ઉદ્‌ઘાટન કરવામાં આવ્યું હતું. જે પૈકી વસ્રાલ -એપરલ પાર્કના 6.5 કિ.મી. લાંબા રૂટનું વડાપ્રધાન અધ્યક્ષ સ્થાને ઉદ્‌ઘાટન કરવામાં આવ્યું અને સાથે બીજા ચરણનો પાયો પણ નંખાયો.

12.2.3 બુલેટ ટ્રેન :

વર્ષો પહેલા જયા પણ બુલેટ ટ્રેનની વાત નિકળે ત્યારે જાપાન, ફ્રાંસ અને ચીન જેવા દેશોને યાદ કરવામાં આવતા. કારણ કે આવી હાઇસ્પીડ ટ્રેનો ફકત આ દેશોમાં જ જોવા મળતી, પરંતુ હવે ભારતમાં પણ બુલેટ ટ્રેન દોડતી જોવા મળે તે દિવસો દૂર નથી. આ સંદર્ભે જોઇએ તો રેલવે બજેટ 2009-10 માં અમદાવાદ-પૂણે (વાયા મુંબઈ) વચ્ચે હાઇસ્પીડ ટ્રેન ચલાવવાનો પ્રસ્તાવ મૂકવામાં આવ્યો. આ માટે સૌ પ્રથમ ભારતીય રેલવે અને ફ્રાંસની રાષ્ટ્રીય રેલવે વચ્ચે સમજૂતી થઇ. ત્યારબાદ 2013માં વડાપ્રધાન ડૉ. મનમોહન સિંહ (ભારત) અને શિન્ઝો આબે (જાપાન) વચ્ચે મુંબઇ- અમદાવાદ કોરિડોર અંગે સમજૂતી કરાર થયા. અહીં આ યોજનાનો નિર્માણ ખર્ચ રૂા. 1.08 લાખ કરોડ પૈકી રૂા. 88,000 કરોડની સોફ્ટલોન 0.1% ના દરે જાપાન દ્વારા આપવામાં આવશે.

અમદાવાદ- મુંબઇ વચ્ચે દોડનારી બુલેટ ટ્રેન માટે 508 કિ.મી. લાંબો ટ્રેક તૈયાર કરવામાં આવશે. જેના ભાગરૂપે NHSRCL – નેશનલ હાઇસ્પીડ રેલ કોર્પોરેશનની રાહબરીમાં ગુજરાત અને મહારાષ્ટ્ર વચ્ચે ડબલ લાઇન નાંખવામાં આવશે. જે પૈકી મહારાષ્ટ્રમાં 155કિ.મી. અને ગુજરાતમાં 351 કિ.મી. નો ટ્રેક નાંખવામાં આવશે. આ બુલેટ ટ્રેન 12 સ્ટેશનને આવરશે અને તેની સ્પીડ 350 કિ.મી. પ્રતિ કલાકની હશે. પરંતુ તેને 320 કિ.મી. પ્રતિ કલાકે દોડાવાશે. જેથી મુંબઇ- અમદાવાદ વચ્ચેની મુસાફરી ૨ કલાક 58 મિનિટમાં પુરી થશે.

12. 2.4 અન્ય :

ભારતીય રેલ કંપની અને ગુજરાત સરકારના સંયુક્ત સાહસથી ગુજરાત રેલવે ઈન્ફ્રાસ્ટ્રકચર ડેવલોપમેન્ટ લિ. (G-RIDE) નામની કંપની રાજયમાં રેલવેનું આંતરમાળખું વિકસાવવા સ્થપાઈ છે. જે અમદાવાદ- ધોલેરા વચ્ચે ઝડપી ગતિની રેલ સેવા સ્થાપશે, કટોસણ- ચાણસ્મા-રણુંજ રેલવે લાઇનનું ગેજ પરિવર્તન કરશે, બંદરો સાથે રેલવે સંપર્ક વધારવાનું આયોજન કરશે તથા રાજ્ય સરકારના સહયોગમાં રહી સંભવિત રેલવે પ્રોજેક્ટોની ઓળખ કરશે.

છેલ્લે કહી શકાય કે ગુજરાતમાં રેલ માળખાના કદ અને ગુણવત્તામાં વધારો થવાથી ગુજરાતના ઉદ્યોગો, ખેતી અને સેવાક્ષેત્રના વિકાસને વેગ મળશે.

## 12.3 ગુજરાતમાં રસ્તાઓ :

12.3.1 રસ્તાઓનુ મહત્ત્વ :

રસ્તાઓ અને આર્થિક આંતરમાળખાનો એક મહત્ત્વનો ભાગ છે તે ખેતી, ઉદ્યોગ, સેવા સંબંધિત પ્રવૃત્તિઓનો વિસ્તાર કરવા માટે તથા ગતિશીલ રાખવા માટે ખૂબ જ અનિવાર્ય છે રસ્તાઓ

- દેશના આંતરિક ભાગોમાંથી નિકાસી વસ્તુઓ બંદરો સુધી પહોંચાડવાનું તથા આયાતી વસ્તુઓને જે-તે વિસ્તાર સુધી પહોંચાડવાનું સરળ બનતાં વિદેશ વેપારને વેગ મળે છે.
- રસ્તાઓ દ્વારા કાચા માલને પ્રોસેસીંગ યુનિટો સુધી અને તૈયાર માલને બજાર સુધી લઇ જવાનું સરળ બને છે જેથી ઉત્પાદન વૃદ્ધિને વેગ મળે છે.
- રસ્તાઓનું પ્રમાણ તથા ગુણવત્તા માણસો અને માલપરિવહનના ટ્રાફિકને હળવો

બનાવે છે.

- આરોગ્ય, શિક્ષણ વગેરે જેવી સેવાઓ સારા રસ્તાઓથી દૂર દૂર સુધી વિસ્તરે છે, જે છેવટે માનવમૂડી સર્જી દેશના વિકાસમાં મદદરૂપ બને છે.
- ગ્રામીણ કક્ષાએથી કૃષિ ઉત્પાદન અને ગૃહઉદ્યોગોની વસ્તુઓ બજારો સુધી પહોંચાડી તે ગ્રામ્ય વિકાસમાં પરોક્ષ રીતે મદદગાર બને છે.
- પ્રવાસન ઉદ્યોગના વિકાસમાં પણ રસ્તાઓના પ્રમાણ અને ગુણવત્તાનું મોટું યોગદાન છે.

ટૂંકમાં, રસ્તાઓનું પ્રમાણ અને તેની ગુણવત્તાએ સમતોલ અને ઝડપી વિકાસમાં મહત્ત્વની ભૂમિકા ભજવે છે. આ સંદર્ભમાં ભારતમાં આર્થિક વિકાસની દૃષ્ટિએ અગ્રગણ્ય એવા ગુજરાતની રસ્તાઓ સંદર્ભિત સ્થિતિ તેના પ્રમાણ, સ્વરૂપ અને ગુણવત્તાના આધારે જાણી શકાય.

### 12.3.2 ગુજરાતમાં રસ્તાઓ સંદર્ભિત સ્થિતિ :

ગુજરાત રાજ્ય એ પશ્ચિમ ભારતમાં સમૃદ્ધ રાજ્ય છે. અને વિસ્તૃત માર્ગ નેટવર્ક સાથે સારી પરિવહન સુવિધા ધરાવે છે. અહીં ગુજરાત સરકારના માર્ગ અને મકાન વિભાગ (R & B) દ્વારા રાજ્યના ધોરીમાર્ગો અને પંચાયત માર્ગોના બાંધકામ અને જાળવણીની કામગીરી કરવામાં આવે છે. આ સંદર્ભમાં ગુજરાતમાં રસ્તાઓ સંદર્ભિત સ્થિતિ નીચેના મુદ્દાઓને આધારે જાણી શકાય.

I. ગુજરાતમાં રસ્તાઓના પ્રકાર અને લંબાઇ :

ગુજરાત રાજ્ય એ દેશનું સાપેક્ષ રીતે સૌથી સારું રસ્તાઓનું આંતરમાળખું ધરાવતા રાજ્યો પૈકીનું એક છે. રાજયના 99.50% ગામો પાકા રસ્તાથી જોડાયેલા છે. વળી, સમયની સાથે વર્ષે વર્ષે નવા રસ્તા બન્યા પણ છે. આ સંદર્ભે કોઠા નં.2ને જોતા જણાય છે કે ગુજરાતમાં છેલ્લા છત્રીસ વર્ષોમાં (1980-812016-17) રસ્તાઓનું માળખું સતત વિસ્તરતું ગયું છે. જે અંતર્ગત વર્ષ 1980-81માં રાષ્ટ્રીય ધોરીમાર્ગો, રાજ્ય ધોરીમાર્ગો, મુખ્ય જિલ્લા માર્ગો, અન્ય જિલ્લા માર્ગો અને ગ્રામ્ય રસ્તાઓનું પ્રમાણ અનુક્રમે 1424,9158, 10633, 10870 અને 15341 મળી કુલ 47426 કિ.મી. હતું. જે 2016-17 માં અનુક્રમે 5146, 17248, 20112, 10259 અને 28481 મળી કુલ 81246 કિ.મી. થયું હતું. જે લગભગ 71% નો વધારો સૂચવે છે.

અહીં આ રસ્તાઓ પૈકી 3655કિ.મી. ના રસ્તાઓ ત્રીણ માર્ગીય, ચતુર્થ માર્ગીય કે તેથી વધુ માર્ગના છે. જયારે 15295 કિ.મી. રસ્તાઓ દ્વિ-માર્ગીય અને 60186 કિ.મી.રસ્તા એકમાર્ગીય છે. અર્થાત એકમાર્ગીય રસ્તાઓનું પ્રભુત્વ છે. આ સંદર્ભે શક્ય બને ત્યાં રસ્તાઓ દ્વિ-માર્ગીય કે તેથી વધુ માર્ગના બનાવવાની જરૂર જણાય છે.

કોઠા નં. 2

ગુજરાતમાં રસ્તાઓના પ્રકાર અને લંબાઇ(કિ.મી.મા)

| વર્ષ | રાષ્ટ્રીય ધોરીમાર્ગ | રાજ્ય ધોરીમાર્ગ | મુખ્ય જિલ્લા માર્ગ | અન્ય જિલ્લા માર્ગ | ગ્રામ્ય રસ્તાઓ | કુલ |
|---|---|---|---|---|---|---|
| 1980-81 | 1424 | 9158 | 100633 | 10870 | 15341 | 47426 |
| 1990-91 | 1572 | 19048 | 20060 | 9986 | 16399 | 67063 |
| 2001-01 | 2382 | 19129 | 20964 | 10577 | 20567 | 73619 |
| 2010-11 | 3262 | 18480 | 20522 | 10230 | 25083 | 77577 |
| 2016-17 | 5146 | 248 | 112 | 259 | 28481 | 81246 |

પ્રાપ્તિસ્થાન : સામાજિક-આર્થિક સમીક્ષા, 2019-20 ગુજરાત રાજ્ય

નોંધ : આમા નોન પ્લાન, પ્રોજેકટ, કમ્યુનિટી અને શહેરી રોડનો સમાવેશ થયેલો છે.

II. રસ્તાઓની સપાટી (કાચા-પાકા રસ્તા) સંદર્ભિત સ્થિતિ :

રસ્તાઓની સપાટીનું સ્વરૂપ એ પણ રસ્તાની ગુણવત્તાનો એક નિદર્શક છે. આ સંદર્ભે જોઇએ તો વર્ષ 1960-61 માં સિમેન્ટકોક્રિટ, ડામર-અર્ધપાકા પાણી, છાંટેલી કપચી-અર્ધપાકા અને સપાટી વગરના રસ્તાઓનું પ્રમાણ અનુક્રમે 1080, 4434, 6416 અને 10699 હતું તે 2016-17માં અનુક્રમે 0 , 78742, 729અને 1775 થયું હતું. અર્થાત1960-61માં કુલ રસ્તાઓ પૈકી 20% રસ્તા ડામરના હતા. જે પ્રમાણ 2016-17માં 97% થયું છે.

કોઠા નં. 3

સપાટીના સ્વરૂપ આધાર રસ્તાઓની લંબાઇ(કિ.મી.મા)

| વર્ષ | સિમેન્ટ કોક્રિટ | કાળી સપાટી (ડામર) | પાણી છાંટેલી કપચી | કુલ (અર્ધપાકા) સપાટીવાળા રસ્તાઓ | સપાટી વગરના રસ્તાઓ | એકંદરે કુલ |
|---|---|---|---|---|---|---|
| 1960-61 | 1080 | 4434 | 6416 | 11930 | 10699 | 22629 |
| 1970-71 | 929 | 10746 | 5445 | 17120 | 17226 | 34346 |
| 1980-81 | 254 | 22995 | 10306 | 33554 | 13867 | 47426 |
| 1990-91 | 2 | 40863 | 18005 | 58870 | 8195 | 67065 |
| 2000-01 | 2 | 61400 | 8614 | 70016 | 3603 | 73319 |
| 2010-11 | 0 | 73469 | 1888 | 75357 | 2220 | 77577 |
| 2016-17 | 0 | 78742 | 729 | 79471 | 1775 | 81246 |

સ્રોત : સામાજિક-આર્થિક સમીક્ષા, 2019-20, ગુજરાત રાજ્ય

નોંધ :પ્રોજેકટ કમ્યુનીટી અને શહેરી રોડનો સમાવેશ થયેલો નથી.

III નોન-પ્લાન, કમ્યુનિટી, શહેરી અને પ્રોજેકટ રોડનું પ્રમાણ

રસ્તાઓના માળખામાં નોન-પ્લાન, કમ્યુનિટી રોડ, શહેરી રોડ, (નગરપાલિકા વિસ્તાર, રેલવેઝોન, બંદરો વગેરે પરના રોડ) પ્રોજેકટ રોડ વગેરેની ભૂમિકા પણ આર્થિક વિકાસ અને નાગરિક સુવિધાઓ સંદર્ભે મોટી છે. આ સંદર્ભે કોઠા નં. 4 ને જોતા જણાય છે કે

કોઠા નં. 4

નોન-પ્લાન, કમ્યુનિટી, શહેરી અને પ્રોજેકટ રોડનું પ્રમાણ(કિ.મી.મા)

| વર્ષ | નોન-પ્લાન રોડ | કમ્યૂનીટી-રોડ | શહેરી રોડ | પ્રોજેકટ રોડ |
|---|---|---|---|---|
| 2003-04 | 28463 | 44434 | 15942 | 8738 |
| 2010-11 | 31424 | 51590 | 21687 | 8688 |
| 2016-17 | 36088 | 53288 | 28816 | 13095 |

સ્રોત :સામાજિક-આર્થિક સમીક્ષા : 2019-20, ગુજરાત રાજ્ય

વર્ષ 2003-04 માં નોન-પ્લાન, કમ્યુનિટી, શહેરી અને પ્રોજેકટ રોડનું પ્રમાણ અનુક્રમે 28463, 44434, 15942 અને 873 કિ.મી. હતું. અર્થાત આ પ્રકારના રોડનું કુલ પ્રમાણ 97577 કિ.મી. હતું. જે વર્ષ 2016-17માં અનુક્રમે 36088,53288, 28816 અને 1309 કિ.મી. થયું હતુ. અર્થાત આ પ્રકારના કુલ

રોડનું પ્રમાણ 131287 થયું. એટલે કે 2003-04ની સરખામણીએ આ પ્રકારના રોડનું પ્રમાણ અંદાજે 34% વધ્યું હતું.

12.3.3 પ્રધાનમંત્રી ગ્રામ સડક યોજના :

આ યોજના વર્ષ 2000 માં તત્કાલિન વડાપ્રધાન અટલબિહારી વાજપેઇ થકી શરૂ થયેલી વર્ષ 2015 સુધી સંપૂર્ણપણે કેન્દ્ર સરકાર દ્વારા પુરસ્કૃત હતી. પછીથી 60% કેન્દ્ર અને 40% રાજ્યના ફાળાથી ચાલે છે. જે ભારતીય ગ્રામ વિકાસ મંત્રાલય (MORD) (રાષ્ટ્રીય ગ્રામીણ માર્ગ વિકાસ એજન્સી) અને સંબંધિત રાજ્યો દ્વારા અમલમાં છે. આ યોજના અંતર્ગત વસ્તી ગણતરી 2001 મુજબના 250 થી વધુ વસ્તીના આદિજાતિ વિસ્તારના અને 500થી વધુ વસ્તીવાળા બિનઆદિજાતિ વિસ્તારને બારેમાસ સંપર્ક કરી શકાય એ રીતે જોડવા તથા જે રાજ્યોમાં ઉપર મુજબ જોડાણની 100% સિદ્ધિ મેળવી લેવામાં આવ્યા હોય તેવા રાજ્યોમાં હયાત રોડ નેટવર્ક પૈકી માર્ગદર્શિકા મુજબના માર્કિંગની પાત્રતામાં આવતા પસંદગીના ગ્રામ્ય અને અન્ય જિલ્લા માર્ગોને જોડીને બનતા રૂટને 5.5 મીટર પહોળા કરવાની જોગવાઇ કરાઇ છે.

ગુજરાતમાં આ યોજનાનું અમલીકરણ માર્ગ અને મકાન (પંચાયત) વિભાગ હેઠળની વિભાગીય કચેરી મારફત કરવામાં આવે છે. તથા રાજ્ય કક્ષાએ સમીક્ષા ગુજરાત રાજ્ય, ગ્રામીણ રસ્તા વિસ્તાર સંસ્થા/માર્ગ અને મકાન વિભાગ દ્વારા કરવામાં આવે છે.

આ યોજના અંતર્ગત ગુજરાતમાં 2000-01 થી 2017-18 સુધીમાં વિવિધ તબક્કા અનુસાર 12736કિ.મીના રસ્તા મંજૂર થયા હતા. તે પૈકી 4520 કિ.મી.ના રસ્તા પૂર્ણ થયા છે. જેનો લાભ 3378 વસાહતોને થયો છે.

12.3.4 મુખ્યમંત્રી ગ્રામ સડક યોજના :

વર્ષ 2016-17માં અમલમાં આવેલ મુખ્યમંત્રી ગ્રામીણ સડક યોજના અંત્રગત ગ્રામીણ વસાહતો સાથે રોડ સંપર્ક સ્થાપિત કરવો નો-પ્લાન અંતર્ગત બનેલા રોડનું નવીનીકરણ (રિસરફેસ) કરવા, હયાત રસ્તાઓનું સમારકામ કરવું, રસ્તાઓને પહોળા કરવા, પુલ વગેરે બનાવવા, કોઝ-વે/ડીપનું બ્રિજમાં રૂપાંતર કરવું વગેરે હેતુ રહેલા છે. આ માટે સરકારે દસ હજાર કરોડના મૂડી રોકાણનો લક્ષ્યાંક રાખ્યો જે અંતર્ગત 2016-17માં મંજૂર થયેલ 14466 કિ.મી.ના રસ્તા પૈકી 12956 કિ.મી.ના રસ્તા પૂર્ણ કરાયા હતા. એજ પ્રમાણે 2017-18માં મંજૂર થયેલ 8997 કિ.મી. ના રસ્તાઓ પૈકી 5827 કિ.મી. ના રસ્તાનું કાર્ય પૂર્ણ કરાયું હતું.

જે અંતર્ગત 2016-17 અને 2017-18માં અનુક્રમે 14466 કિ.મી. અને 8997 કિ.મીના મંજૂર થયેલ રસ્તાઓ પૈકી અનુક્રમે 12956 કિ.મી. અને 5827 કિ.મી.નું કામ પૂર્ણ થયું હતું. જ્યારે બાકીના રસ્તાઓની કામગીરી ચાલું હતી. જે દર્શાવે છે કે ગુજરાતમાં રસ્તાઓની ગુણવત્તામાં ખૂબ મોટો હકારાત્મક ફેરફાર થયો છે.

## 12.4 ગુજરાતમાં હવાઇ ઉડ્ડયન :

ગુજરાત સરકારના નિયંત્રણ હેઠળ આવતા હવાઇમથકો અથવા હવાઇપટ્ટી અમરેલી, ધાંગધ્રા, રાધનપુર, વઢવાણ, લીંબડી, માંડવી, મહેસાણા, વાંકાનેર અને ખંભાળિયાનો સમાવેશ થાય છે. જેમાં છાડબેટ, ધાંગધ્રા, રાંધનપુર, ખંભાળિયા,

વઢવાણ, લીંબડી અને વાંકાનેર ઉપયોગમાં ન લેવાતા હવાઈ મથકો છે. આ ઉપરાંત ગુજરાતના જુદા જુદા જિલ્લા અને તાલુકા મથકોએ કુલ 126 કાયમી અને 82 કામચલાઉ હેલીપેડ પણ છે.

વિશેષમાં GUJSAIL દ્વારા આવનાર દિવસોમાં પાલીતાણા, મોરબી, માંડવી, પરસોલી, રાજપીપળા, દહેજ, દ્વારકા, રાજકોટ, અંબાજી, ધોળાવીરા અને અંકલેશ્વરમાં હવાઈપટ્ટી ઉભી કરવાનું આયોજન છે, કે જેથી પ્રવાસન ઉદ્યોગને વિકસાવી શકાય આ ઉપરાંત એરોનોટિકલ અથવા ફલાઇંગ કલબ ગ્લાઇડીંગ કલબ, તાલીમી કૉલેજો, શાળાઓ, પાયલોટ માટે કલબ તથા વાયરલેસ ઓપરેશન તથા વિવિધ રમત-ગમત પ્રવૃત્તિઓ જેવી કે પેરા ગ્લાઇડીંગ, પેરા ફલાઇંગ અને હેડ ગ્લાઇડર ચલાવવા માટે વિવિધ સંસ્થાઓની સ્થાપના કરવાનું આયોજના પણ છે. આ ઉપરાંત ગુજરાત સરકારે ઉડ્ડયનક્ષેત્રને મજબૂત બનાવવા રાજકોટ નજીક ભારતનો પ્રથમ ઉડ્ડયન ઉદ્યાન સ્થાપવાનો નિર્ણય કર્યો છે. આ માટે GUJSAILને કામગીરી સોંપવામાં આવી છે. તે એક સંકલિત ઉડ્ડયન ઉદ્યાન હશે. જેનો હેતુ ઉડ્ડયનક્ષેત્રે સંબંધિત ઉત્પાદન પ્રવૃત્તિઓ અને માનવ સંસાધનો માટે એક મંચ પૂરુ પાડવાનો છે.

હવાઈ ઉડ્ડયન સંદર્ભે આંતરમાળખું એ જે તે પ્રદેશમાં આંતરિક અને આંતરરાષ્ટ્રીય વેપારના વિકાસ, પ્રવાસન વિકાસ, ટ્રાફિક નિયમન અને રોજગાર વૃદ્ધિ સંદર્ભે મહત્ત્વની ભૂમિકા ભજવી સમગ્રલક્ષી આર્થિકવિકાસમાં પોતાનો ફાળો આપે છે. આ સંદર્ભે ગુજરાતની ચર્ચા કરીએ તો ગુજરાત સરકાર અને કેન્દ્ર સરકાર બંને ગુજરાતમાં હવાઈ ઉડ્ડયન સંદર્ભિત આંતરમાળખું વિકાસવવા પ્રયત્નશીલ છે. અહીં વર્ષ 2002માં ગુજરાત નાગરિક ઉડ્ડયન વિભાગની સ્થાપના થઇ અને એ પછી ગુજરાત સરકાર દ્વારા હવાઇ ઉડ્ડયન સંદર્ભે આંતરમાળખું વિકસાવવા અને મેન પાવર પૂરો પાડવા સ્થાપવામાં આવેલ જાહેરક્ષેત્રની કંપની "ગુજરાત રાજ્ય ઉડ્ડયન આંતરમાળખાકીય કંપની લિમીટેડ (GUJSAIL) એ રાજ્યમાં ઉડ્ડયન અને તે સંબંધિત આંતરમાળખાના વિકાસ માટેની નોડલ એજન્સી છે. અહીં ગુજરાતના હવાઇ માર્ગે કે હવાઇ ઉડ્ડયન સંબંધિત આંતરમાળખાને નીચે પ્રમાણે સમજી શકાય.

- એરપોર્ટ ઓથોરીટી ઑફ ઇન્ડિયા (AAI) - કેન્દ્ર સરકારના નિયંત્રણ નીચેના હવાઇ મથકો : આ અંતર્ગત અમદાવાદ, ભાવનગર, રાજકોટ, સુરત, ડીસા, પોરબંદર, કંડલા, કેશોદ અને વડોદરા હવાઇ મથકોનો સમાવેશ થાય છે. જેનું સંચાલન અને જાળવણી AAI થકી થાય છે.
- ઈન્ડિયન એરફોર્સ (IAF)ના નિયંત્રણવાળા હવાઇ મથકો નલિયા, ભુજ અને જામનગર એમ ત્રણ હવાઇ મથકોનું સંચાલન અને જાળવણી IAF થકી થાય છે.
- ખાનગી હવાઇમથક : ટાટા કેમિકલ્સનું મીઠાપુર અને અદાણી કંપનીનું મુ એ ગુજરાતમાં આવેલા ખાનગી હવાઇમથકો છે.

## 12.5 ગુજરાતમાં જળમાર્ગ :

વેપાર-વાણિજ્યના વિકાસ, રોજગાર વૃદ્ધિ, ટ્રાફિક સંચાલન, હૂંડિયામણ કમાણી વગેરે થકી આર્થિકવિકાસને વેગ આપવામાં આંતરમાળખામાં એક ભાગ તરીકે જળમાર્ગનું મહત્ત્વ રહેલું છે. આ સંદર્ભમાં ગુજરાતના જળમાર્ગની ચર્ચા કરીએ તો રાજ્યમાં આંતરિક જળમાર્ગના વિકાસની તકો મર્યાદિત છે પણ રાજ્ય વિશાળ દરિયા કાંઠો ધરાવતું હોવાથી દરિયાઇ જળમાર્ગનો વિકાસ થયો છે. આ સંદર્ભમાં ગુજરાતમાં જળમાર્ગ સંદર્ભિત આંતરમાળખું અને તેને લગતા મુદ્દાઓની ચર્ચા નીચે પ્રમાણે થઈ શકે.

12.5.1 બંદરોનું પ્રમાણ અને સુવિધાઓ સંદર્ભિત સ્થિતિ :

ગુજરાત દેશમાં સૌથી લાંબો 1600 કિ.મી. નો દરિયા કિનારો ધરાવવા સાથે સૌથી વધુ બંદરો પણ ધરાવે છે. રાજ્યમાં 1 મોટું, 11 મધ્યમ કક્ષાના અને 36 નાના બંદરો છે. જેની વિશેષ માહિતી નીચે મુજબ છે.

(A) ગુજરાત મેરીટાઈમ બોર્ડ :

દેશના પ્રથમ મેરીટાઈમ બોર્ડ તરીકે ગુજરાત મેરીટાઈમ બોર્ડની સ્થાપના 1982માં થઇ હતી. આ બોર્ડ રાજ્યના 44 મધ્યમ અને નાના બંદરોનાં સંચાલન અને નિયંત્રણનું કાર્ય કરે છે. તે મોટા બંદરો પર ટ્રાફિકનો બોજ હળવો થાય તે માટે મધ્યમ અને નાના બંદરો પર માલપરિવહન સંદર્ભે અદ્યતન સુવિધાઓ વિકાસાવવાનું કાર્ય કરે છે. આ સંદર્ભમાં જોઇએ તો વર્તમાનમાં (2018-19) દેશના નાના બંદરોઅ ગુજરાત મેરીટાઈમ બોર્ડ વિવિધ યોજનાઓ અંતર્ગત બંદરોને અદ્યતન બનાવવાનું તથા સુવિધાઓ વિકસાવવાનું કાર્ય કરે જાય છે જે અંતર્ગત

- ગ્રીન બંદર : ગુજરાત મેરીટાઈમ બોર્ડ ગુજરાત સરકાર અને ખાનગીક્ષેત્રના ઉપક્રમે BOOT ( Build, Own, Operate and Trasfer) આધારિત દસ ગ્રીનફિલ્ડ બંદરો વિકસાવવાનું આયોજન કરેલું છે. જે અંતર્ગત બધી જ ઋતુમાં કામ આપી શકે એ રીતના ઊંડા બંદરો બનાવવામાં આવી રહ્યા છે. આ સંદર્ભમાં પીપાવાવ, મુન્દ્રા, દહેજ અને હજીરા ગ્રીનફિલ્ડ બંદરો તરીકે વિકસી ચૂક્યા છે. આ ઉપરાંત છારા, નાગરોલ અને વાંસી, બોરસી એ વિકાસના તબક્કામાં છે.

- કેપટીવ જેટ્ટી : જે-તે કંપનીએ બંદર ઉપર પોતાની જરૂરિયાત મુજબ કાચો માલ લાવવા અને તૈયાર માલ મોકલવા સુવિધા વિકસાવી હોય એમ કેપટીવ જેટ્ટી કહે છે. વર્તમાનમાં 30 જેટલી જેટ્ટી વિવિધ બંદરો પર ખાનગી કંપની દ્વારા BOT (Build, Operate, Trasfer) ધોરણે ખાનગી કંપનીઓને બંદરો પર ખાનગી જેટ્ટી બાંધવાની છૂટ અપાઇ છે. જેનો તેઓ શરત મુજબ ૫થી ૨૫વર્ષ સુધી ઉપયોગ કરી શકે છે.

(B) કંડલા ( દિનદયાળ પોર્ટ ટ્રસ્ટ) :

આઝાદી પછી પશ્ચિમ કાંઠાનું મહત્ત્વનું બંદર કરાંચીએ પાકિસ્તાનમાં જતાં તેના વિકલ્પરૂપે ભારતને પશ્ચિમ કાંઠે એક મોટા બંદરની જરૂર જણાઇ. આ સંદર્ભમાં કેન્દ્ર સરકારે કંડલાને મહાબંદર તરીકે વિકસાવ્યું છે. જે દેશના મોટા બંદરોએ થતા ટ્રાફિકનો 10% હિસ્સો ધરાવે છે. આ બંદરેથી વર્ષ 2018-19માં કુલ 1154 લાખ ટન માલ પરિવહન થયું હતું.

(C) ખાનગી બંદરો :

ગુજરાતે બંદર વિકાસના ભાગરૂપે ખાનગી બંદરો વિકસાવવાની નીતિને પણ પ્રોત્સાહન આપ્યું છે. આ સંદર્ભે મુન્દ્રા અને પીપાવાવ એ અનુક્રમે ગુજરાત પીપાવાવ પોર્ટ લિમિટેડ અને ગુજરાત અદાણી પોર્ટ અને સેઝ લિમિટેડ દ્વારા સંચાલિત ખાનગી બંદરો છે. અહીં મુન્દ્રા એ વિશ્વકક્ષાનું વાણિજ્ય બંદર અદાણીગૃપ અને ગુજરાત સરકાર દ્વારા તૈયાર થયું છે. આ ઉપરાંત પીપાવાવ અને મુદ્રાને બંદરીયનગર તરીકે વિકસવવાનું આયોજન પણ છે.

12.5. 2 રો-રો ફેરી (Roll on – Roll off) સર્વિસ :

22, ઑક 2017 ના રોજ વડાપ્રધાન નરેન્દ્ર મોદીના હસ્તે શરૂ થયેલ રો-રો ફેરી યોજના એ ગુજરાતના પરિવહન સંદર્ભે એક મહાત્વાકાંક્ષી યોજના છે. આ યોજના સંપૂર્ણપણે પૂર્ણ થયે એક સાથે 100 વાહનો (ટ્રક, કાર વગેરે) અને 250 મુસાફરોનું

જહાજ દ્વારા સૌરાષ્ટ્રના ઘોઘાથી દક્ષિણ ગુજરાતના દહેજ બંદરે જઇ શકાશે, જેથી જમીન માર્ગે થતું 360 કિ.મી.નું અંતર દરિયાઇ માર્ગે 32 કિ.મી. થઇ જતાં મુસાફરીનો સમય 6-8 કલાકને બદલે 1-1.5 કલાકનો થશે. વળી, રસ્તાઓ પર ટ્રાફિક બોજ ઘડવા સાથે મુસાફરી ખર્ચ પણ ઘટશે. આ યોજનાનો ખર્ચ કેન્દ્ર સરકાર (સાગરમાલ યોજના અંતર્ગત) અને રાજ્ય સરકાર સંયુક્ત રીતે ભોગવશે.

12.5.3 ગુજરાતમાં જળમાર્ગની સમસ્યાઓ :

- વિશ્વના વિકસિત દેશોના બંદરો પાસે જે પ્રકારના આધુનિક બાંધકામ અને સાધનો છે એ પ્રકારનું બાંધકામ અને સાધનો ન હોવાથી માલસામાનની હેરફેરમાં સમય અને શ્રમનો વ્યય વધુ થાય છે.
- બંદરો પર કાંપ ઉલેચવાના પ્રશ્ન વારંવાર સર્જાય છે.
- ગુજરાતના બધા બંદરો બારમાસી ન હોવાથી ચોક્કસ સમયગાળામાં તે બિનઉપયોગી સાબિત થાય છે.
- બંદરોના વિકાસ માટે જરૂરી માનવસંસાધન (નૌકા વૈજ્ઞાનિકો, ઇજનેરો વગેરે) ની અછત વર્તાય છે.

## 12.6 સારાંશ :

ગુજરાત રાજ્ય અસ્તિત્વમાં આવ્યા પછી રાજ્ય અને કેન્દ્ર સરકારના પ્રયત્નોથી રાજ્યમાં પરિવહન સુવિધાના પ્રમાણ તથા સ્તરમાં એકંદરે સુધારો આવ્યો છે. આ સંદર્ભે જોઇએ તો રાજ્યની રચના સમયે રેલવેક્ષેત્રે ગુજરાતમાં મુખ્યત્વે નેનોગેજ અને મીટરગેજનું વધુ પ્રમાણ હતું. જેનું આજે મોટા પ્રમાણમાં બ્રોડગેજમાં રૂપાંતર કરવામાં આવ્યુ છે. ટ્રેનની વધતી જતી સંખ્યા, પેસેન્જરનું વધતુ પ્રમાણ અને ઔદ્યોગિક વિકાસમાં ટ્રેનની વધતી જતી માંગના પરિણામ સ્વરૂપ ગુજરાતમાં ડબલ રેલવે લાઇનની સંખ્યામાં પણ વધારો કરવામાં આવ્યો છે. વળી, ગુજરાતની જનતા વધુ સારી, ઝડપી અને આરામદાયક મુસાફરી કરી શકે તે હેતુથી મેટ્રો ટ્રેન અને બુલેટ ટ્રેનની સેવા પણ શરૂ કરવામાં આવી રહી છે. આજ રીતે રસ્તાઓ સંદર્ભે જોઇએ તો આજે ગુજરાતમાં તમામ ગામડાઓને શહેરના મુખ્ય ધોરીમાર્ગથી જોડી દેવામાં આવ્યા છે. જેથી ગ્રામ્ય કૃષિક્ષેત્રનો ઝડપી વિકાસ શક્ય બન્યો છે. વળી, રાજ્યમાં વધતી જતી વાહનોની સંખ્યાને ધ્યાને લેતા ટ્રાફિકની અગવડતાઓ દૂર કરવા વધુ સારા અને પહોળા રસ્તાઓ પણ બનાવવામાં આવી રહ્યા છે. આજ પ્રમાણે હવાઇ ઉડ્ડયનક્ષેત્રે ગુજરાત સરકાર અને GUJSAIL જેવી એજન્સી ઉડ્ડયન ક્ષેત્રે સંબંધિત આંતર માળખાના વિકાસક્ષેત્રે સતત પ્રયત્નશીલ છે. વિશેષમાં રાજ્યમાં AAI દ્વારા 9, IAF દ્વારા 3 અને ખાનગીક્ષેત્ર અંતર્ગત હવાઇમથક કાર્યરત છે. આજરીતે જળમાર્ગની ચર્ચા કરીએ તો રાજ્યમાં 1 મોટું અને 46 મધ્યમ તથા નાના બંદરો કાર્યરત છે. અહીં ગુજરાતમાં બંદરવિકાસ ક્ષેત્રે ગુજરાત મેરીટાઇમ બોર્ડ મહત્ત્વની ભૂમિકા ભજવી રહ્યું છે.

## 12.7 ચાવીરૂપ શબ્દો :

- કૃષિ ઉપજ : કૃષિક્ષેત્ર ઉત્પાદિત થતા રોકડિયા પાકો, અનાજ, શાકભાજી વગેરેને કૃષિ ઉપજ કહેવામાં આવે છે.
- રો-રો ફેરી સર્વિસ : ભાવનગરના ઘોઘા અને ભરૂચના દહેજ બંદર વચ્ચે ખંભાતના અખાતના વાહનવ્યવહારનાં અંતરમાં ઘટાડો કરવા માટે જળ પરિવહન મારફતે

વ્યાપારી, વાહનો, કાર અને મુસાફરોની હેરફેર માટે આ યોજના શરૂ કરવામાં આવી છે.

- મુક્ત વ્યાપાર ઝોન : મુક્ત વ્યાપાર ઝોન એ ખાસ આર્થિક ક્ષેત્રનો એક ભાગ છે. આ એક એવો ભૌગોલિક વિસ્તાર છે કે જયાં માલનું ઉત્પાદન કરવું, માલના ઉતરાણના સ્ટોક કે હેન્ડલનો સમાવેશ થાય છે. આવા વિસ્તારમાં કામ કરતી કંપનીઓને સરકાર તરફથી વિશેષ લાભો અને છૂટકારો આપવામાં આવે છે. આ પ્રકારના વેપાર ઝોનમાં ખાસ કરીને મોટા બંદરો, હવાઈમથકો, રાષ્ટ્રીય સરહદો અને તેની આસપાસના ઘણાં ભૌગોલિક ક્ષેત્રોનો સમાવેશ થાય છે.
- ગ્રીન ફિલ્ડ પોર્ટ : BOOT ( Build, Own, Operate and Trasfer) આધારિત બંદરોને ગ્રીન ફિલ્ડ બંદરો કહે છે. જયાં બારમાસી સીધું/બર્થીંગ અને મોટા જહાજો લાગરી શકે તેવા ઊંડા પાણીના બંદરો વિકાસ પામ્યાં હોય છે.

## 12.8 તમારી પ્રગતિ ચકાસો :

(ક) નીચેના પ્રશ્નોના વિસ્તારથી જવાબ લખો.

1. ગુજરાત રાજયમાં પરિવહન વિકાસ પર નોંધ લખો.
2. ગુજરાત રાજયમાં પરિવહન વિકાસ માટે નડતી સમસ્યાઓ લખો.
3. ગુજરાતના જળમાર્ગ અને હવાઈમાર્ગની વિસ્તૃત માહિતી અને તે ક્ષેત્રોની સમસ્યાઓ વિશે લખો.
4. ગુજરાતના સડક અને રેલમાર્ગના વિકાસને તપાસો.

(ખ) ટૂંકનોંધ લખો.

1. GUJSAIL
2. ગ્રીનફિલ્ડ બંદરો
3. રો-રો ફેરી સર્વિસ
4. ગુજરાત મેટ્રો રેલ કોર્પોરેશન વિશે 50 શબ્દોમાં જણાવો.
5. બુલેટ ટ્રેન વિશે નોંધ લખો.
6. પ્રધાનમંત્રી ગ્રામ સડક યોજના વિશે નોંધ લખો.
7. રસ્તાઓનું મહત્ત્વ જણાવો.

(ગ) ખાલી જગ્યા પૂરો :

1. ગુજરાતમાં હવાઈ ઉડ્ડયન ક્ષેત્રે રાજ્ય સરકાર દ્વારા સ્થાપિત -------------કંપની કાર્યરત છે.

   (અ) GUJSAIL (બ) AAI (ક) IAF
2. ગુજરાતનું -----------હવાઈ મથક એ IAF દ્વારા સંચાલિત છે.

   (અ) વડોદરા (બ) અમદવાદ (ક) જામનગર (ડ) સુરત
3. નીચેનામાંથી કયું હવાઈમથક રાજ્ય સરકાર દ્વારા સંચાલિત છે ?

   (અ) અમદવાદ (બ) ભુજ (ક) મહેસાણા (ડ) ડીસા
4. ઘોઘા-દહેજ વચ્ચે રો-રો ફેરી સર્વિસની મુસાફર પરિવહન ક્ષમતા ----------ની છે.(100, 250, 350)

5. ગુજરાત સરકારે જિલ્લાની -------------નજીક ભારતનો પ્રથમ ઉડ્ડયન ઉધાન સ્થાપવાનો નિર્ણય કર્યો છે. (રાજકોટ, સુરત, અમદાવાદ)
6. રેલવે લાઇનના સંદર્ભમાં ગુજરાત -----------કિ.મી. રેલવે લાઈન સાથે ભારતમાં ---------ક્રમે છે. ( 5224, 7000, 3600, પ્રથમ, પાંચમા, ચોથા)
7. આઝાદી પછીના સમયમાં ગુજરાતમાં રેલવે લાઇનોની લંબાઈમાં --------- થયો છે. (વધારો, ઘટાડો)
8. મુંબઇ અમદાવાદ વચ્ચે દોડનારી બુલેટ ટ્રેન ------------કિ.મી. પ્રતિ કલાકની ઝડપે દોડાવાશે. (320, 330,350)
9. ગુજરાત સરકારના --------વિભાગ દ્વારા રાજ્યના ધોરીમાર્ગના બાંધકામની કામગીરી બજાવવામાં આવે છે. માર્ગ અને મકાન વિભાગ, રાષ્ટ્રીય ગ્રામ વિકાસ એજન્સી)
10. ગુજરાતના કુલ ------------ગામડાઓ પાકા રસ્તાથી જોડાયેલા છે. (95% થી વધુ, 90% થી વધુ, 75% થી વધુ)

(ઘ) નીચેના વિધાનો ખરાં છે કે ખોટાં તે જણાવો.

1. GUJSAIL એ ખાનગીક્ષેત્રની કંપની છે.
2. ગુજરાત મેરીટાઇમ બોર્ડની સ્થાપના 1982માં થઇ હતી.
3. ભૂતકાળમાં ગુજરાતમાં દેશી રજવાડાઓમાં સ્વતંત્ર રેલવે લાઈનો હતી.

## 12.9 કેટલાક ઉપયોગી પુસ્તકો/વેબસાઈટ :


- સામાજિક-આર્થિક સમીક્ષા 2019-20 અર્થશાસ્ત્ર અને આંકડાશાસ્ત્ર નિયામકની કચેરી, ગુજરાત સરકાર, ગાંધીનગર.
- કે.એમ.પરમાર, 2007 ગુજરાતનું આર્થિક ચિત્ર, વિકાસ પ્રકાશન
- ડી.કે. દવે –2015, ગુજરાતનું અર્થતંત્ર, રવિ પ્રકાશન
- http://wr.indianrailways.gov.in
- http://gmbparts.org
- www.deendayalport.gov.in
- www.gmbports.org
- http://pnt.gujarat.gov.in/pnt/defoult.aspx
- Gujsail.Gujarat.gov.in


- **તમારી પ્રગતિ ચકાસોના જવાબો.**

★ખાલી જગ્યાના જવાબો.

1. GUJSAIL, 2. જામનગર, 3. મહેસાણા, 4. 250, 5. રાજકોટ
6. 5224 અને ચોથા, 7. ઘટાડો, 8. 350, 9. માર્ગ અને મકાન વિભાગ
10. 95% થી વધુ

★ખરાં છે કે ખોટાંના જવાબો.

1. ખોટું 2. ખરું 3. ખરું

એકમ 13

# સંદેશાવ્યવહાર અને બેંકિંગ

## રૂપરેખા


13.0 ઉદ્દેશો

13.1 પ્રસ્તાવના

13.2 ગુજરાતમાં સંદેશાવ્યવહાર

13.3 ગુજરાતમાં બેંકિંગ

13.4 સારાંશ

13.5 ચાવીરૂપ શબ્દો

13.6 તમારી પ્રગતિ ચકાસો

13.7 કેટલાક ઉપયોગી પુસ્તકો/વેબસાઈટ

- તમારી પ્રગતિ ચકાસોના જવાબો


## 13.0 ઉદ્દેશો :

આ એકમનો અભ્યાસ કર્યા પછી તમે જાણી શકશો કે......

1. ગુજરાતમાં સંદેશાવ્યવહાર અને બેંકિંગની સુવિધાઓ કેટલી ઝડપથી વિકાસ પામી છે.
2. સંદેશાવ્યવહાર અને બેંકિંગનો આર્થિક વિકાસમાં ફાળો જાણી શકશો.
3. બેંકિંગ માળખાનું વર્ણન કરી શકશો.
4. સંદેશાવ્યવહાર અને બેંકિંગક્ષેત્રે આવેલ આધુનિક સુવિધાઓની ઓળખ મેળવી શકશો.

## 13.1 પ્રસ્તાવના :

કોઈ પણ દેશના આર્થિક વિકાસમાં બેંકિંગ અને સંદેશાવ્યવહાર મહત્ત્વની ભૂમિકા ભજવે છે. 21મી સદીના શરૂઆતના વર્ષોમાં બેંકિંગ અને સંદેશાવ્યવહાર ક્ષેત્રે જે નોંધપાત્ર પરિવર્તન થયા છે. તેનાથી ચોક્કસ પણે અર્થતંત્રને વેગ મળ્યો છે. આ સંદર્ભે વર્તમાન સુવિધાઓને ભૂતકાળ સાથે સરખાવીએ તો ખ્યાલ આવે છે કે ભૂતકાળમાં સમય, શ્રમ (માનવ કલાકો) નો કેટલો બગાડ થતો હતો. અહીં આ સેવાઓ સંદર્ભે સામાન્ય જનતાની સાથે બેંકિંગ અને સંદેશાવ્યવહારની સેવા પૂરી પાડનાર સંસ્થાઓ પણ ઘણી સગવડ ભોગવતી હતી. પરંતુ આ બંને ક્ષેત્રોમાં જે ટેકનોલોજિકલ ક્રાંતિ આવી છે તેને કારણે વિકાસ ઝડપી બન્યો છે. સાથો સાથ સમય અને શ્રમની બચત પણ થાય છે. તો બીજી બાજુ વ્યક્તિ અને સંસ્થા પર કામનું ભારણ ઘટયુ છે.

સંદેશાવ્યવહાર અને બેંકિંગ એકબીજા સાથે સંકળાયેલા છે કે બંનેને જુદા પાડવા મુશ્કેલ છે. એમાં પણ નેટ બેંકિંગ દ્વારા નાણાંકીય લેવડ દેવડ જેવી સુવિધાઓમાં તાત્કાલિક OTP મેળવો, રૂપિયા જમા થયાનો કે કપાત થયાનો મેસેજ મેળવો, અથવા ઇ-મેલ મળવો વગેરે દર્શાવે છે કે બેંકિંગ ક્ષેત્રે ગ્રાહકની સુરક્ષા માટે સંદેશાવ્યવહાર કેટલું ઉપયોગી સાધન છે. આ દૃષ્ટિએ ગુજરાતમાં સંદેશા વ્યવહાર અને બેંકિંગની સ્થિતિ કેવી છે તે જાણવું પણ જરૂરી છે.

## 13.2 ગુજરાતમાં સંદેશાવ્યવહાર :

સારી સંદેશાવ્યવહાર ટેકનોલોજી શિક્ષણ, આરોગ્ય સેવા વગેરેને ઓછાં સમયમાં વિશાળ વર્ગને પ્રાપ્ત કરાવવામાં મદદરૂપ બને છે. એ જ રીતે અસરકારક વહીવટ, વેપાર વાણિજ્યના ઝડપી વિસ્તાર, બેંકિંગ સેવાના વિસ્તાર, પર્યાવરણ જાળવણી, રોજગાર વૃદ્ધિ વગેરેમાં પણ તે મદદરૂપ થાય છે. અર્થાત, સામાજિક- આર્થિક વિકાસમાં સંદેશા વ્યવહારની ભૂમિકા મોટી છે. વળી, વર્તમાન સમયમાં ગણી આર્થિકનીતિના ભાગરૂપ થયેલા આર્થિક સુધારોઓને લીધે સંદેશા વ્યવહારના માળખાનો વિસ્તાર થવા સાથે ગુણવત્તા પણ વિસ્તરી છે. આ સંદર્ભમાં ગુજરાતમાં સંદેશાવ્યવહાર સંદર્ભિત સ્થિતિને આપણે ટેલિકોમ નેટવર્ક,ઈન્ટરનેટ સુવિધા, પોસ્ટલ સુવિધા, કુરિયર સેવા તથા ઈલેકટ્રોનિક મિડિયાની સેવાને ધ્યામાં રાખી જાણી શકીએ.

### 13.2.1 ટેલિકોમ નેટવર્ક :

ગુજરાતમાં ટેલિકોમ્યુનિકેશન નેટવર્ક, છેલ્લા કેટલાક વર્ષોથી વિસ્તરતું રહ્યું છે. રાજ્યમાં ટેલિકોમ જોડાણ વર્ષ 1980-81માં 198889 હતો જે ઓકટોમ્બર 2019 સુધી (મોબાઈલ અને લેન્ડ લાઇન) મળીને 7.05 કરોડ થયા હતા. જેમાં 0.12 લેન્ડ લાઈન જોડાણ હતા તથા 6.93 કરોડ મોબાઈલ ય્જીસ્ જોડાણ હતા. અર્થાત છેલ્લા 40 વર્ષોમાં ટેલિકોમ ક્ષેત્રે સીમા ચિહ્નરૂપ પ્રગતિ થઈ છે. આ સંદર્ભે જોઈએ તો ગુજરાતમાં દર 100 ની વસ્તીએ 107 ફોન (માર્ચ 2019) માં હતાં. જેમાં શહેર કક્ષાએ દર 100 ની વસ્તીએ 155 અને ગ્રામ્ય કક્ષાએ 71 ફોન હતા. બીજા અર્થમાં કુલ ફોન જોડાણો પૈકી 38.81% ગ્રામીણ અને 61.19 શહેરી જોડાણો હતા.

સંદેશાવ્યવહાર ક્ષેત્રે ખાનગી કંપનીઓના પ્રવેશને મંજૂરી બાદ દેશની જેમ ગુજરાતમાં પણ ટેલિકોમ ક્ષેત્રનો ઝડપથી વિસ્તાર થયો છે. અહીં ગુજરાતમાં ટેલિકોમ ક્ષેત્રે અગ્રગણ્ય કંપનીઓમાં વોડોફોન-આઇડિયા, રિલાયન્સ જીયો, ભારતી એરટેલ અને BSNL મુખ્ય છુે

ગુજરાતમાં ફોન જોડાણોના વિસ્તાર સાથે ગુણવત્તા યુક્ત સેવા સંદર્ભિ જરૂરી મોબાઈલ ટાવર (BTS) નું માળખું પણ આ ક્ષેત્રે સેવા આપતી વિવિધ કંપનીઓ (TSPSF) દ્વારા ઊભું કરાયું છે. જે અંતર્ગત નવેમ્બર – 2019 સુધી રાજયમાં 34627 મોબાઈલ ટાવર હતા. જેના ભાગરૂપે 2GLkk 29199 3GLkk 17920 અને 4Gના 87733 બેઝ ટ્રાન્સફર રિસિવર સ્ટેશન હતા.

કોઠા નં-1

ટેલિકોમ જોડાણ સંદર્ભિત સ્થિતિ

| લેન્ડ લાઈન | કરોડમાં |
|---|---|
| મોબાઈલ જોડાણ | |
| વોડાફોન આઈડિયા | 2.96 |
| ભારતીય એરટેલ | 1.1 |
| BSNL | 0.61 |
| રિલાયન્સ જિયો | 2.26 |
| અન્ય | 0.00006 |
| કુલ | 6.93006 |
| કુલ | 7.05006 |

સ્રોત :Process from TRAI Data

વળી, ગામડામાં સેવાનું સ્તર સુધરે એ માટે હજુ ૭૦ નવા ટાવર દાહોદ, નર્મદા, બનાસકાંઠા અને કચ્છમાં સ્થાપવાનું આયોજન છે.

વિશેષમાં રાજ્યમાં નવેમ્બર 2019 સુધીમાં PCO(પબ્લિક કોલ ઓફિસ) ની સંખ્યા 9543 અને VPTS (વિલેજ પબ્લિક ટેલિફોન) ની સંખ્યા 5278 હતી. જોકે અહીં નોંધવું જોઈએ કે મોબાઈલ આધારિત સંચાર વ્યવસ્થાના વિસ્તાર સાથે રાજ્યમાં PCO, VPTS અને લેન્ડલાઈન જોડાણોનું પ્રમાણ ઘટતું જાય છે.

### 13.2.2 ઈન્ટરનેટ સુવિધા :

ઈન્ટરનેટ એ વર્તમાનમાં સામાજિક, આર્થિક, રાજકીય, સાંસ્કૃતિક એમ અનેકવિધ બાબતો સંદર્ભે માહિતી આદાન પ્રદાનની સાથે સાથ તેનું પણ આર્થિક સામાજિક વિકાસમાં યોગદાન રહેલું છે. આ અનુસંધાનમાં ગુજરાતમાં ઈન્ટરનેટ સુવિધાઓ સંદર્ભિત સ્થિતિ જોઈએ તો વર્તમાનમાં રાજ્યમાંમ્જીદ્ગન્ અને અન્ય ખાનગી કંપનીઓ આ સેવાઓ ચોક્કસ શરતોને આધારે પ્રદાન કરી રહી છે. જે અંતર્ગત ઓકટોમ્બર 2019માં રાજ્યમાં 42.61 મિલિયન ઈન્ટરનેટ જોડાણ હતા. જે પૈકી 12.05 મિલિયન ગ્રામ્ય વિસ્તારમાં અને 30.56 મિલિયન શહેરી વિસ્તારમાં હતા. વળી, કુલ જોડાણો પૈકી 39.99 મિલિયન જોડાણો એ બ્રોડબેન્ડ આધારિત હતા. વિશેષમાં દર 100ની વસ્તીએ ઈન્ટરનેટ જોડાણનું પ્રમાણ 64.43 હતુ. આ પ્રમાણ ગ્રામ્ય અને શહેરી કક્ષાએ અનુક્રમે 31.97 અને 107.44 હતું. જે ભારતની સરેરાશ કરતા ઊંચું છે.

વિશેષમાં GPS ( અંતર્ગત ગુજરાતના 33જિલ્લાના 10પબ્લોક પ્રથમ તબક્કામાં અને 205 બ્લોક બીજા તબક્કામાં મે 2019 સુધી આવરી લેવાયા છે. એજ પ્રમાણે નજીકના ભવિષ્યમાં પપ્નેટવર્ક થકી ઈન્ટરનેટ સુવિધા આપવાનું આયોજન છે.

### 13.2.3 ઈલેકટ્રોનિક મિડિયા અને રેડિયો સ્ટેશનઃ

સંદેશા વ્યવહાર સુવિધા સંદર્ભે ઈલેકટ્રોનિક મિડિયા અને રેડિયો સ્ટેશનોનું પણ આગવું સ્થાન છે. આ સંદર્ભે ગુજરાતની ચર્ચા કરીએ તો રાજ્યમાં 61 જુદા જુદા પ્રકારના સરકારી અને ખાનગી રેડિયો સ્ટેશનો છે જે પૈકી 16FM રેડિયો સ્ટેશન છે,

જયારે ઈલેકટ્રોનિક મિડિયાના સંદર્ભે દૂરદર્શન ઉપરાંત દેશ લેવલે ઉપલબ્ધ 910 ચેનલો ખાનગી ચેનલો પૈકી મોટાભાગની ચોક્કસ શરતો સાથે ગ્રાહકોને ઉપલબ્ધ છે.

## 13.2.4 પોસ્ટલસેવા :

પોસ્ટર સેવા એ સંદેશા વ્યવહારની પ્રાચીન પદ્ધિઓ પૈકીની એક છે. અહીં ભારત એ પોસ્ટલ સેવાના વ્યાપ સંદર્ભે વિશ્વમાં પ્રથમ સ્થાન ધરાવે છે ત્યારે ગુજરાતમાં પોસ્ટલ સેવાની માળખાકીય સ્થિતિ જાણવી એ પણ જરૂરી બને છે. આ સંદર્ભે કોઠા નં 2 જોતાં જણાય છે કે ગુજરાતમાં પોસ્ટ ઓફિસની સંખ્યા વર્ષ : 1980-81માં 8415 હતી.

કોઠા નં. ૨

ગુજરાતમાં પોસ્ટ ઓફિસની સંખ્યા સંદર્ભિત સ્થિતિ (નવેમ્બર- 2019)

| વર્ષ | પોસ્ટ ઓફિસની સંખ્યા |
|---|---|
| 1980-81 | 8415 |
| 1990-91 | 8707 |
| 2000-01 | 9046 |
| 2018-19 | 8903 |
| 30 November, 2019 | 8880 |

સ્રોત :1 સામાજિક આર્થિક સમીક્ષા : 2019-20 અર્થશાસ્ત્ર અને આંકડાશાસ્ત્ર વિભાગ

2 Annual Report : 2018-19, Department of post, India

તે પ્રમાણે 2000-01 માં 9046, 2018-19માં 8903 અને 30, નવેમ્બર 2019ના રોજ 8880 જેટલું હતું. તદઉપરાંત રાજ્યમાં શહેરી કક્ષાએ 4381 અને ગ્રામ્યકક્ષાએ 19764 એમ કુલ 24145 લેટરબોક્સ છે. તેમજ 4592 જેટલા પોસ્ટ બોક્સની સર્વિસ ભાડા ઉપર લોકોને અપાયેલી છે.

ગુજરાતના પોસ્ટલ આંતરમાળખાની વિશેષ ચર્ચા કરીએ તો તેમાં 26 પોસ્ટર ડિવિઝન અને 3 રેલ્વે સર્વિસ ડિવિઝન છે. આ ઉપરાંત 3 પોસ્ટલ ડેપો તથા રેલ્વે પોસ્ટલ સેવા સંદર્ભે 19 સોર્ટીંગ અને 19 રેકોડિંગ ઓફિસ પણ છે. આ ઉપરાંત 9 રાત્રી પોસ્ટ ઓફિસ પણ છે.

ઉપરોક્ત ચર્ચાના સંદર્ભમાં એ પણ નોંધવું જોઈએ કે રાજ્યમાં છેલ્લા 40 વર્ષમાં પોસ્ટ ઓફિસોના પ્રમાણમાં નજીવો વધારો થયો છે અને એમાંય છેલ્લા કેટલાક વર્ષોમાં તો પોસ્ટઓફિસોનું પ્રમાણ ઘટયું છે, જેનું એક કારણ ઈન્ટરનેટ સેવાઓના વધેલા વ્યાપથી પોસ્ટલ સેવાઓનું ઘટતું મહત્ત્વ પણ છે. આમ છતાં ગુજરાતમાં અને એમાંય વિશેષ કરીને ગામડાઓમાં સંદેશાવ્યવહાર, બચત, વીમો વગેરે સુવિધાઓના સંદર્ભમાં પોસ્ટલ સેવાઓનું મહત્ત્વ આજે પણ છે.

## 13.2.5 કુરિયર સેવા :

ખાનગી કુરિયર સેવા એ પણ ગુજરાતના શહેરી વિસ્તારોમાં સંદેશાવ્યવહારનું એક માધ્યમ છે. જે અંતર્ગત અનેક ખાનગી કુરિયર કંપનીઓ (દા.ત DTDC, શ્રી તિરૂપતિ કુરિયર, સ્પીડમેન એક્સપ્રેસ વગેરે) પત્રો, ડોક્યુમેન્ટ વગેરેને એક સ્થળેથી બીજા સ્થળે પહોંચાડવાનું કાર્ય કરે છે.

### 13.2.6 સંદેશાવ્યવહારની સમસ્યા :

સંદેશાવ્યવહાર સંદર્ભે દેશને સ્પર્શતી સમસ્યાઓ ગુજરાતને પણ સ્પર્શે છે. જે નીચે પ્રમાણે દર્શાવી શકાય.

- ટેલિકોમ સેવા આપતી કંપનીઓ વચ્ચે હરીફાઈને લીધે ગ્રાહક દીઠ વળતર ઘટયું છે. તથા કેટલીક કંપનીઓ ખોટમાં જાય તેવી સંભાવના ઊભી થઈ છે.
- રાજ્ય હસ્તક્ષેપની કંપનીઓને ખાનગીક્ષેત્રની કંપનીઓ સામે હરીફાઈમાં ટકાવવી મુશ્કેલ બનતું જાય છે.
- કુશળ માનવ સંસાધનની અછત વર્તાય છે.
- કેટલાક ગ્રામીણ વિસ્તારોમાં ટેલિફોન સેવાના કવરેજની સમસ્યા છે.
- સંદેશા વ્યવહારના સાધનોનો દૂરપયોગ (જેમ કે પબજી જેવી રમતો, સમાજ વિરોધી સદેશાઓ વગેરે) ને નિયંત્રિત કરવામાં મુશ્કેલી પડી રહી છે. વળી, વિવિધ પ્રકારના સાયબર ગુનાઓનું પ્રમાણ વધતું જાય છે.
- મોબાઈલ ટાવરોની પર્યાવરણ પરની અસરો એ મુદ્દો પણ ચર્ચાસ્પદ છે.

### 13.2.7 ભાવિ વિકાસની તકો :

ભારતમાં કુત્રિમ ઉપગ્રહોએ સંદેશાવ્યવહાર ક્ષેત્રે ઘણી ક્રાંતિ કરી છે. ટેલિફોન પછી હવે સૌથી વધુ નવીન સેવાઓ ઈન્ટરનેટ માહિતી સંચાર છે, જેણે દુનિયાને એક નવી જ દિશા આપી છે. ઈ-કોમર્સ ઈ-બેંકિંગ વગેરે સંદેશાવ્યવહારની સેવાનું જ વિસ્તૃત રૂપ છે. ભારતમાં ઈસરો ધ્વારા 1982 થી લઈને આજ દિન સુધી સંદેશાવ્યવહાર ક્ષેત્રે ક્રાંતિ લાવવા ઘણા ઉપગ્રહો અવકાશમાં તરતા મુકાયા છે. જેમાં 2017 માં 3, 2008 માં 6, 2019માં એક (GSAT-31) અને 2020 17, જાન્યુઆરી, 2020 GSAT-30 છે જેનાથી આગામી દિવસોમાં સંદેશાવ્યવહાર ખાસ કરીને ઈન્ટરનેટ ક્ષેત્રે વધુ ઝડપી આવશે. આજે વિશ્વાના અમુક વિકસિત 5G અને 6G લેવલે પહોંચ્યા છે. ત્યારે હજુ આપણે 4G સુવિધાઓ જ મેળવીએ છીએ. ભારતમાં ઇસરો (ISRO) ધ્વારા સંદેશાવ્યવહાર માટે જે કામગીરી કરાઇ રહી છે. તેનાથી આપણે પણ વિકસિત દેશોના જેવી ઈન્ટરનેટ સ્પીડ ભવિષ્યમાં પ્રાપ્ત કરી શકીશું.

## 13.3 ગુજરાતમાં બેંકિંગ :

બેંકિંગ પ્રવૃત્તિએ અર્થતંત્રને ગતિશીલ રાખવામાં ખૂબ જ અગત્યની ભૂમિકા ભજવે છે. બેંકિંગ પ્રવૃત્તિના ભાગરૂપ કૃષિ ઉદ્યોગ અને વેપારને ધિરાણ મળી રહે તો ધંધા-ઉદ્યોગના વિકાસને વેગ મળે છે. એજ રીતે અર્થતંત્રમાં મૂડીરોકાણ માટે જરૂરી બચતોને એકત્રિત કરવાનું અને પ્રોત્સાહન આપવાનું કાર્ય પણ બેંકિંગના માધ્યમથી થાય છે. વિશેષ બેંકિંગ સિસ્ટમ થકી અર્થતંત્રમાં થતા આર્થિક સોદાઓની ચૂકવણી સરળ અને ઝડપી બનતાં આર્થિક પ્રવૃત્તિને વેગ મળે છે. આજ પ્રમાણે ગ્રાહકોને નિર્ધારિત સમયે નાણાં પુરાં પાડી તે તેમની સુવિધા પણ વધારે છે.

બેંકિંગક્ષેત્રના આંતરમાળખાની ચર્ચા કરીએ તો દેશમાં RBI ના વડપણ નીચે 1 એપ્રિલ 2020 ના રોજ જાહેરક્ષેત્રની 12, ખાનગીક્ષેત્રની 22, વિદેશી બેંકો 36, પ્રાદેશિક ગ્રામીણ બેંકો 45, શહેરી નાગરિક બેંકો 1544 તથા 363 જેટલી જિલ્લા મધ્યસ્થ સહકારી બેંકો કાર્યરત છે. વિશેષમાં પ્રાથમિક ધિરાણ મંડળીઓ અને પોસ્ટ ઓફિસો પણ બેંકિંગ સંદર્ભિત કેટલીક કામગીરી કરે છે. આ સંદર્ભમાં વિકાસની દષ્ટિએ

દેશના અગ્રગણ્ય રાજ્ય એવા ગુજરાતમાં બેંકિંગ અંગેની સ્થિતિ કેવી છે તેની જાણકારી પણ જરૂરી છે.

ગુજરાતમાં પણ દેશની જેમ આઝાદી પહેલાં શેઠ, શરાફો, શાહુકારો વગેરે થકી બેંકિંગ સંદર્ભિત પ્રવૃત્તિ થતી. જેમાં ગ્રાહકોનું ઊંચા વ્યાજ અને વટાવ સ્વરૂપે શોષણ થતું. જો કે આઝાદી બાદ સરકારે સંગઠિત ક્ષેત્રે બેંકિંગ પ્રવૃત્તિને વિકાસાવવા કરેલા પ્રયાસોને લીધે વેપારી બેંકો (વાણિજ્ય બેંકો) તથા સહકારી બેંકિંગ માળખાનું વિસ્તરણ થતાં ગ્રાહકોનું શોષણ ઘટયું છે. અહીં આ પરિપ્રેક્ષમાં ગુજરાતમાં બેંકિંગ સંદર્ભિત સ્થિતિની જાણકારી વેપારી બેંકોની શાખાઓ અને ધિરાણ બચત વિષયક સ્થિતિ, સહકારી બેંકિંગ ખેતીબેંક, ઇ-બેંકિંગ સંદર્ભિત સ્થિતિ અને બેંકિંગને લગતી સમસ્યાઓના આધારે મેળવી શકીએ.

### 13.3.1 ગુજરાતમાં વેપારી બેંકોની શાખાઓની સ્થિતિ અને ધિરાણ તથા વ્યાપાર વિષયકસ્થિતિ :

ગુજરાતમાં વેપારી બેંકોના આંતરમાળખા અને કામગીરીને કોઠા નં. 3 ના અનુંસંધાને જોઈએ તો જણાય છે કે 1970માં બધીજ વેપારી બેંકોની શાખાઓનું પ્રમાણ, થાપણ, ધિરાણ અને ધિરાણ-બચત અનુપાત અનુક્રમે 1008, 510 કરોડ, 302 કરોડ અને 59.62% હતો. જે પ્રમાણ 1990માં 3361, 11063 કરોડ

કોઠા નં. 3

ગુજરાતમાં વેપારી બેંકોની શાખા તથા તેમની થાપણો અને ધિરાણ સંદર્ભિત સ્થિતિ

| વર્ષ | શાખાઓની સ્થિતિ | થાપણો (કરોડોમાં) | ધિરાણ (કરોડોમાં) | ધિરાણ-થાપણ રેશિયો (%) |
|---|---|---|---|---|
| 1970 | 1008 | 510 | 302 | 59.62 |
| 1980 | 2318 | 2563 | 1490 | 58.13 |
| 1990 | 3361 | 11063 | 6257 | 56.56 |
| 2000 | 3667 | 49056 | 25090 | 51.15 |
| 2010-11 | 6433 | 272076 | 187803 | 69.03 |
| 2018-19 | 9797 | 697250 | 590664 | 84.71 |

સ્રોત : સામાજિક- આર્થિક સર્વે : 2018-19, અર્થશાસ્ત્ર અને આંકડાશાસ્ત્ર વિભાગ ગુજરાત રાજ્ય, ગાંધીનગર.

6257 કરોડ અને 56.56% થયું હતું. આ પ્રમાણ વર્ષ : 2018-19માં અનુક્રમે 9797, 697250કરોડ 590664 કરોડ અને 84.71% થયું હતું. અર્થાત, છેલ્લા 50વર્ષમાં બેંક શાખાઓના પ્રમાણ, થાપણો, ધિરાણના પ્રમાણ અને ધિરાણ- બચત રેશિયાના પ્રમાણમાં વધારો થયો છે. આમાં પણ વર્ષ 1990 પછી એટલે કે નવી આર્થિકનીતિ બાદ નોંધપાત્ર પ્રમાણમાં વધારો થયો છે. જે દર્શાવે છે કે બેંકોની શાખાઓનું માળખું વિસ્તરવા સાથે બેંકોની કામગીરી પણ સુધરી છે. વિશેષમાં બેંકોની વર્તમાનમાં જે શાખાઓ છે તે પૈકી 37% શાખાઓ ગ્રામ્ય વિસ્તારમાં, 24% અર્ધ શહેરી વિસ્તારોમાં, 16% શહેરી વિસ્તારોમાં અને 23% મહાનગરોમાં આવે છે. આજ પ્રમાણે વર્ષ 2018-19માં કુલ ધિરાણના 14% કુષિક્ષેત્રને, 21.5% ગૃહ નાના અને મધ્યમકક્ષાના ઉદ્યોગોન. તથા 7.6% સમાજના નબળા વર્ગોને અપાયું હતું. અર્થાત, અંદાજે 45% જેટલું ધિરાણ અગ્રિમક્ષેત્રોને અપાયું હતું. આ સાથે એ પણ નોંધવું જોઈએ કે રાજ્યમાં કિસાન ક્રેડિટકાર્ડની સંખ્યા 27.09 લાખ છે જેમાં વેપારી બેંકોનો હિસ્સો મોટો છે. આ ઉપરાંત રાજ્યમાં નાણાકીય જાગૃત્તિ અને ધિરાણ માર્ગદર્શન

સંદર્ભે મહાનગર કક્ષાએ 1, અર્ધ શહેરી વિસ્તારોમાં ૩૩ અને શહેરી વિસ્તારોમાં 15એમ કુલ 49કેન્દ્રો ઊભા કરાયા છે. વિશેષમાં વસ્તી આધારિત બેંક પ્રમાણની ચર્ચા કરીએ તો ગુજરાતમાં સરેરાશ 6170ની વસ્તીએ એક બેંક શાખા છે. જે દેશની સાપેક્ષ સારો રેશિયો છે અને બેંકિંગ આંતરમાળખાની દૃષ્ટિએ વિધાયક બાબત છે.

13.3.2 સહકારી બેંકિંગ :

સહકારી બેંકિંગ એ બેંકિંગ પ્રવૃત્તિનો જ એક ભાગ છે પણ સહકારી બેંકોએ સમાજના નાના વર્ગ સુધી અને અંતરિયાળ વિસ્તારો સુધી પહોંચી બચત અને ધિરાણ સંદર્ભે ખૂબ અગત્યની ભૂમિકા ભજવે છે. વળી, તેનું સંચાલન એક લેવલ સુધી સ્થાનિક કક્ષાએથી કે બ્લોક કક્ષાએથી થતું હોવાથી સ્થાનિક આર્થિક જરૂરિયાતોને આધારે ધિરાણ થતાં તે વધુ અસરકારક બને છે. અહીં ગુજરાતની આ સંદર્ભે ચર્ચા કરીએ તો સહકારી બેંકિંગના ક્ષેત્રો દેશના અગ્રગણ્ય ગણાતા રાજ્યોમાં ગુજરાતનો પણ સમાવેશ થાય છે. આ અનુસંધાને ગુજરાતની સહકારી બેંકિંગ અંગેની સ્થિતિને શહેરી નાગરિક બેંકો, રાજ્ય અને જિલ્લા મધ્યસ્થ સહકારી બેંકો તેમજ પ્રાથમિક સહકારી ધિરાણ મંડળીઓના આધારે સમજાવી શકાય.

- શહેરી નાગરિક બેંકો : શહેરી વિસ્તારોમાં સમાજના આર્થિક દૃષ્ટિએ નીચલા અને મધ્યમવર્ગને વિવિધ આર્થિક પ્રવૃત્તિઓ સંદર્ભે સરળતાથી ભંડોળ પૂરું પાડવામાં તથા તેમનામાં બચતવૃત્તિને કેળવવાનું કાર્ય નાગરિક બેંકો કરે છે. આ સંદર્ભે કોઠા નં. 4 ને જોતા જણાય છે કે વર્ષ 2018-19માં રાજ્યમાં 219નાગરીક બેંકોની કુલ 1182 શાખાઓ હતી. જે દેશની સાપેક્ષ અનુક્રમે 14% અને 10% હિસ્સો ધરાવે છે. આ બેંકો થકી કુલ 38710 કરોડ ધિરાણ કરાયેલું હતું. જે તેમની થાપણોના 66% જેટલું છે. આ બેંકો બેંકિંગ સુવિધા સંદર્ભે 369 જેટલા ATM પણ ધરાવે છે.

કોઠા નં 4

ગુજરાતમાં નાગરિક બેંકો સંદર્ભિત સ્થિતિ : 2018-19

| | |
|---|---|
| બેંક શાખા | 219 |
| શાખા સંખ્યા | 1182 |
| ડિપોઝિટ | 58010 |
| લોન | 38710 |
| લોન ડિપોઝિટ રેશિયો | 66% |

સ્રોત :Report on Trend and Progress of Banking in India : 2018-19, RBI, Mumbai

- રાજ્ય અને જિલ્લા સહકારી બેંકો :

રાજ્ય અને જિલ્લા સહકારી બેંકો એ ગ્રામીણ કક્ષાએ લોકોને ભંડોળ પૂરું પાડવામાં તેમજ બચતન. પ્રાત્સાહન આપવામાં મહત્ત્વની ભૂમિકા ભજવે છે. આ અનુસંધાને કોઠા નં 5 ને જોતા જણાય છે કે વર્ષ 2018-19 રાજ્યમાં સહકારી બેંકોની કુલ 1408 શાખાઓ આવેલી છે. જે પૈકી 63% શાખાઓ ગ્રામીણ વિસ્તારોમાં,19% અર્ધ શહેરી

કોઠા નં 5

ગુજરાતમાં રાજ્ય સહકારી બેંક અને જિલ્લા સહકારી બેંક સંદર્ભિત સ્થિતિ : 2018-19

| | |
|---|---|
| બેંક સંખ્યા | 1 + 18<br>(રાજ્ય સહકારી બેંક)<br>(જિલ્લા સહકારી બેંક) |
| કુલ શાખા સંખ્યા | 25 + 1383 = 1408 |
| ગ્રામીણ શાખા | 892 |
| અર્ધ શહેરી | 261 |
| યહેરી | 255 |
| રા.સ.બેંક N.P.A. | 2.2 (2018) |
| જિ.સ. બેંક N.P.A. | 5.6 (2018) |
| કિસાન ક્રેડિટ કાર્ડની સંખ્યા | 1005000 |

સ્રોત :Report on Trend and Progress of Banking in India : 2018-19, RBI, Mumbai

વિસ્તારોમાં અને 18 શહેરી વિસ્તારોમાં હતી. તેમની N.P.A. માર્ચ- 2018 માં અનુક્રમે 2.2 અને 5.6 હતી. વિશેષમાં તે 100500 કિસાન કાર્ડ ધરાવતી હતી.

- પ્રાથમિક ધિરાણની મંડળીઓ :

પ્રાથમિક ધિરાણ મંડળીઓ એ કૃષિ, ગ્રામ્ય અને નાના વર્ગની આર્થિક ઉન્નતિમાં વિવિધ પ્રકારે ધિરાણ આપી અગત્યની ભૂમિકા ભજવે છે. વળી, તે બચતો એકત્ર કરવાનું કાર્ય પણ કરે છે. આ સંદર્ભે કોઠા નં. 6 ને જોતા જણાય છે કે રાજ્યમાં વર્ષ 2018-19માં કુલ 9796 પ્રાથમિક કૃષિ ધિરાણ મંડળીઓ અને 6173 બિન કૃષિ ધિરાણ મંડળીઓ હતી. જેમાં કૃષિ ધિરાણ મંડળીઓ થકી થયેલ ધિરાણ માર્ચ- 2018 સુધીમાં 10.01631 લાખ હતું. જયારે તેમની વર્કિંગ કેપીટલ 13.67886 લાખ અને ડિપોઝીટ 78723 લાખ હતી. અહીં પ્રાથમિક કૃષિ ધિરાણ મંડળીઓ થકી અપાયેલ ધિરાણ પૈકી 95% થી વધુ ધિરાણ કૃષિક્ષેત્રને અપાયું હતું. જો કે અહીં એ પણ નોંધવું જોઈએ કે પ્રા.કૃ.ધિરાણ મંડળીઓ પૈકી 1900 મંડળી ખોટ પણ કરતી હતી.

કોઠા નં. : 6

ગુજરાતમાં પ્રાથમિક ધિરાણ મંડળીઓ સંદર્ભિત સ્તિથિ : 2018-19

| | |
|---|---|
| કુલ પ્રાથમિક કૃષિ ધિરાણ મંડળીઓ | 9796 |
| કુલ પ્રાથમિક બિન કૃષિ ધિરાણ મંડળીઓ | 6173 |
| કૃષિ પ્રાથમિક ધિરાણ મંડળીઓ દ્વારા થયેલ ધિરાણ | 1001631 લાખ (માર્ચ 2018) |
| કૃષિ પ્રાથમિક ધિરાણ મંડળીઓની ડિપોઝીટ | 1367886 લાખ (માર્ચ- 2018) |
| કૃષિ પ્રાથમિક ધિરાણ મંડળીઓની ડિપોઝીટ | 78723 લાખ (માર્ચ- 2018) |

Source : Report on Trend and progress of Banking in India : 2018-19, RBI

13.3.3 ખેતી બેંક :

ગુજરાત રાજ્ય સરકારની કૃષિ અને ગ્રામીણ વિકાસ બેંક કે જે ખેતી બેંકના નામથી જાણીતી છે. આ બેંક રાજ્યના ખેડૂતોને મધ્યમ અને લાંબાગાળાનું ખેતી વિષયક

ધિરાણ કરતી સહકારી સંસ્થા છે. બેંકની સ્થાપના 1951 માં ''સૌરાષ્ટ્ર સ્ટેટ લેન્ડ મોર્ગેજ બેંક તરીકે થઈ હતી. ગુજરાતના અલગ રાજ્ય તરીકે વિભાજન થયા બાદ 1962 માં ગુજરાત સ્ટેટ કો. ઓપરેટીવ એન્ડ મોર્ગેજ બેંક લી. તરીકે બેંકે તેની કામગીરી શરૂ કરેલી હતી. આ બેંક 1965થી ગુજરાત સ્ટેટ કો. ઓપરેટીવ એગ્રીકલચર એન્ડ રૂરલ ડેવલોપમેન્ટ બેંક લી.'' ના નામથી કાર્યરત છે. આ બેંક તેની 176શાખા થકી રાજ્યમાં સિંચાઈ, પશુપાલન, ખેતીવિકાસ, ગ્રીન હાઉસ, ગ્રામ્ય મકાન બાંધકામ વગેરે હેતુ માટે ધિરાણ કરે છે. જોકે બેંકની મુખ્ય કામગીરી રાજ્યના ખેડૂતોને ખેત વિષયક ધિરાણ કરવાની છે. 2018-19ના અંત સુધીમાં બેંકના આશરે 6 લાખથી વધુ સભાસદો હતા અને 45.63 કરોડ શેરભંડોળ હતું. માર્ચ 2019ના અંત સુધીમાં બેંક દ્વારા રૂા. 4137 કરોડથી પણ વધુનું ધિરાણ કરવામાં આવ્યું છે. બેંક દ્વારા રાજ્યના ખેડૂતોને કરેલ ધિરાણ સમયસર વસૂલ કરી શકાય તે માટે વિવિધ પ્રયત્નો હાથ ધરવામાં આવે છે. જે અંતર્ગત કુદરતી કારણો સર ખેડૂતો બેંકના હપ્તા ભરવામાં નિષ્ફળ જાય તો બેંક ધ્વારા ખેડૂતોના હિતમાં વન ટાઈમ સેટલમેન્ટ યોજના જેવી યોજનાઓ અમલમાં મૂકી ખેડૂતોને વ્યાજમાં રાહત આપી ખાતુ ચૂકતે કરવાની તક અપાય છે. અહીં ખેતીબેંક ધિરાણ અને વસુલાતની કામગીરી સાથે જાહેર જનતા પાસેથી ફિકસ ડીપોઝીટ પણ સ્વીકારે છે. બેંકમાં થાપણ મુકનારની થાપણ પાકે ત્યારે ટી.ડી.એસ કાપ્યા વગર અન્ય બેંકોની તુલનામાં વધુ વ્યાજ ચુકવવામાં આવે છે. આર. બી. આઈની ગાઈડ લાઈન મુજબ આ બેંક થાપણો સ્વીકારતી હોવાથી થાપણદારો થાપણો આ બેંકમાં સંપૂર્ણપણે સુરક્ષિત છે. વર્તમાંનમાં બેંકનો લોન રિકવરી રેશિયો 32.65% છે. જે તેની નબળી કામગીરી દર્શાવે છે. જો કે તેને સશક્ત કરવાના પ્રયાસો ચાલુ છે.

### 13.3.4 ઇ-બેંકિંગઃ

વર્તમાનમાં ગુજરાતની તમામ વાણિજ્ય બેંકો નાગરિક બેંકો, જિલ્લા મધ્યસ્થ બેંકો, સહકારી અને ખાનગી બેંકોએ ઇ-બેંકિંગ અપનાવયું છે. પરિણામે બેંકના કાર્યોમાં આમૂલ પરિવર્તનો આવ્યા છે. જેને લીધે બેંકો દ્વારા આપવામાં આવતી સેવાઓ ઓછા ખર્ચે અને સમયે પ્રાપ્ત થઈ શકી છે. વર્તમાનમાં ઇ-બેંકિંગનો દિવસે ને દિવસે ઝડપી વિકાસ થઈ રહ્યો છે. બેંકો ઇ-બેંકિંગ ધ્વારા ગ્રાહકો કોઈ પણ પ્રકારના આર્થિક વયવહાર ઘરે બેઠા કરી શકાય તેવી વ્યવસ્થા કરી છે. બેંકોએ ડેબિટકાર્ડ, ક્રેડિટકાર્ડ, મોબાઇલ બેંકિંગ, ઈન્ટરનેટ બેંકિંગ, ઈલેકટ્રોનિક ફંડ ટ્રાન્સફર જેવી સેવાઓ પૂરી પાડી છે. આજે ગ્રાહકો વિવિધ મોબાઈલ એપ્લિકેશનનો ઉપયોગ કરીને બેંક વ્યવહારો કરી રહ્યા છે. વળી, ખરીદી કરવી, બિલ ભરવા, ટિકિટ બુક કરાવવી વગેરે જેવા કાર્યો ઇ-બેંકિંગ થકી શક્ય બન્યા છે.

ગુજરાતમાં આ સુવિધાનો ઉપયોગ શહેરી અને ગામડાના લોકો પણ કરે છે. આમ છતાં હજુ પણ મોટા પ્રમાણમાં લોકો આ વિશે ઓછા માહિતગાર છે. વળી, ઓન-લાઈન ફ્રોડ (છેતરપીંડી) થવાની શક્યાતાઓ હોવાના કારણે કેટલાક લોકો આ સેવાનો લાભ લેતા ડરે છે. અહીં નોંધવું જોઈએ કે બેંક દ્વારૌં જેવી ઉચ્ચકક્ષાની સુરક્ષા આપતી હોવા છતાં ગ્રાહકોની અજ્ઞાનતાના કારણે ઘણા ગ્રાહકો આ પ્રકારની છેતરપીંડીનો ભોગ બને છે.

### 13.3. 5 ગુજરાતમાં બેંકિંગક્ષેત્રની સમસ્યાઓ :

બેંકોની અસાધારણ પ્રગતિ અને વિકાસની સાથે સાથે વિવિધ સમસ્યાઓ પણ ઉદ્દભવ પામી છે. જે અંતર્ગત જોઈએ તો….

i. બિન કાર્યક્ષમ અસ્કયામતો :

રાજ્યમાં જાહેર ક્ષેત્રની તેમજ સહકારીક્ષેત્રની બેંકોમાં N.P.A. નું ઊંચું પ્રમાણ એ તેમની કાર્યક્ષમતા અને ટકાઉપણા સામે પ્રશ્ન ઊભો કરી રહ્યું છે. આ સંદર્ભે જોઈએ તો ગુજરાતમાં 2017-18માં શહેરી સહકારી બેંકોનું N.P.A. 7.1%, રાજ્ય સરકારની બેંકોનું 2.2% જિ.સ.બેંકોનુ 5.6, ખેતી બેંકનું 55% અને વાણિજય બેંકોનું 9% જેટલું હતું.

ii. બિન બેંકિંગ નાણાંકીય સંસ્થાઓ સાથે હરિફાઈ :

રાજ્યની જાહેર ક્ષેત્રની બેંકો બિન નાણાંકીય મધ્યસ્થીઓ જેવા કે મ્યુચ્યુઅલ ફંડો, હાઉસીંગ ફાઈનાન્સ કોર્પોરેશનો, લીઝીંગ અને ઈન્વેસ્ટમેન્ટ કંપનીઓ તરફથી ભારે પડકારોનો સામનો કરી રહી છે. આ બધી બિન નાણાંકીય સંસ્થાઓ થાપણો આકર્ષવા માટે જાહેરક્ષેત્રની બેંકો સાથે તીવ્ર સ્પર્ધા કરે છે. અહીં જાહેરક્ષેત્રની બેંકોની તુલનામાં આ સંસ્થાઓ ઊંચું વ્યાજ ચૂકવે છે તથા પ્રજાને પોતાની તરફ આકર્ષવા માટે લોભામણી કે આકર્ષક જાહેરાતો કરે છે. વળી,જાહેરક્ષેત્રની બેંકો ધ્વારા મર્યાદિત ક્ષેત્રોમાં અપાતી લોનની તુલનામાં વિવિધ ક્ષેત્રે ધિરાણ કરે છે. જેથી જાહેરક્ષેત્રની બેંકોના કામ પર વિપરીત અસર પડે છે.

iii. સરકારો દ્વારા રાજકીય હેતુસર બેંકિંગ કામગીરીમાં કરાતો હસ્તક્ષેપ :

રાષ્ટ્રીયકૃત બેંકોની કામગીરીમાં કેન્દ્ર અને રાજ્ય સરકારો રાજકિય હેતુસર અવરોધ ઉત્પન્ન કરે છે. તેથી બેંકોને લોન પરત કરવાની ક્ષમતાને ધ્યાનમાં લીધા વગર ધિરાણ કરવું પડતું હોય છે. જે બેંકોની બિનકાર્યક્ષમતા વધવા માટેનું કારણ બને છે. આજ રીતે સહકારી ક્ષેત્રે સહકારી આગેવાનોના વ્યક્તિગત સ્વાર્થ તથા સ્થાનિક ધોરણે પક્ષાપક્ષીથી કેટલીક સહકારી બેંકોની વહીવટી કથળી છે. ગુજરાતમાં આ સંદર્ભે કેટલીક કેટલીક સહકારી બેંકો બંધ પણ કરવી પડી છે. વળી કેન્દ્ર અને રાજ્ય સરકારો દ્વારા કરાતી દેવા માફીની યોજનાઓ પણ લાંબાગાળે ખોટા સંકેત આપી બેંકોની કાર્યક્ષમતા બગાડે છે.

iv. નેટબેંકિંગ અને ટેકનોલોજીના ઉપયોગ સંબંધિત સમસ્યાઓ :

ગ્રાહકોની કે પછી બેંક કર્મચારીઓની નેટબેંકિંગ સંબંધી અણ આવડત કે અજ્ઞાનતાને લીધે એક ખાતામાંથી બીજા ખાતામાં પૈસા જતાં રહેવા, ખતામાંથી પૈસા ઉપડી જવા જેવી સમસ્યાઓ સર્જાય છે. વળી, ઈન્ટરનેટનો દુરપયોગ કરી છેતરપીંડી દ્વારા જે તે ખાતા માંથી પૈસા ઉપાડી લેવા, છૂસ જેવી ઈનટરનેટ આધારિત સેવાઓ વારંવાર બંધ પડવી તથા સર્વર ડાઉન જેવી સમસ્યાઓ પણ સર્જાતી રહે છે.

v. ગ્રામીણ બેંક શાખાઓની ઘટતી નફાકારકતા :

ભારતની મોટા ભાગની બેંકોની જેમ ગુજરાતની ગ્રામીણ બેંક શાખાઓની નફાકારકતા પણ ઘટી રહી છે. અહીં ગ્રામીણ શાખાઓ દ્વારા અપાતુ મોટા ભાગનું ધિરાણ કૃષિક્ષેત્રે રહ્યું છે કે જયાં ખેડૂતો ઘણીવાર નબળા વર્ષને કારણે લોનની રકમ પરત કરી શકતા નથી. જે બેંકો માટે ખોટનું કારણ બને છે. વળી, સરકારની જનધન યોજનાના કારણે ઘણાં લોકોએ બેંકમાં ખાતા ખોલાવ્યા છે. પરંતુ ખાતામાં કોઈ વ્યવહાર ન થવાથી પણ બેંકોએ આવા ખાતાનું વ્યવસ્થાપન ખર્ચ ,પણ ભોગવવું પડે છે.

ઉપરોકત સમસ્યાઓને જોતાં કહી શકાય કે રાજ્ય અને દેશની કક્ષાએ બેંકો દ્વારા આ અંગે યોગ્ય પગલાં ભરવામાં નહી આવે તો બેંકિંગક્ષેત્રે અતિ ગંભીર સ્થિતિ સર્જાઇ શકે છે.બેંક એ કોઇપણ રાષ્ટ્રના અર્થતંત્ર માટે કરોડરજ્જુ સમાન છે. આથી બેંકોની સમસ્યાઓ એ અર્થતંત્રના ઝડપી વિકાસને બાધક બને છે. આ સંદર્ભે નીચે મુજબના પગલાં હાથ ધરવામાં આવે તે ઈચ્છનીય છે.

1. ધિરાણ મૂલ્યાંકનની રૂપરેખા તૈયાર કરી તારણ કે કામગીરી સાથે ધિરાણ કરવું.
2. પૂરતાં દસ્તાવેજો રજૂ કરનારને જ ધિરાણ કરવા તથા ધિરાણ આપનારની જવાબદારી સુનિશ્ચિત કરવી.
3. ધિરાણ વસુલાત માટે યોગ્ય નીતિ ઘડી તેનો અસરકારક અમલ કરવો.
4. બિન બેંકિંગ નાણાંકીય સંસ્થાઓ તથા ખાનગી અને વિદેશી બેંકો સામે હરીફાઈમાં ટકી શકાય.
5. બેંકિંગ કામગીરીમાં રાજકીય હસ્તક્ષેપ અટકાવવા
6. ખોટ કરતાં ક્ષેત્રોની તુલનાઓ નફો કરતાં નાના એકમોને ધિરાણમાં પ્રાધાન્ય આપવું.
7. ગ્રામીણ બેંક શાખાઓની નફાકારકતા વધે તેવા પ્રયત્નો કરવા.
8. દેવા માફી યોજનાઓનું પુનઃ મૂલ્યાંકન કરવું.
9. ઈન્ટરનેટ બેંકિંગ સંદર્ભે વિશેષ જાગૃત્તિ કાર્યક્રમોનું આયોજન કરવું.

13.3.6 બેંકિંગક્ષેત્રે ભાવિ વિકાસની તકો :

આગામી દિવસોમાં બેંકો ગ્રાહકોની સુરક્ષા માટે વધુ સજાગ પ્રયત્નો કરી રહી છે. ખાસ કરીને ગ્રાહકો ધ્વારા જે ડેબીટ કાર્ડનો ઉપયોગ કરવામાં આવી રહ્યો છે તેમાં હવે બેંક હાઈ સિકયુરિટી ચિપવાળા છ્સ્ અથવા ડેબિટ કાર્ડ ગ્રાહકોને આપી રહી છે. જેથી કરીને ગ્રાહકો સાથે થતી છેતરપીંડી ઘટશે. વળી, બેંક અને સરકાર બંને દ્વારા કેશ લેસ ટ્રાન્ઝેકશન પર વધુ ભાર મુકવામાં આવી શકે છે. કારણ કે તેનાથી બેંકો પરનું ભારણ ઘટશે તથા કરચોરી અને કાળાનાણાં જેવા દૂષણો ડામી શકાય તેમ છે.

વર્તમાનમાં પણ બેંકો દ્વારા કિયોસ્ક મશીન, ગ્રીન ચેનલ, પાસબુક, પ્રિન્ટર મશીન, ઈન્ટરનેટ બેંકિંગ, મોબાઈલ બેંકિંગ વગેરે જેવી સુવિધાઓ તો આપવામાં આવે જ છે, પરંતુ આગામી દિવસોમાં બેંકો હજુ પણ વધારે સારી અને સુરક્ષિત કહી શકાય તેવી સુવિધાઓ ગ્રાહકોને આપવા વિચારી રહી છે.

## 13.4 સારાંશ :

ઝડપી અને આધુનિક વિકાસની દોડમાં ગુજરાતને પણ પાછળ રહેવું પરવડે તેમ નથી. આથી જ ગુજરાત માત્ર ભારતના અન્ય રાજ્ય જ નહી પરંતુ સમગ્ર વિશ્વની સાથે કદમથી કદમ મેળવવા પ્રયત્ન કરી રહ્યુ છે. આજે સમગ્ર ભારતમાં ગુજરાત વિવિધ ક્ષેત્રે અગ્ર સ્થાન ધરાવે છે. તેનું એક કારણ આંતરમાળખાનો વિકાસ છે. વર્તમાનમાં પણ રાજ્યમાં આંતર માળખાકીય ક્ષેત્રે ખાસ કરીને સંદેશાવ્યવહાર અને બેંકિંગમાં ટેકનોલોજીકલ સુધારાઓ કરી રહ્યું છે. રાજ્ય સરકાર ઉપરાંત ખાનગીક્ષેત્ર ધ્વારા કરવામાં આવેલ જંગી મૂડીરોકાણના પરિણામે આ ક્ષેત્રે પ્રગતિ શક્ય બની રહી છે. દૂરસંચારના એકમાત્ર જાહેર સાહસ મ્જીદ્ગ ની સાથે વોડાફોન, આઇડીયા, એરટેલ

અને રિલાયન્સ જીઓ જેવી ખાનગી કંપનીઓ મોબાઇલ ધારકોને સસ્તી અને ઝડપી સેવાઓ પ્રદાન કરી રહી છે. જેના પરિણામ સ્વરૂપ રાજ્યના મોટાભાગના યુવાધન ઈન્ટરનેટનો વપરાશ કરતું થયું છે. તાર-ટપાલ ક્ષેત્રે પણ પોસ્ટલ વિભાગની સાથો સાથ વિવિધ ખાનગી કુરિયર કંપનીઓ દ્વારા ઝડપી સેવાઓ ઉપલબ્ધ કરાવવામાં આવી રહી છે.

વિશેષમાં ગુજરાતમાં વધતાં જતાં બેંક ખાતાઓનું પ્રમાણ લોકોની બેંકિંગ ટેવોના વિકાસને દર્શાવે છે. અહીં વધતી જતી વસ્તીની સામે બેંકોની શાખાઓ પ્રમાણમાં વધારો ન થવા છતાં પણ બેંકો પરનુ કામનું ભારણ કંઇક અંશે ઘટ્યું છે, જેનું કારણ બેંકો દ્વારા ગ્રાહકોને આપવામાં આવતી તકનીકી સેવાઓ છે. ગ્રાહકોને અપાતી સુરક્ષિત સેવાઓના પરિણામે આજે મોબાઇલ બેંકિંગ, ઈન્ટરનેટ બેંકિંગ, ગ્રીન ચેનલ વગેરેનો વપરાશ કરનારો વર્ગ વધ્યો છે. અહીં રાષ્ટ્રીયકૃત બેંકો સહકારી બેંકો, ખાનગરી બેંકો અને અન્ય નાણાંકીય સંસ્થાઓ વચ્ચેની તંદુરસ્ત હરીફાઈના પરિણામે ગ્રાહકોને ઝડપી અને આધુનિક બેંક સેવાઓ પ્રાપ્ત થઇ રહી છે.

ટૂંકમાં, ગુજરાતમાં સંદેશાવ્યવહાર અને બેંકિંગક્ષેત્રે જે પ્રગતિ થઇ છે તે જોતા જણાય છે, કે રાજ્ય વિકાસની હોડમાં હરણફાળ ભરી રહ્યું છે.

## 13.5 ચાવીરૂપ શબ્દો :

- OTP :OTP નું પુરૂ નામ One Time Password છે. બેંક તરફથી આપવામાં આવતો કોડ કે જેનો એક જ વાર ઉપયોગ કરી શકાય છે. કોઈપણ બેંક પોતાના ગ્રાહકોને ઓનલાઇન બેંકિંગ વ્યવહાર સમયે SMS ધ્વારા OTP મોકલાવે છે. જેથી કરીને ગ્રાહકનું ખાતુ સુરક્ષિત રહી શકે.

- GSM : GSM એટલે Global System for Mobile કે જે યુરોપિયન ટેલીકોમ્યુનિકેશન સ્ટાન્ડર્સ ઇન્સિટટયુટ ધ્વારા વિકાસિત કરાયેલ ધોરણ છે. જે મોબાઇલ ફોન ઉપકરણો ધ્વારા ઉપયોગમાં લેવાતાં સેકન્ડ જનરેશનના ડિઝિટલ સેલ્યુલર નેટવર્ક માટેના પ્રોટોકોલને દર્શાવે છે.

- કિસાન ક્રેડિટ કાર્ડ : બેંકો ધ્વારા ખેડૂતો માટે કિસાન ક્રેડિટ કાર્ડની યોજના 1998 માં રજૂ કરવામાં આવી હતી. આ કાર્ડ દ્વારા ખેડૂતો પોતાના માટે જરૂરી બિયારણ, ખાતર, જંતુનાશક દવાઓ, વગેરેની સહેલાઈથી ખરીદી કરી શકે છે.

- ઈ-બેંકિંગ : ઇલેકટ્રોનિંગ બેંકિંગને ઇલેકટ્રોનિક ફંડ ટ્રાન્સફર (EFT) તરીકે પણ ઓળખવામાં આવે છે. જ્યાં ચેક અથવા રોકડને બદલે એક એકાઉન્ટ (ખાતા) માંથી સીધા જ બીજા એકાઉન્ટમાં ભંડોળ સ્થાનાંતરિત કરવા ઇલેકટ્રોનિક માધ્યમનો ઉપરયોગ કરવામાં આવે છે.

- વન ટાઇમ સેટલમેન્ટ યોજનાઃ એક સમયે સમાધાન તરીકે ઓળખાતી આ યોજના બેંક ધ્વારા બિનકાર્યક્રમ અસ્કયામતો પુનઃ પ્રાપ્ત કરવા માટે ચલાવવામાં આવે છે.આ યોજના અંતર્ગત જયારે કોઇ ડિફોલ્ટ (ધિરાણ પરત ન કરી શકનાર) સામે બેંક એક સમયે તમામ લેણાની પતાવટ કરવાની દરખાસ્ત કરે છે.ત્યારે જેમાં વ્યાજ વગેરેમાં રાહત આપી ચોક્કસ રકમ પરત લઇ ખાંતુ બંધ કરાવી શકાય છે.

- ગ્રીન ચેનલ સિસ્ટમ : બેંકમાં આવેલ ગ્રાહક પેઇનસ્લીપ, ઉપાડ ફોર્મ, ચેકબુક વગેરેનો ઉપયોગ કર્યા વિના લેવડ-દેવડ કરી શકે એવી વ્યવસ્થા એટલે બેંકિંગક્ષેત્રની ગ્રીન ચેનલ વ્યવસ્થા

- કિયોસ્ક મશીનઃ સ્વયંસંચાલિત મશીન છે કે જેના દ્વારા ગ્રાહક રોકડ નાણા મેળવવા, એક ખાતામાંથી બીજા ખાતામાં નાણાંની ટ્રાન્સફર એકાઉન્ટ સ્ટેટમેન્ટની પ્રિન્ટ મેળવવી, ચેકબુક રિકવેસ્ટ મુકવી, બિલ ભરવા વગેરે જેવા કાર્યો કરી શકે છે.તે ગ્રામીણ વિસ્તારોમાં વિશેષ ઉપયોગી બને છે.

## 13.6 તમારી પ્રગતિ ચકાસો

(ક) નીચેના પ્રશ્નનો સવિસ્તાર જવાબ આપો.

1. ગુજરાતમાંઆંતરમાળખાના વિકાસને વિગતે સમજાવો.
2. વેપારી બેંકનો અર્થ જણાવી ગુજરાતના સંદર્ભમાં ધિરાણ વિશે સમજૂતી આપો.
3. ગુજરાતમાં બેંકિંગક્ષેત્રની વિવિધ સમસ્યાઓ જણાવો.

(ખ) ટૂંકનોંધ લખો.

1. ગુજરાતમાં સંદેશા વ્યવહાર ક્ષેત્રે કેવી સમસ્યા સર્જાઇ શકે છે ? 50 શબ્દોમાં જણાવો.
2. ગુજરાતમાં ટેલિફોન નંટવર્ક વિશે નોંધ લખો.
3. ગુજરાતમાં ઈન્ટરનેટ સુવિધાઓ વિશે નોંધ લખો.
4. ઇ-બેંકિંગ શું છે ? 30 શબ્દોમાં સમજાવો.
5. ગુજરાતમાં સહકારી બેંકોના આંતરમાળખાનો પરિચય આપો.
6. ગુજરાતમાં વેપારી બેંકોના આંતરમાળખા અને કામગીરીનો પરિચય આપો.
7. નોંધ લખો ખેતી બેંક

(ગ) યોગ્ય શબ્દ સમૂહ વડે ખાલી જગ્યા પૂરો :

1. ગુજરાત સંચાર વ્યવસ્થાના ભાગરૂપ ----------નેટવર્ક સુધીની સેવા પ્રાપ્ત છે.
   ( 4G, 5G, 6G, 3G)
2. ટેલિકોમ ક્ષેત્રે ગુજરાતમાં -------કંપનીઓનું પ્રભત્વ છે.
   (જાહરેક્ષેત્ર, ખાનગીક્ષેત્ર)
3. ગુજરાતમાં દર 100 વ્યક્તિએ ટેલિફોનનું પ્રમાણ માર્ચ ૨૦૧૯માં ---- હતું.
   (155, 107, 72)
4. ગુજરાતમાં વાયરલેસ ટેલિફોન જોડાણનું પ્રમાણ ------ગયું છે.
   (વધતું, ઘટતું)
5. ભારતીય બેંકિંગક્ષેત્રમાં --------જાહેરક્ષેત્રની બેંકો છે.
   (21,12)
6. નીચેના માંથી ઇન્ટરનેટ બેંકિંગ સાથે સંકળાયેલ ખ્યાલ કયા છે ?
   (અ) OTP (બ) મોબાઇલ બેંકિંગ (ક) RTGS (ડ) ઉપરના બધા જ

જવાબ : 1 4G 2. ખાનગીક્ષેત્ર 3.107
4.વધતું 5. 21 6. ઉપરના બધા જ

(ઘ) નીચેના વિધાનો ખરા છે કે ખોટા તે જણાવો.

1. ગુજરાતમાં ટપાલ કચેરીઓનું પ્રમાણ વધી રહ્યું છે.
2. ગુજરાતમં ટેલિફોન જોડાણનું પ્રમાણ વધતુ ગયું છે.

જવાબ :1. ખરુ 2. ખરુ

## 13.7 કેટલાક ઉપયોગી પુસ્તકો/વેબસાઈટ :


1. સામાજિક આર્થિક સમીક્ષા 2018-19 અર્થશાસ્ત્ર અને આંકડાશાસ્ત્ર નિયામકશ્રીની કચેરી, ગાંધીનગર .
2. કે.એમ.પરમાર 2007 ગુજરાતનું આર્થિક ચિત્ર, વિકાસ પ્રકાશન,
3. ડી.કે. દવે : 2015 ગુજરાતનું અર્થતત્ર
4. Annual Report : 2018-19 Department of Telecommunication Ministory of Communication, G.O.I. New Delhi.
5. Annual Report : 2018-19 Department of Post India.
6. Report on Trend and progress of Banking in India, 2018-19, RBI
7. Handbook of Statistics on Indian States : 2018-19, R.B.I
8. www. Asiawaves.net
9. www. data.gov.in

BAOU
Education for all

## યુનિવર્સિટી ગીત

સ્વાધ્યાયઃ પરમં તપઃ
સ્વાધ્યાયઃ પરમં તપઃ
સ્વાધ્યાયઃ પરમં તપઃ

શિક્ષણ, સંસ્કૃતિ, સદ્ભાવ, દિવ્યબોધનું ધામ
ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી નામ;
સૌને સૌની પાંખ મળે, ને સૌને સૌનું આભ,
દશે દિશામાં સ્મિત વહે હો દશે દિશે શુભ-લાભ.

અભણ રહી અજ્ઞાનના શાને, અંધકારને પીવો ?
કહે બુદ્ધ આંબેડકર કહે, તું થા તારો દીવો;
શારદીય અજવાળા પહોંચ્યાં ગુર્જર ગામે ગામ
ધ્રુવ તારકની જેમ ઝળહળે એકલવ્યની શાન.

સરસ્વતીના મયૂર તમારે ફળિયે આવી ગહેકે
અંધકારને હડસેલીને ઉજાસના ફૂલ મહેંકે;
બંધન નહીં કો સ્થાન સમયના જવું ન ઘરથી દૂર
ઘર આવી મા હરે શારદા દૈન્ય તિમિરના પૂર.

સંસ્કારોની સુગંધ મહેંકે, મન મંદિરને ધામે
સુખની ટપાલ પહોંચે સૌને પોતાને સરનામે;
સમાજ કેરે દરિયે હાંકી શિક્ષણ કેરું વહાણ,
આવો કરીયે આપણ સૌ
ભવ્ય રાષ્ટ્ર નિર્માણ...
દિવ્ય રાષ્ટ્ર નિર્માણ...
ભવ્ય રાષ્ટ્ર નિર્માણ

○

DR. BABASAHEB AMBEDKAR OPEN UNIVERSITY
(Established by Government of Gujarat)
'Jyotirmay' Parisar, Opp. ShriBalaji Temple
Sarkhej-Gandhinagar Highway, Chharodi, Ahmedabad-382 481
Website : www.baou.edu.in

978-93-91468-43-9